RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 253 Dt. 4-1-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# લદ્દાખના વિસ્તાર પર દાવો કરતું ચીન

**ચીને તેના હોટન પ્રાંતમાં બે નવા કાઉન્ટીની જાહેરાત કરી છે જે લદ્દાખના ભાગ : આ ક્ષેત્ર પર ચીનના ગેરકાયદેસર કબજાને ક્યારેય સ્વીકારાશે નહીં**

નવીદિલ્હી, તા. ૩

ભારત અને ચીન વચ્ચેનો કઅઈ મુદ્દો ત્યારે જ ઉકેલાઈ રહ્યો હતો જ્યારે ચીનની સરકારે ફરી પોતાનો લોભી ચહેરો બતાવ્યો છે. ચીને લદ્દાખના કેટલાક વિસ્તારોને પોતાનો હોવાનો દાવો કર્યો છે. વિદેશ મંત્રાલયે આ અંગે ચીનને સખત ઠપકો આપ્યો છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે ચીને તેના હોટન પ્રાંતમાં બે નવા કાઉન્ટીની જાહેરાત કરી છે જે લદ્દાખના ભાગ છે. તેથી ભારતે ચીન સામે 'ગંભીર વિરોધ' નોંધાવ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે શુક્રવારે જણાવ્યું હતું કે, ''અમે ચીનના હોટન પ્રાંતમાં બે નવી કાઉન્ટીઓની સ્થાપના સાથે સંબંધિત જાહેરાત જોઈ છે. આ કહેવાતા અધિકારક્ષેત્રના ભાગો કાઉન્ટીઓ ભારતના કેન્દ્રશાસિત પ્રદેશનો ભાગ છે.'' લદ્દાખ રાજ્યમાં આવો.

જયસ્વાલે કહ્યું કે ભારતે લદ્દાખમાં ભારતીય ક્ષેત્ર પર ચીનના ગેરકાયદેસર કબજાને ક્યારેય સ્વીકાર્યો નથી.

રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, ''નવી કાઉન્ટીની રચના આ ક્ષેત્રમાં આપણા સાર્વભૌમત્વને લગતા ભારતના લાંબા ગાળાના અને સાતત્યપૂર્ણ વલણને અસર કરશે નહીં, ન તો તે ચીનના ગેરકાયદેસર અને બળજબરીપૂર્વકના કબજાને કાયદેસર બનાવશે.

ત્યારથી ચીનની બાજુએ ગંભીર વિરોધ નોંધાવવામાં આવ્યો છે.

અમે ત્યાં ભારતીય વિસ્તાર પર ગેરકાયદેસર ચીની કબજો ક્યારેય સ્વીકાર્યો નથી.

તેમણે કહ્યું, 'નવી કાઉન્ટીઓનું નિર્માણ ન તો આ વિસ્તાર પરના સાર્વભૌમત્વને લઈને ભારતની લાંબા ગાળાની અને સતત સ્થિતિને અસર કરશે અને ન તો તે ચીનના ગેરકાયદે અને બળજબરીપૂર્વકના કબજાને કાયદેસર બનાવશે.' જયસ્વાલે કહ્યું કે, 'અમે રાજદ્વારી માધ્યમો દ્વારા ચીનના પક્ષ સામે સખત વિરોધ નોંધાવ્યો છે.




## ચીન બનાવી રહ્યું છે દુનિયાનો સૌથી લાંબો ડેમ

ચીન તિબેટીયન વિસ્તારમાં વિશ્વનો સૌથી મોટો ડેમ બનાવી રહ્યું છે. આ ડેમ યાર્લુંગ ત્સાંગપો નદી પર બનાવવામાં આવશે. આ નદી પાછળથી બ્રહ્મપુત્રા બની અને બાંગ્લાદેશમાં તેને જુમના નદી કહેવામાં આવે છે. ભારત અને બાંગ્લાદેશના નિષ્ણાતોએ પણ આ ડેમ પ્રોજેક્ટને લઈને ઘણી ચિંતા વ્યક્ત કરી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું, ''મેં ૨૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ સિન્હુઆ દ્વારા યારલુંગ ત્સાંગપો નદી પરના હાઈડ્રોપાવર પ્રોજેક્ટ વિશે જાહેર કરેલી માહિતી જોઈ છે. ભારતમાં આ નદીનું પાણી નીચે વહી જાય છે અને અમે તેનો ઉપયોગ કરીએ છીએ, તેથી અમે સતત નદીઓ અને ડાઉનસ્ટ્રીમ પરના મેગા પ્રોજેક્ટ્સ પરના તાજેતરના અહેવાલને પગલે નિષ્ણાત-સ્તર તેમજ રાજદ્વારી માધ્યમો દ્વારા ચીનના પક્ષ સમક્ષ અમારા વિચારો અને ચિંતાઓ વ્યક્ત કરી હતી. બ્રહ્મપુત્રાના ડાઉનસ્ટ્રીમ રાજ્યોના હિતોને અપસ્ટ્રીમ વિસ્તારોમાં દેખરેખ રાખવા અને જરૂરી પગલાં લેવાનું ચાલુ રાખવામાં આવશે તેની ખાતરી કરવા માટે દેશો સાથે પરામર્શની જરૂરિયાતનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો છે.

## ભારત પર તેની શું અસર થશે?

ભારતે ડેમ અંગે ચિંતા વ્યક્ત કરી છે, કારણ કે તે માત્ર ચીનને નદીના પાણીના પ્રવાહને નિયંત્રિત કરવાનો અધિકાર આપે છે, પરંતુ તેનું કદ અને માપ સંભવતઃ દુશ્મનાવટ દરમિયાન મોટા પ્રમાણમાં પાણી છોડવાથી સરહદી વિસ્તારોમાં પૂરનું કારણ બની શકે છે ભય

# આવકવેરાના DGIT (INV.) પિયુષ જૈન રાજકોટમાં : નવા જૂનીના એંધાણ

## પૂર્વ આયોજન વગર ગઈકાલે યોજાઈ હાઈ લેવલ મીટીંગ : ટાર્ગેટ પૂર્ણ કરવા અધિકારીઓ સાથે વાતચીત

રાજકોટ, તા. ૩

છેલ્લા ઘણા મહિનાઓથી સેન્ટ્રલ એજન્સી દ્વારા દેશભરમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે અને કરચોરી કરતા લોકોને કઈ રીતે ઝેર કરવા તે માટેનો તખતો પણ ગોઠવી દેવામાં આવ્યો છે હાલની સ્થિતિને ધ્યાને લઈ એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે આગામી બે મહિનામાં નાણાકીય વર્ષ પૂરું થશે ત્યારે જે બાકી રહેતા ટાર્ગેટ છે અથવા તો કામ છે તેને પૂર્ણ કરવા માટે હવે ગણતરીના દિવસોમાં સેન્ટ્રલ એજન્સી દ્વારા તવાઈ બોલાવવામાં આવશે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ હાલ ગુજરાત રાજ્યમાં જીએસટી વિભાગની સાથોસાથ આવકવેરા વિભાગે પણ પોતાની કમર કસી લીધી છે અને હાલ આ અંગે બેઠકોનો દોર પણ શરૂ કરી દેવામાં આવ્યો છે.

રાજ્યના ડીજીઆઈટી ઈન્વેસ્ટિગેશન પિયુષ જૈન ગઈકાલે રાજકોટની મુલાકાતે આવ્યા હતા આ અંગે કોઈ પણ પૂર્વ તૈયારી કરવામાં આવી ન હતી ત્યારે રાજકોટ આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર ક્યાંકને ક્યાંક શહેરમાં નવાજૂનીના એંધાણ લાગી રહ્યા છે કારણ કે સમગ્ર રાજ્યના ઈન્વેસ્ટિગેશનના વડા જ્યારે રાજકોટમાં આવતા હોય તો તે મુલાકાત ને સહજ ન માની શકાય તેટલું જ નહીં ગઈકાલે યોજાયેલી આ બેઠક આશરે ત્રણ કલાક ચાલી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. ઓરબીટ ગ્રુપ અને લાડાણી ગ્રુપ પર જે રીતે રાજકોટ આવકવેરા વિભાગને સફળતા મળી હતી તે બાદ એક પણ ઓપરેશન રાજકોટ વિંગ દ્વારા પૂરું પાડવામાં આવ્યું નથી ત્યારે એ વાતે પણ જા ર પકડ્યું હતું કે ડિસેમ્બરના અંતમાં કે ડિસેમ્બર મધ્યમાં રાજકોટ ખાતે ઈન્કમટેક્સ વિભાગનું કોઈ એક્શન જોવા મળે પરંતુ કોઈ પણ કારણોસર રાજકોટ દ્વારા કામગીરી કરવામાં આવી નથી જેને લઈને અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. હાલ જે વાતચીત અને જે માહિતી સૂત્રો દ્વારા મળી રહી છે તે મુજબ આગામી દિવસોમાં હાલ જે બેઠક યોજવામાં આવી તેમાં સંબંધિત વિભાગની સાતો સાત સંબંધિત ક્ષેત્રના કોઈ અગ્રણી હોય કે જેમના દ્વારા કરચોરી ખૂબ વ્યાપક પ્રમાણમાં કરવામાં આવી હોય તેના ઈનપુટ અંગે માહિતી ની આપ-લે કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. સાથોસાથ હવે કયા પ્રકારના એક્શન અને ક્યારે સર ચોપરેશન હાથ ધરવામાં આવે તે અંગે પણ હાલ વાતચીત કરી હોવાનું માલુમ પડી રહ્યું છે. રાજકોટ આવકવેરા વિભાગને જે ટાર્ગેટ આપવામાં આવ્યો છે તેને પરિપૂર્ણ કરવા માટે સરચ ઓપરેશન હવે એકમાત્ર વિકલ્પ બાકી રહ્યો છે ત્યારે આ અંગે છેલ્લા ઘણા સમયથી આવકવેરા વિભાગના અધિકારીઓ દ્વારા આ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી જેમાં એ તમામ ઉદ્યોગકારો કે જેમના દ્વારા કરચોરી કરવામાં આવેલી હોય તે અંગેનું નેટવર્ક વધુ મજબૂત બનાવવામાં આવ્યું અને તમામ ડેટા એકત્રિત કરવામાં આવ્યા હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. હાલ રાજકોટ ઓપરેશન તેના ઉપર પાર પાડવામાં આવશે તેનો હજુ સુધી કોઈ અંદાજો આવ્યો નથી કારણ કે છેલ્લા બે થી ત્રણ સર્ચ ઓપરેશની વાત કરવામાં આવે જ્વેલર્સ અને બિલ્ડર ગ્રુપ ઉપર જ દરોડા પાડવામાં આવ્યા છે ત્યારે નવા વર્ષમાં કોને આવકવેરા વિભાગ ટાર્ગેટ કરશે તે હવે જોવાનું રહ્યું પરંતુ વિભાગ દ્વારા ખાસું એવું હોમવર્ક કરી લેવામાં આવ્યું હોવાનું હાલ માનવામાં આવી રહ્યું છે.




# રાજકોટના ICE સહિત અન્ય સ્પર્ધાત્મક ક્લાસીસ પર SGST ત્રાટકી

## રાજ્યભરમાં દરોડા : ખૂબ મોટા પ્રમાણમાં GST ચોરી બહાર આવે તેવી આશા

રાજકોટ,.તા. ૩

વર્ષ ૨૦૨૫ ની શરૂઆત ના બે દિવસમાં જ સ્ટેટ જીએસટી દ્વારા ફરી એક વખત દરોડા પાડવાની કામગીરી આરંભવી દીધી છે એટલું જ નહીં જીએસટી વિભાગ ના અન્વેષણ વીર દ્વારા કરચરો ઉપર ત્રાટકવાનું શરૂ કર્યું છે અને ફરી એક વખત ઝુંબેશને સક્રિય કરવામાં આવી છે. ગઈકાલે સમગ્ર રાજ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતા કોચિંગ ક્લાસના સંચાલકો ઉપર તવાઈ બોલાવવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ સ્ટેજ જીએસટી દ્વારા રાજ્ય વ્યાપી દરોડા પાડી કલચરો અંગે વધુ તપાસ તીવ્ર કરવામાં આવી હોવાનું પણ હાલ જાણવામાં આવ્યું છે. રાજકોટ સહિત રાજ્યમાં અનેક સ્થળોએ જે પણ સ્પર્ધાત્મક પરીક્ષા ની તૈયારી કરાવતા હોય તે તમામ કોચિંગ ક્લાસ સંચાલકોની યાદી જીએસટી વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવી છે જેમાં ગણતરી માં આંગકી શકાય તેવા કોચિંગ ક્લાસમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી દર્શાવી અને તેમના દ્વારા કરચોરી કરતા હોવાની ફરિયાદો સ્ટેજ જીએસટી વિભાગને મળી હતી અને આ બાતમીના આધારે વિભાગ દ્વારા ગઈકાલે જ સમગ્ર રાજ્યમાં તવાઈ બોલાવી હતી.

મળતી માહિતી મુજબ કોચિંગ ક્લાસ ઉપર ૧૮% જીએસટી વસૂલવામાં આવતો હોય છે ત્યારે ક્લાસીસ સંચાલકો તેના ક્લાસીસમાં વિદ્યાર્થીઓની ઓછી સંખ્યા દર્શાવી કરચોરી કરતા હોય અને આ પ્રકારની ફરિયાદો જીએસટી વિભાગને મળતા તેની ઈન્વેસ્ટિગેશન વિંગ દ્વારા તમામ તૈયારીઓ કરી લઈ હાલ દરોડા પાડવાની કામગીરી શરૂ કરી છે અને આ ઝુંબેશ આવનારા દિવસોમાં પણ યથાવત રીતે ચાલે તેવું માનવામાં આવી રહ્યું છે. કાલાવડ રોડ અને યુનિવર્સિટી રોડ ઉપર આવેલા આ કોચિંગ ક્લાસ પર સ્ટેટ જીએસટી વિભાગ ત્રાટક્યું હતું અને વિગતવાર તપાસ આરંભી હતી ત્યારે તપાસના પ્રથમ દિવસે તમામ રેકોર્ડની ચકાસણી કરવામાં આવી એટલું જ નહીં જરૂરી લાગ્યા હોય તેવા ડેટાને સીઝ પણ કરવામાં આવ્યા છે બીજી તરફ અન્ય રેકોર્ડની પણ તપાસ અને ચકાસણી કરવામાં આવી હોવાનું હાલ માલુમ પડ્યું છે.

રાજકોટ ઉપરાંત અમદાવાદ, વડોદરા, સુરત, જુનાગઢ, જામનગર સહિતના સ્થળોએ જુદા જુદા કોચિંગ ક્લાસ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા અને કરચોરી અંગે તપાસનો ધમધમાટ પણ હાથ ધરવામાં આવ્યો હતો.



રાજ્ય કરવેરા કચેરી તરફથી આશા વ્યક્ત કરવામાં આવી છે કે જીએસટી વિભાગને કરોડો રૂપિયાની કરચોરી એટલે કે જીએસટી ચોરી હાથ લાગે તો નવાઈ નહીં બીજી તરફ નવા નાણાકીય શરૂ થવાને આડે હવે પોણા ત્રણ મહિના જ બાકી રહ્યા છે ત્યારે નાણાકીય વર્ષ પૂરું થાય તે પૂર્વે જે લક્ષ્યાંક આપવામાં આવેલો છે તેને પહોંચી વળવા હાલ ખૂબ મોટા ભાઈએ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે અને ભવિષ્યમાં એટલે કે આવનારા દિવસોમાં પણ જીએસટી વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવે તો નવાઈ નહીં.

જીએસટી વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં સ્ટેટ જીએસટી હોય કે સેન્ટ્રલ જીએસટી આ એજન્સી દ્વારા દરોડા પાડવામાં આવશે એટલું જ નહીં હાલ આ અંગે યાદી પણ વિભાગ દ્વારા તૈયાર કરી લેવામાં આવી છે જેથી એ વાત સ્પષ્ટ થાય કે કોણ કોણ જીએસટી ચોરી કરી રહ્યું છે. છેલ્લા ઘણા સમયથી જીએસટીને લઈને અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે અને વિભાગ દ્વારા પણ દરોડા પાડવામાં આવ્યા છે જેમાં ખૂબ મોટા પ્રમાણમાં જીએસટી ચોરી પણ સામે આવી છે ત્યારે આ દુષણને દૂર કરવા માટે હવે વિભાગ આકરા પગલાં લઈ રહ્યું છે જેના ભાગરૂપે હવે જે પણ પેઢી ધારક અથવા તો કોઈ પણ ક્ષેત્રમાં જીએસટી ચોરી થતી હોય તેને ડામવા માટેના તમામ પ્રયત્નો અને પગલાઓ લેવામાં આવી રહ્યા છે. રાજકોટના આઈસીઈ સહિત અન્ય ક્લાસીસમાં પણ દરોડા પાડવામાં આવ્યા છે ત્યારે ખૂબ મોટા પ્રમાણમાં જીએસટી ચોરી પકડાઈ તો નવાઈ નહીં.

ગઠીયાઓ ગામને છેતરવામાં એક પણ દિવસ કોરો જવા દેતાં નથીઃ વધુ લાખો કરોડોની થઇ ઠગાઇ

# સસ્તામાં ડોલર લેવા જતાં દંપતિને આવ્યો ૨૪ લાખનો ડામ

## બિલ્ડરે સસ્તામાં ફ્લેટના નામે સાડત્રીસ લોકો સાથે કરી પાંચ કરોડની છેતરપીંડી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૩**

રાજકોટઃ રાજ્યમાં રોજબરોજ લોકોને ગઠીયાઓ નીતનવા અનુ જુનાપુરાણા નુસ્ખાઓ, તરકીબોનો ઉપયોગ કરી છેતરી રહ્યા છે. આ સિલસિલો અટકતો જ નથી. રોજ ઓનલાઇન, ઓફલાઇન છેતરપીંડી થકી ગઠીયાઓ લાખો કરોડો ઉસેડી રહ્યા છે. વધુ એક વખત આવી ઠગાઇમાં ટૂર્સ ટ્રાવેલ્સના કર્મચારી અને એક મહિલાએ મળી સસ્તામાં ડોલર આપવાના નામે દંપતિને છેતરી લીધા છે. આ દંપતિને ચોવીસ લાખ દસ હજારની રકમનો ધૂંબો મારી દેવાતાં વાત પોલીસ સુધી પહોંચતા તપાસ શરૂ થઇ છે. બીજી તરફ સસ્તામાં ફ્લેટની લાલચ આપી બિલ્ડરે સાડત્રીસ લોકોને પાંચ કરોડનો ચૂનો લગાડી દીધો છે.

ફ્રોડની પ્રથમ ઘટના પર નજર કરીએ તો આણંદના ઓડ ગામે રહેતા દંપતીને સસ્તા દરે ડોલર આપવાની લાલચ આપીને વડોદરાની રિયા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સમાં નોકરી કરતા આણંદના શખ્સ અને સુરતની મહિલાએ રૂ.૨૪.૧૦ લાખની છેતરપિંડી આચરી હતી. મહિલાએ અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ પોતાના પતિ સાથે અન્ય લોકોનું કરોડોનું ફૂલેકું ફેરવી રફૂચક્કર થઈ ગઈ હોવાનું ખૂલ્યું હતું. આ અંગે આણંદ શહેર પોલીસે મહિલા સહિત બંને શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઓડ ગામે રહેતા ધર્મેશભાઈ પૂનમભાઈ રાણા અને તેમના પત્ની અગાઉ વિદેશ ટુર પર ગયાં હતાં, ત્યારે વિદેશમાં ખાણીપીણીનો વ્યવસાય સારો ચાલી શકે તેમ હોવાથી ધંધો કરવા નાણાંની બચત કરી હતી. દંપતીએ એર ટિકિટ અને કરન્સી એક્સચેન્જ માટે વડોદરાની રિયા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સમાં નોકરી કરતા મહેશભાઈ જેઠાભાઈ ગઢવી (રહે. શિવનગર સોસાયટી, જૂના મોગરી રોડ, આણંદ)નો સંપર્ક કર્યો હતો.




દરમિયાન મહેશભાઈએ લીનાબેન અમિતભાઈ મહેતા (રહે. સુરત)નું મુંબઈથી કરન્સી એક્સચેન્જનું મોટું કામ છે અને તે સસ્તા દરે ડોલર અપાવે છે તેમ જણાવતા દંપતીએ રૂ.૧૬.૯૮ લાખ આપ્યા હતા અને ફોનથી મહેશભાઈ અને લીનાબેન સાથે વાતચીત કરી હતી. જોકે, ડોલરનું કામ ન થતાં ધર્મેશભાઈએ નાણાં પરત માંગતા મહેશભાઈએ રકમ પરત કરી, રૂ.૨.૭૦ લાખ બાકી રાખ્યા હતા. બાદમાં ડોલર લેવા બાબતે ફરી એકવાર મહેશભાઈ સાથે વાત થતાં તેણે બે દિવસમાં ડોલર આપવાનો વિશ્વાસ આપી લીનાબેન સાથે વાત કરાવતા ધર્મેશભાઈએ લીનાબેનના નામે આંગડિયા મારફતે રૂ.૨૧.૪૦ લાખ મોકલ્યા હતા અને મહેશભાઈ પાસેથી બાકી નીકળતા રૂ.૨.૭૦ લાખ મળી કુલ રૂ.૨૪.૧૦ લાખના ડોલર લેવાનું નક્કી થયું હતું. બાદમાં બંને શખ્સો બહાના બતાવી, નાણાં ફસાઈ ગયા હોવાથી બે દિવસમાં ચુકવી આપીશું તેમ જણાવ્યું હતું.

ત્યારબાદ ધર્મેશભાઈએ લીલાબેનને ફોન કરી નાણાં માંગતા તેણે અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી મહેશભાઈને લઈને ધર્મેશભાઈ સુરત લીનાબેનને મળવા ગયા હતા. ત્યારે લીનાબેન અને તેનો પતિ કરોડોનું ફૂલેકું ફેરવી રફૂચક્કર થઈ ગયા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. આ અંગે ધર્મેશભાઈએ આણંદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે મહેશ ગઢવી અને લીનાબેન મહેતા સામે ગુનો નોંધ્યો હતો.

બીજા બનાવમાં સુરતના ઉત્રાણમાં ભક્તિ હાઇટ્સની નવી બિલ્ડિંગમાં વેપારી સહિત ૩૭ લોકોએ સસ્તામાં ફ્લેટ લેવા ૫.૧૦ કરોડની રકમ ગુમાવી છે. ઉત્રાણ મારવેલ લકઝુરીયામાં રહેતા એલ્યુમિનીયમના વેપારી ૪૭ વર્ષીય રમેશ માવજી ધોળીયાની ફરિયાદના આધાર પોલીસે બિલ્ડર સહિત ૪ સામે ગુનો નોંધ્યો છે.વર્ષ ૨૦૧૮માં બિલ્ડર રાજેશ શિરોયા સહિત ૪ જણાએ ઉત્રાણમાં ભક્તિ હાઇટ્સનો હાઇરાઇઝ એપાર્ટમેન્ટનો -ોજેક્ટ મુકયો હતો. જેમાં એક ફ્લેટની કિંમત ૧૬.૩૧ લાખ નક્કી કરી હતી. વેપારી સહિત ૩૭ લોકોએ સસ્તામાં ફ્લેટ લેવા ૩૭ ફ્લેટોનું રોકાણ કર્યુ હતું. શરૂઆતમાં વેપારીએ ટોકન પેટે ૧૦ લાખ આપ્યા હતા. બિલ્ડરે વેપારીને કબજા વગરનો સાટાખત પણ બનાવી આપ્યો હતો. વેપારીએ તેના મિત્રો અને સંબંધીઓ પાસેથી રૂપિયા મેળવીને બિલ્ડર અને તેના ભાગીદારોને ૫ કરોડ આપ્યા હતા. બિલ્ડરે ૭ ફ્લેટના દસ્તાવેજ કરી આપ્યા હતા. જયારે ૩૦ ફ્લેટના દસ્તાવેજ કરી આપ્યા ન હતા બે વર્ષમાં બિલ્ડર અને તેના ભાગીદારોએ પ્રોજેકટ પૂર્ણ ન કરી બહાના કર્યા હતા. રૂપિયાની માંગણી બિલ્ડર અને તેના ભાગીદારોએ વેપારીને અલગ અલગ ડાયરીઓ બનાવી આપી હતી.

પોલીસે ભક્તિ હાઇટ્સ પ્રોજેકટના બિલ્ડર રાજેશ કાળુ શિરોયા (મારવેલ લકઝુરીયા, ઉત્રાણ) તેના ભાગીદાર અલ્પેશ કેશવ બાંભરોલીયા (મારવેલ લકઝરીયા, ઉત્રાણ), લક્ષ્મીદાસ બાલુ વેકરીયા(મારવેલ લકઝુરીયા, ઉત્રાણ) તથા કેતન મધુ સાવલીયા (રહે, શાલીગ્રામ સ્ટેટસ મારવેલ, ઉત્રાણ)ની સામે ઠગાઈનો ગુનો નોંધ્યો છે.

આ ચાર આરોપીઓમાંથી એક આરોપી લક્ષ્મીદાસ ઉર્ફે લખન અમેરિકા ભાગી ગયો છે. જેને ભારત પરત લાવવા માટેની -ોસેસ ઈકોસેલ કરશે. કરોડો રૂપિયાની ચીટિંગના આ ગુનાની તપાસ ઈકોસેલને સોંપવામાં આવી છે.

---

સમગ્ર ભારતમાં દૈનિક ૭૫ હજારથી વધુ ઓનલાઈન ટિકિટ બુકિંગ સાથે ગુજરાત એસ.ટી નિગમ પ્રથમ

# બે વર્ષમાં ૪ કરોડથી વધુ ઓનલાઈન ટિકિટ સાથે ૧,૦૩૬ કરોડથી વધુની કરી આવક

## વર્ષ-૨૦૧૦થી ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમની શરૂઆત : એપ્લિકેશન દ્વારા મુસાફરોને તેમની મુસાફરીની ટિકિટ ૬૦ દિવસ અગાઉ બૂક કરાવી શકશે

રાજકોટ, તા. ૩

સમય - ટેક્નોલોજીની સાથે ગતિ કરવી એ ગુજરાતના નાગરીકોનો સ્વભાવ રહ્યો છે, સમગ્ર ભારતના તમામ રાજ્યોના નિગમોમાં ગુજરાત એસ.ટી નિગમે ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ - ઘ્ઙ્છ્જનો સૌથી વધુ ઉપયોગ કરી વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી છે, સમગ્ર ભારતમાં દૈનિક ૭૫ હજારથી વધુ ઓનલાઈન ટિકિટ બુકિંગ સાથે ગુજરાત એસ.ટી નિગમ પ્રથમ ક્રમે છે.

ગુજરાતના નાગરિકોને સ્વચ્છ, સલામત અને સમયસર મુસાફરીની સુવિધા મળી રહે તેવા ઉદેશ્ય સાથે વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૧૦થી ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમની શરૂઆત કરાવવામાં આવી હતી. ઓનલાઈન ટિકિટો સહિત નાગરીકોને મુસાફરી માટે અપાતી સુવિધાઓમાં ઉત્તરોતર વધારો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં થઇ રહ્યો છે. જેના પરિણામે ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૪ કરોડથી વધુ મુસાફરોએ ઓનલાઈન ટિકિટો બૂક કરીને એસ.ટી નિગમને કુલ રૂ. ૧,૦૩૬ કરોડથી વધુની આવક કરાવી છે તેમ ગુજરાત



રાજ્ય વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવાયું છે કે, એસ.ટી નિગમ દ્વારા મુસાફરોની સુવિધાઓને ધ્યાને લઈને વર્ષ૨૦૧૦થી ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમની શરૂઆત કરાવવામાં આવી હતી, ત્યારબાદ વર્ષ -૨૦૧૧થી માસ્ટર ફ્રેન્ચાઇઝીના કરાર થકી મુસાફરો અબવશબીત, પેટીએમ જેવી એપ્લિકેશન મારફતે પણ ઓનલાઈન એસ.ટી બસની ટિકિટ બુકિંગ કરાવી શકે છે. નિગમ દ્વારા દિવ્યાંગ મુસાફરો સરળતાથી બુકિંગ કરી શકે તે માટે દિવ્યાંગ બુકિંગનું વેબ- મોબાઈલ એપ્લિકેશનમાં અલગથી પણ ઓપ્શન આપવામાં આવ્યો છે.

ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમની શરૂઆત કર્યા પછી એસ.ટી નિગમે તબક્કાવાર મુસાફરોની સુવિધાઓ વધારો કર્યો છે, જેમાં વર્ષ-૨૦૧૫થી એન્ડ્રોઈડ અને શઘજ મોબાઈલ એપ્લિકેશન (ઋજ્ઞશ્ઞઈ ઘરરશભશફહ) લોન્ચ કરવામાં આવી હતી. મુસાફરો મોબાઈલ- વેબ એપ્લિકેશન .લતર્ભિ.શક્ષ મારફતે બૂક કરાયેલી ટિકિટોનું રિશિડ્યુલ- કેન્સેલેશન તેમજ રૂગ્ઇછ સ્ટેટ્સ વગેરે સરળતાથી જાણી શકે તે માટે તમામ વિકલ્પો આપવામાં આવ્યા છે, આ એપ્લિકેશન દ્વારા મુસાફરોને તેમની મુસાફરીની ટિકિટ ૬૦ દિવસ અગાઉ બૂક કરાવી શકશે અને જો મુસાફરીમાં જો કોઈ ફેરફાર થાય તે સમય ટિકિટની રિશિડ્યુલની સુવિધા વિનામૂલ્યે મુસાફરોને નિગમ દ્વારા આપવામાં આવે છે, જે સ્થળે નિગમનું બસ સ્ટેન્ડ કે બુકિંગ કાઉન્ટર ન હોય તેવા સ્થળે મુસાફરો બુકિંગનો લાભ લઇ શકે તે માટે નિગમ દ્વારા બુકિંગ એન્જસી આપવામાં આવી છે, જેમાં નિગમ ખાતે ૨૦૫ બુકિંગ એજન્ટ કાર્યરત છે. તેમ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની યાદીમાં વધુમાં જણાવાયું છે.

---

# PMJAYનું નવું પોર્ટલ શરૂ - બોગસ કાર્ડ હશે તો લેવાશે એક્શન

## જિલ્લા પંચાયત ખાતે જાહેર આરોગ્ય સમિતીની બેઠક યોજાઈ : ટીબી ચેકિંગ માટે મોબાઇલ એક્સ-રે યુનિટ ફાળવવા અને દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સોલાર સિસ્ટમ લગાવવા પર ભાર

રાજકોટ, તા. ૩

રાજકોટ જિલ્લા પંચાયત ખાતે ૨ જાન્યુઆરીએ જાહેર આરોગ્ય સમિતિની બેઠક જિ.પં.ની આરોગ્ય સમિતિના ચેરમેન લીલાબેન ઠુંમરના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી હતી. જેમાં આરોગ્ય સમિતિના સદસ્યો તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધીકારી ડો.આર.આર. ફુલમાલી સહિત જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગના તમામ શાખા અધીકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં કોમ્યુનીકેબલ ડીસીઝ જેવાકે ટીબી, મેલેરીયા, ડેંગ્યુ, ચિકનગુનિયા, એચ.આઇ.વી. એઇડ્સ, તથા નોન કોમ્યુનીકેબલ જેવા કે બીપી, ડાયાબીટીસ, હાઈપર ટેંશન, કેંસર, તથા ટેલી મેડીસીન અને રસીકરણ જેવી સેવાઓ અને નોધાયેલી માતા અને બાળ આરોગ્ય સંભાળ વિશે ચર્ચા કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લામાં આરોગ્ય વિષયક સેવાઓ વધુ સુદ્રઢ કરવા અંગે માર્ગદશન અપાયું હતું. આ બેઠકમાં ૧૦૦ દિવસની સઘન ટીબી નિર્મુલન ઝુંબેશ'' માટે વધારે મોબાઇલ એક્સ-રે યુનિટ ફાળવવા આરોગ્ય વિભાગ, ગાંધીનગરને જણાવવા તેમજ ગ્રામ્ય કક્ષાએ પી.આર. આઈ. મેમ્બરના સહયોગ અંગે ચર્ચા કરાઈ હતી.

જિલ્લા પંચાયત સ્વ ભંડોળની ગ્રાંટમાંથી કોમ્પ્યુટર ખરીદ કરવા, પ્રા.આ.કે.ખાતે લેબોરેટરીના સાધનો, જુદા જુદા ટેસ્ટીંગ માટે કીટ અને રીએજંટ ખરીદ કરવા અંગે વિચારણા થઈ હતી. પ્રાઈવેટ હોસ્પિટલ અને લેબોરેટરીની નોંધણી કરવી અને ગામડાઓમાં કોઇ બોગસ ડોકટરની પ્રેક્ટિસ ચાલતી હોય તો તેને પકડવા ચેકીંગ કરવા અંગે સૂચના આપવામાં આવી હતી.દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં શૂન્ય ઇલેક્ટ્રીસિટી બીલ કરવા સોલાર સિસ્ટમ લગાવવા પર ભાર મુકાયો હતો. જેમાં હાલ ૧૫ પ્રા.આ.કે.માં સોલાર સિસ્ટમ કાર્યરત છે, ૧૦માં મંજુર થયા છે, બાકીના ૨૯ આરોગ્ય કેન્દ્રમાં સોલાર સિસ્ટમ લગાવવા આયોજન કરવા પર ભાર મુકાયો હતો. પ્રધાનમંત્રી આયુષ્યમાન યોજના (PMJAY)નું નવું પોર્ટલ આજથી જ ચાલુ થઈ ગયું છે. જેથી કોઇ બોગસ કાર્ડ કાઢેલું હોય તો એકશન લઇ શકાય તે અંગે જાણકારી આપવામાં આવી હતી.

---

પોતાનો મિત્ર જેલમાં જતાં ઢગાએ તેની પત્નિ સાથે ઘરોબો કેળવી મિત્રતા બાંધી પછી હદ વટાવી

# મહિલા મિત્રની સગીર દિકરી સાથે ઢગાનું વારંવાર દૂષ્કર્મ

## દારૂ પીવડાવી દેહસંબંધ બાંધતોઃ સગીરા આનાકાની કરે તો પટ્ટાથી માર મારતોઃ બે વર્ષ ત્રાસ સહન કર્યા બાદ અંતે માતાને વાત કરતાં પોલીસને જાણ કરાઈઃ હવસખોર ઝડપાયો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૩**

રાજકોટઃ શૈતાન હવસખોરો હદ વટાવી દેતાં હોય છે. અનેક આવી ઘટનાઓ અત્યાર સુધીમાં બની ચુકી છે અને હજુ પણ બની રહી છે. દૂષ્કર્મ, છેડતીની ઘટનાઓમાં પણ સતત વધારો થઇ રહ્યો છે. દરમિયાન એક બનાવમાં એક હવસખોરે પોતાની મહિલા મિત્રની સગીર વયની દિકરીને શૈતાનિયતનો શિકાર બનાવી હતી. તેણીને દારૂ પીવડાવી મારકુટ કરી બે વર્ષ સુધી બળાત્કાર ગુજારી શારીરિક સિતમ ગુજારતાં અંતે આ મામલે પોલીસને જાણ કરવામાં આવતાં ગુનો દાખલ કરી હવસખોરને પકડી લેવા તપાસ શરૂ થઇ છે. સોળ વર્ષની આ બાળાનું સતત શોષણ થયું હતુ.

ચોંકાવનારી વિગતો પર નજર કરીએ તો આ બનાવ સુરત શહેરના અડાજણ વિસ્તારમાં બન્યો છે. જેને કારણે માનવતા શર્મસાર થઇ છે. કેતન પરમાર નામનો આરોપી જે કિડ્સ નર્સરી ચલાવે છે તેના પર પોતાની મહિલા મિત્રની સગીર દીકરી સાથે બે વર્ષ સુધી દુષ્કર્મ આચરવાનો ગંભીર આરોપ લાગ્યો છે. આરોપી ઘરે એકલતાનો લાભ લઈ સગીરાને બળજબરી પૂર્વક દારૂ પીવડાવતો અને શારીરિક સંબંધ બાંધવા પ્રયાસ કરતો હતો. જો સગીરા આનાકાની કરતી તો બેલ્ટ વડે માર મારીને દુષ્કર્મ આચરતો હતો. અંતે પીડિતાએ અત્યાચારથી કંટાળી મૌન તોડતા માતાને સમગ્ર હકીકત જણાવી હતી. જે બાદ અડાજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસે જાહેર કરેલી વિગતો જોઇએ તો પીડિતાની માતાનું જીવન આઘાતજનક હતું. છૂટાછેડા પછી તે પોતાના જીવનમાં સ્થિરતા લાવવા માટે સતત પ્રયત્નશીલ રહી હતી. મહિલાએ ફરી લગ્ન કર્યા જોકે તેના બીજા પતિને ગુનામાં સજા થતાં તેને લાજપોર જેલમાં મોકલવામાં આવ્યો. આ મુશ્કેલ સમય દરમિયાન માતાએ હિંમત ન હારી પોતાનાં દીકરી માટે જીવન ચલાવતી હતી. માતાના પતિના મિત્ર તરીકે ઓળખાતા કેતન પરમાર આ સંજોગોમાં અવારનવાર તેના ઘરે આવતો અને કુટુંબ સાથે સંબંધો ગાઢ બનાવવાનોપ્રયાસ કરતો હતો. આરોપીની ઘરમાં અવર જવર વધી જતાં તેની નજર ઘરની દીકરી પર ગઈ હતી. જે બાદ આરોપી માટે પીડિતાની ઘરે એકલતા ફાયદો ઉઠાવાનું એક માધ્યમ બની ગયું હતું. જ્યારે પીડિતા ઘરમાં એકલી હોય ત્યારે અવારનવાર તેના ઘરમાં આવી જતો હતો.



**અગિયાર વર્ષની બાળા સાથે દૂષ્કર્મ આચરનારાને ચારસો કેમેરા ચેક કરી દબોચી લેવાયો**

એકવાર આરોપીએ પીડિતાને બળજબરીપૂર્વક દારૂ પીવડાવી શારીરિક સંબંધ બાંધવા માટે પ્રયાસ કર્યો. પીડિતાએ તેનો વિરોધ નોંધાવતા આરોપીએ બેલ્ટ વડે તેને માર માર્યો અને દુષ્કર્મ આચર્યું. એટલું જ નહીં વારંવાર ધમકી આપી તેમની સાથે બે વર્ષ સુધી દુષ્કર્મ આચરતો રહ્યો.અંતે અવારનવાર આ ઘટનાથી ત્રાસી ગયેલી પીડિતાએ પોતાની ઉપર ગુજારવામાં આવેલા તમામ ત્રાસ અંગેની વાત માતા સાથે કરી. આખરે માતા પણ હિંમત બતાવીને દીકરી સાથે પોલીસ સ્ટેશન પહોંચી હતી. ઘટનાની ગંભીરતા જોઈ પોલીસે તાત્કાલિક ફરિયાદ નોંધી આરોપીની અટકાયત કરી લીધી હતી. પોલીસે આ કેસમાં આરોપી વિરુદ્ધ પોક્સો (બાળકો પર જાતીય ગુનાઓ માટેનું કાનૂન) હેઠળ ગંભીર ગુનાઓની ફરિયાદ દાખલ કરી છે. દારૂ પીવડાવવાનું અને બેલ્ટ વડે માર મારવાનું કૃત્ય આ ગુનાની ગંભીરતાને વધુ ઊંડો બનાવે છે. પોલીસ હાલ આ કેસની તપાસ કરી રહી છે અને પીડિતાના નિવેદનને આધારે કડક પગલાં લેવા તૈયાર છે. અડાજણ પોલીસ સ્ટેશન પાસેથી મળતી માહિતી મુજબ જૂન ૨૦૨૨થી આરોપી પીડિતાના ઘરે આવતો હતો અને ત્યારથી જ આ અત્યાચારનો સિલસિલો ચાલી રહ્યો હતો. જ્યારે પ્રથમવાર બાળકી સાથે દુષ્કર્મ આચર્યું ત્યારે તેની ઉંમર ૧૬ વર્ષ હતી હાલ તેની અઢાર વર્ષની છે. આ ઘટનાએ સૌ એવા લોકો માટે લાલબત્તી ધરી છે જે અજાણયા સાથે મિત્રતાના નામે આગળ વધી જતાં હોય છે. બીજા એક બનાવમાં સરખેજમાં અગિયાર વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરનાર નરાધમને સરખેજ પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપી બાળકીનો માસા છે,બાળકી જ્યાર પોતાના માસીના ઘરે રોકાવવા ગઈ હતી ત્યારે માસાએ મોકો મળતા જ બાળકી સાથે શારીરિક અડપલા કરીને દુષ્કર્મ આચર્યું હતું. સરખેજ પોલીસે આ મામલે ગુનો નોંધ્યો હતો. આરોપીની ધરપકડ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. બાળકી તેના માસીના ઘરે રોકાવવા ગઈ હતી ત્યારે બાળકીના માસાએ રાતના સમયે બાળકીને શારીરિક અડપલા કરીને બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે બાળકીએ માતાપિતાને જાણ કરી હતી.બાળકીના માતા પિતાએ નરાધમ માસા વિરુદ્ધમાં સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.ગુનો નોંધાયા બાદ આરોપી નાસી ગયો હતો જે મામલે પોલીસ તપાસ કરી રહી હતી.આ હવસખોરને શોધવા સરખેજ પોલીસે આ મામલે આરોપીને ઝડપી લેવા અલગ-અલગ ટીમ બનાવી હતી. આ ટીમ દ્વારા અજુઆબજુના વિસ્તારન તથા મહેસાણા અને ગાંધીનગરના ચારસો જેટલા સીસીટીવી ફૂટેજ તપાસ કરીને મોબાઈલની ડિટેઈલ મેળવીને તપાસ કરી હતી.આ દરમિયાન પોલીસે આરોપી ફરીદ મોહમ્મદ મલેકની ધરપકડ કરી છે.આરોપી અમદાવાદમાં રહે છે અને ફેબ્રિકેશનનું કામ કરે છે.પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### પાર્સલમાં ડ્રગ્સ, મનીલોન્ડરીંગ સહિતના ડર બતાવી લોકોના લાખો કરોડો ખંખેરવાની સતત વધી રહેલી ઘટના વચ્ચે સફળતા

# ડિજિટલ એરેસ્ટ ફ્રોડઃ કંબોડિયન ગેંગનો રશિયન સાગ્રીત ઝડપાતા ગેંગનો પર્દાફાશ

### મોટે ભાગે સિનીયર સિટીઝનને જ ફસાવતાંઃ ફ્રોડના પૈસા છેક ચીન સુધી જતાંઃ સાયબર ક્રાઇમ પોલીસને હવે બીજા આરોપીઓ સુધી પહોંચી શકાય તેવી આશા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૩**

રાજકોટઃ દેશભરમાં લોકોને ડિજિટલ એરેસ્ટ કરી લાખો કરોડો પડાવી લેવાની ઘટનાઓ રોજબરોજ બની રહી છે. સરકાર ખુદ ચિંતામાં છે આ કારણે મોબાઇલ ફોનની કોલીંગ ટ્યુનમાં પણ ડિજિટલ એરેસ્ટ સામે લોકોને જાગૃત થવા સુચનાઓ આપવામાં આવી રહી છે. આ પ્રકારના ગુનાખોરી આચરનારા સુધી પહોંચવાનું પોલીસ માટે પણ ખુબ અઘરૂ છે. જો કે આ વચ્ચે પોલીસને સફળતા મળી છે. જેમાં ડિજિટલ એરેસ્ટ કરી નાણા પડાવનારા રશિયન શખ્સ સહિત ત્રણને દબોચી લેવાયા છે. જે કંબોડીયન ગેંગના ઈશારે મોટે ભાગે સિનિયર સિટીઝનને ફસાવી લાખો કરોડો ઉસેડી લેતાં હતાં. આ તપાસમાં અનેક ચોંકાવનારી વિગતો ખુલવાની પોલીસને આશા છે.



રાજ્ય સહિત દેશભરમાં ડિજિટલ અરેસ્ટના બનાવોમાં વધારો થયો છે. ડિજિટલ અરેસ્ટ કરી લોકોને ખંખેરતી ટોળકી સાથે હવે વિદેશી ગેંગનું કનેક્શન પણ સામે આવ્યું છે. અમદાવાદના એક સિનિયર સિટિઝનને ડિજિટલ અરેસ્ટ કરી સત્તર લાખ પડાવવા મામલે સાયબર ક્રાઇમે એક રશિયન નાગરિક સહિત ત્રણને ઝડપી પાડ્યા છે, જેઓ કંબોડિયન ગેંગના ઈશારે ડિજિટલ અરેસ્ટના ગુનાને અંજામ આપતા હોવાનું સામે આવ્યું છે. અજાણ્યા શખસોએ પૂર્વ આયોજિત કાવતરૂં ઘડીને અમદાવાદમાં રહેતા એક સિનિયર સિટિઝનને ફોન કર્યો હતો અને પોતે કસ્ટમ વિભાગના દિલ્હી ખાતે આવેલા હેડક્વાર્ટરમાંથી ઈન્સ્પેક્ટર બોલું છું એવી ઓળખ આપી હતી. સિનિયર સિટિઝનને ગઠિયાએ ફોન પર કહ્યું હતું કે તમારું પાર્સલ મલેશિયા ખાતે મોકલ્યું છે, એનો ટ્રેકિંગ આઇડી અને ટ્રાન્જેકશન નંબર પણ ગઠીયાએ આપ્યા હતાં. આ પાર્સલમાં ૧૬ બોગસ પાસપોર્ટ તથા ૫૮ એટીએમ કાર્ડ અને ૧૪૦ ગ્રામ એમડી ડ્રગ્સ મળ્યું છે. ડ્રગ્સ મળી આવતાં તમને ડિજિટલ અરેસ્ટ કરવામાં આવે છે.

ત્યારબાદ ગઠિયાએ સિનિયર સિટિઝનને કહ્યું હતું કે તમારી ઈન્કવાયરી કરવા માટે આધારકાર્ડ તથા બેંક એકાઉન્ટ વેરિફિકેશન કરવાનું છે. આ સાથે તેણે જણાવ્યુ હતું કે દિલ્હીના વસંતકુંજ પોલીસ સ્ટેશનના ખોટા પોલીસની ઓળખ બતાવી ફરિયાદ કરવાના બહાના હેઠળ એક્ઝજ્દ બેંકના મેનેજર દ્વારા ૪૦ કરોડનુ મનીલોન્ડરિંગ કર્યું છે, જેમાં તમને દસ ટકા લેખે કમિશન મળ્યું છે. આ તમામ કાંડ ભેગા હોવાથી અરેસ્ટ વોરંટ અને અરેસ્ટ સીઝર વોરંટ અને કોન્ફિડેશિયલ એગ્રીમેન્ટના લેટર વ્હોટ્સએપ પર મોકલી આપ્યા છે. ગઠિયાએ ઓનલાઇન બેંક એકાઉન્ટનું વેરિફાઇ કરીને લીગલાઇજેશનના અલગ અલગ બહાનાં હેઠળ સિનિયર સિટિઝનના ૧૭,૦૦,૦૦૦ પડાવી લીધા હતા. સિનિયર સિટિઝનને ચીટિંગ થઇ ગયું હોવાની ખબર પડતાં તેમણે તરત જ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. સાયબર ક્રાઇમ પોલીસે તરત જ ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે આ કેસમાં સંડોવાયેલા બે શખસ જેલમાં છે. પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે બન્ને શખસની ધરપકડ કરીને પૂછપરછ કરી હતી. પૂછપરછમાં સામે આવ્યું હતું કે તેમની સાથે એક રશિયન વ્યક્તિ પણ જોડાયેલી છે. સાયબર ક્રાઇમ પોલીસે એક રશિયનની પણ ધરપકડ કરી છે. રશિયનની ધરપકડ બાદ સામે આવ્યું છે કે કંબોડિયન ગેંગ દ્વારા સમગ્ર રેકેટ ચલાવવામાં આવતું હતું. ત્રણની ધરપકડ બાદ હજુ બીજા ગુનાનો ભેદ ઉકેલાય એવી શક્યતા છે. તપાસમાં રશિયન વ્યક્તિનું નામ સામે આવ્યું હતું, જેમાં એન્ટોલિય મિરોનોવ નામના રશિયન આરોપીની ધરપકડ કરાઈ છે. રશિયન આરોપીને પુણે પોલીસે ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડમાં ઝડપ્યો હતો, જેથી ટ્રાન્સફર વોરંટના આધારે અમદાવાદ સાયબર ક્રાઇમે કબજો મેળવ્યો છે. એન્ટોલિય વર્ષ ૨૦૧૫માં પહેલીવાર ભારત આવ્યો હતો અને બાદમાં સતત ભારત આવતો હતો. વર્ષ ૨૦૨૪માં ૩ વાર ભારત આવી ચૂક્યો છે. આ ગુનામાં સામેલ મહેફૂઝઆલમ શાહ અને નદીમખાન પઠાણની અગાઉ ધરપકડ કરાઈ હતી. નદીમ અગાઉ ગ્રાહક સુરક્ષાના અધિકારીની ઓળખ આપવા બાબતે ગુનો નોંધાયો હતો.

વધુ માહિતી અનુસાર રશિયન આરોપી ગેટકીપર તરીકે કામ કરતો હતો, જે એકાઉન્ટ હોલ્ડરના ખાતામાં મોટી રકમ જમા થતી હતી, તેને હોટલમાં બોલાવી પૈસા ચીનમાં ટ્રાન્સફર ન થાય ત્યાં સુધી સાથે રાખતો હતો. ક્રિપ્ટો અથવા તો અન્ય રીતે પૈસા ચીન પહોંચતા ત્યાં સુધી જોડે રહેતો હતો. આની સાથે અન્ય એક રશિયન ગેટ કીપર હતો, જે ફરાર થઈ ગયો હતો. આરોપીને દસથી પંદર ટકા કમિશન મળતું હતું. ટેલિગ્રામ થકી આરોપી ચાઈનીઝ સાથે સંપર્કમાં હતો. ચાઈનીઝ વ્યક્તિ તેને એકાઉન્ટ હોલ્ડરની વિગતો આપતા હતા. જે હોલ્ડરને મુંબઈ, ગોવા અને દિલ્હીની હોટલોમાં બોલાવી પૈસા ચીનના આરોપીને મોકલતો હતો. આરોપીઓની સાથે ગુનામાં સામેલ અન્ય આરોપીઓની શોધ થઇ રહી છે.

ડિજિટલ અરેસ્ટના બહાને થતી છેતરપિંડી સાયબર ક્રાઇમ માટે જાણે કે માથાનો દુખાવો બની ગઇ હોય એમ લાગી રહ્યું છે. ડિજિટલ અરેસ્ટના બનાવોને લઈને લોકોમાં જાગૃતિ આવે એ માટે પોલીસ દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે છતાં હજી પણ અનેક લોકો તેનો ભોગ બની રહ્યા છે.

ઝડપાયેલા ત્રણેય શખસની પૂછપરછ કરવામાં આવશે. રશિયનની ધરપકડ બાદ હવે આ ગેંગમાં સામેલ બીજા અનેક લોકો ઝડપાવાની પોલીસને આશા છે.

# ભગવતીપરામાં ૧૯ કરોડના ખર્ચે સુવિધાયુક્ત માધ્યમિક શાળા બિલ્ડીંગનું થશે લોકાર્પણ

### ૧૨ જાન્યુઆરીના રોજ સાંસદ પરસોતમ રૂપાલાના વરદ હસ્તે શાળાને મુકાશે ખુલ્લી

રાજકોટ, તા. ૩

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૪માં ભગવતીપરા વિસ્તારમાં રૂ.૧૯.૩૮ કરોડના ખર્ચે નવનિર્મિત અત્યાધુનિક અને સુવિધાયુક્ત માધ્યમિક શાળાના બિલ્ડીંગનું લોકાર્પણ રાજકોટના સાંસદ પરસોતમભાઇ રૂપાલાના વરદ હસ્તે કરવામાં આવશે.આ લોકાર્પણ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારાવોર્ડ નં.૪માં ભગવતીપરા વિસ્તારમાં રૂ.૧૯.૩૮ કરોડના ખર્ચે નવનિર્મિત અત્યાધુનિક અને સુવિધાયુક્ત માધ્યમિક શાળા(હાઈસ્કુલ)ના બિલ્ડીંગનું લોકાર્પણ તા.૧૨ જાન્યુઆરી રવિવારના રોજ કરવામાં આવશે. આ લોકાર્પણ કાર્યક્રમમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, રાજ્યસભાના સાંસદ રામભાઇ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઇ દોશી, ધારાસભ્યય ઉદયભાઇ કાનગડ, ડો.દર્શિતા શાહ, રમેશભાઇ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યાક્ષ ડો.ભરતભાઇ



બોઘરા સહિત મહાનગરપાલિકાના કોર્પોરેટરો, રાજકોટ મહાનગરપાલિકા અધિકારીઓ-કર્મચારીઓ, શિક્ષણ સમિતિના સભ્યો ઉપસ્થિત રહેશે.

આ નવનિર્મિત માધ્યમિક શાળા(હાઈસ્કુલ)ના બિલ્ડીંગમાં કુલ ૫૦૮૪ ચો.મી.બિલ્ટઅપ એરિયાનું બાંધકામ કરવામાં આવેલ છે. જેમાં, ગ્રાઉન્ડ ફ્લોર પર ૧૪ ક્લાસરૂમ, ૨ એક્ટીવીટી રૂમ, ૨ સ્ટાફ રૂમ, ૧ એકાઉન્ટ રૂમ, ૧ એડમિનિસ્ટ્રેશન ઓફીસ, ૧ પ્રિન્સીપાલ ઓફીસ, ૧ કાઉન્સેલિંગ રૂમ, ૧ ચિલ્ડ્રન ટોય રૂમ, ૨ ટોયલેટ બ્લોક, ફર્સ્ટ ફ્લોર પર ૧૬ ક્લાસ રૂમ, ૧ ઈ-લાઈબ્રેરી, ૧ કમ્પ્યુટર લેબ, ૩ લેબોરેટરી, ૧ મિટીંગ રૂમ,૨ ટોયલેટ બ્લોક વગેરે જેવી સુવિધા આપવામાં આવેલ છે.




રાજકોટ મિરર તંત્રીની કલમે

# ડુંગરો ખૂંદાશે

## સોશિયલ મીડિયાના બહાદુરો રીયલ બહાદુરી જાણે: ગીરનાર ધબકશે



બેફામ દારૂ ઢીંચીને પોતાને રાજા ગણીને વટથી લથળિયા ખાનારા વાત્સવમાં સમાજમાં જોકર જેવા સાબિત થતા હોય છે. નશો માણસને ભાન ભુલાવી દે છે. નશો માત્ર દારૂનો જ નથી હોતો, હાલ સોશિયલ મીડિયાનો નશો વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. સોશિયલ મીડિયામાં બહાદુરી કરીને વટ મારનારા વાસ્તવમાં અડીયલ ટટ્ટુ જેવા હોય છે. આવા તત્વોને રવિવારે રિયલ બહાદુરી જોવાનો મોકો મળશે.

રવિવારે જુનાગઢ ખાતે ૩૯મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાનું આયોજન થયું છે. આ સ્પર્ધામાં રાજ્યભરમાંથી ૧૨૦૭ સ્પર્ધકો ઉમટશે. આ સ્પર્ધામાં યુવાઓ, વડીલો, મહિલાઓ વગેરે ભાગ લઈ રહ્યા છે. ૧૨૦૦ જેટલા સ્પર્ધકો વધારે સંખ્યા લાગે પણ તુલનાત્મક અભ્યાસ કરો તો આ સંખ્યા ખૂબ ઓછી છે. ગુજરાતમાં લાખો લોકો સોશિયલ મીડિયામાં બહાદુર, શક્તિશાળી બનીને ફરતા હોય છે. તોડી નાખો ફોડી નાખોની બંડાશો હાકતા હોય છે. બબૂચક જેવા ટોળા તેનાથી પ્રભાવિત થઈને ફોલોઅર્સ બનીને ખુશ થતા હોય છે. આવા બહાદુરોને રીયલ બહાદુરીનું ભાન જ નથી હોતું. સોશિયલ મીડિયાનો નશો ચડ્યો હોય છે. મોબાઈલ ઘૂમેડી ઘૂમેડીને આંગળા કરડાઈ ગયા હોય છે. શરીર ખોખલા બની ગયા હોય છે.

ગિરનાર કુંડવો એ ખાઈ લેવાના ખેલ નથી, ગુજરાતની ૬ કરોડની વસ્તીમાંથી માત્ર ૧૨૦૦ લોકોએ જ હિંમત કરી છે. દ્રઢ મનોબળ, શારીરિક ક્ષમતા, પરસેવો વહાવવાની તૈયારી, સ્ફૂર્તિ અને ઉત્સાહ વગર એ શક્ય નથી. સોશિયલ મીડિયામાં વટથી ફરનારા અડીયલ ટટ્ટુમાં આવું એક પણ લક્ષણ જોવા મળતું નથી.

સામાન્ય રીતે પણ ડુંગરો ખુંદવો અઘરો હોય છે. સ્પર્ધકોમાં ભાઈઓ ૪૫૦૦ પગથિયા ચડશે, બહેનો ૨૨૦૦ પગથિયા ચઢશે. મોટાભાગના લોકોને અનુભવ હશે કે ચોટીલાના ૮૦૦ પગથિયા ચઢતા પણ શ્વાસ ચડી જતો હોય છે. ગિરનાર ખુંદવો સામાન્ય નથી. પરિક્રમામાં, શિવરાત્રીના મેળામાં લાખો ભક્તો ઉમટતા હોય છે. પણ ગિરનાર સ્પર્ધામાં ગુજરાત ભરમાંથી ૧૨૦૦ લોકો જ તૈયાર થયા છે. સનાતનનું સૂત્ર છે પહેલું સુખ તે જાતે નર્યા. શારીરિક ક્ષમતા ન હોય તો ભોગ કે યોગ કંઈ જ શક્ય નથી. સુખ ભોગવવું હોય કે યોગ કરવા હોય બંને માટે શરીર જ માધ્યમ છે. ગુજરાત સમૃદ્ધ થતું હશે પણ ગુજરાતીઓ શરીરથી ખોખલા થતા જાય છે, પાંચ પગથીયા ચઢવામાં પણ હાંફી રહે છે. સોશિયલ મીડિયામાં સાવજ બનીને ફરનારા શરીરથી સસલાથી પણ ખોખલા હોય છે. આવા ટટ્ટુના ફોલોઅર્સ બનીને બબૂચક સાબિત થવા કરતા રીયલ બહાદુરી દાખવનારા લોકોનો ઉત્સાહ, જોશ વધારવા અને તેનામાંથી પ્રેરણા લેવા જુનાગઢ પહોંચજો. ડુંગરા ખૂંદનારા સમગ્ર ગુજરાત માટે પ્રેરણાદાયી છે. સ્પર્ધામાં વિજય, પરાજય ગૌણ બાબત છે. આવી સ્પર્ધામાં ભાગ લેવો એ જ મનોબળ અને ક્ષમતા દર્શાવે છે. રીયલ બહાદુરોને એડવાન્સ અભિનંદન.


!! લાખ રૂપિયાની વાત !!

!! આજના સમયની કડવી વાસ્તવિકતા !!

નાનપણમાં ભાઈ બહેન દિવસમાં પાંચ વખત એક બીજાથી રીસાય જતાં અને રાજી પણ તરત થઈ જતાં અને હવે મોટા થઈને રીસાયા બાદ છેલ્લે સ્મશાન યાત્રામાં જ ભેગા થાય છે.!!



પુ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા


# ભાગવતના નિવેદન પર ભાજપ મૌન કેમ છે ?



મસ્જીદો પર હિંદુ મંદિરોના દાવાઓ અંગે ભાગવતનું નિવેદન ઘણાને પચ્યું નથી અને એનોપ વિરોધ શરૂ થયો છે, ધર્માચાર્યો સામે પડ્યા છે , પણ ભાજપ મૌન સેવે છે. બીજી બાજુ બૌદ્ધો દ્વારા જ્ઞાનવાપી પર દાવો કરાયો છે. આ દિશામાં હવે હોડ મચે અને એવું બન્યું તો આ દેશની એકતા- ભાઈચારા પર તલવાર લટકવા લાગશે એની કોઈને ચિંતા નથી

સર સંઘ ચાલક મોહન ભાગવતના નિવેદનથી હલચલ મચી છે. આ મુદે કેટલાક ધર્માચાર્યોનાં પ્રતિભાવ આવ્યા છે. પણ ભાજપ આ મુદે મૌન સેવે છે. અને ધર્માચાર્યોનાં પ્રતિભાવ બાદ સંઘના કોઈ નેતાએ પણ ખુલાસો કર્યો નથી. કુંભ મેલો યોજાવાનો છે અને એમાં આ મુદે ચર્ચા થાય અને કોઈ જાહેરાત પણ થઇ શકે છે. પણ આ મુદો લાંબા સમય સુધી ચર્ચામાં રહે એ સ્વાભાવિક છે.

ભાગવતનાં નિવેદન અંગે ઘણી બધી ચર્ચાઓ ચાલે છે. સૌપ્રથમ તો એમણે આવું નિવેદન કેમ કર્યું એ અંગે પણ અટકળો થઈ રહી છે. ભાગવત બોલે તો એને સાંભળનારાના સંખ્યા મોટી છે. એટલે એમણે કોઈ ઉન્માદમાં આવી જઈ નિવેદન કર્યું હોય એવું માનવાને કારણ નથી. પણ જે રીતે હિંદુઓ અને ધર્માચાર્ય દ્વારા એક પછી એક મુસ્લીમ્મ ધર્મસ્થાનમાં હિંદુ મંદિર શોધવા અને એ મુદે કોર્ટમાં જવાના કિસ્સાઓ વધતા જી રહ્યા છે એને બ્રેક લાગે એ માટે અને દેશનો માહોલ ના બગડે એ માટે તો આ નિવેદન નથી થયું ને? કળવું મુશ્કેલ છે.

પણ આ નિવેદન પ્રત્યે તીખી પ્રતિક્રિયા આવવી શરૂ થઇ છે. રામ્ભદ્રાચાર્ય જેવા માનભર્યા ધર્માચાર્યે સ્પષ્ટ કયું કે, આવી બાબતોમાં ભાગવતે પડવું ના જોઈએ, હિંદુઓ પર ઘણા અત્યાચાર થયા છે અને એનો ન્યાય મળવો જોઈએ. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદજીએ તો તીખી પ્રતિક્રિયા આપતા કહ્યું કે, રામ મંદિર મુદે સંઘ દ્વારા આંદોલનો થયા અને હવે ભાગવત કહે છે કે, આ બધું બંધ થવું જોઈએ એટલે શું?

ભાગવતે બહુ મુદાની વાત કરી છે કે, રામ મંદિરનો કેસ કોર્ટમાં ગયો હતો અને બાકીનાં ધર્મસ્થાનો મુદે કાયદો છે કે, સ્વતંત્રતા પહેલાની સ્થિતિ જાળવી રાખવી. પણ રામ મંદિર બની ગયા પછી ભાગવતનો સૂર જાણે બદલાયો છે. એમનું વલણ હિંદુ મુસ્લિમ મુદે નરમ પડચું છે. એમણે અગાઉ એમ પણ કહેલું કે, મુસ્લિમોમાં પણ આપણા જ ડીએનએ છે. અને હવે કહ્યું છે કે, દરેક મસ્જીદમાં હિંદુ મંદિર શોધવું એ યોગ્ય નથી. અને કેટલાક લોકો આ જોરે હિન્દુ નેતા બની જવા માગે છે. આપણે સર્વધર્મ સમભાવમાં માનીએ છીએ ત્યારે આવી પ્રવૃત્તિ બંધ થવી જોઈએ.હવે સવાલ એ છે કે, આ મુદે ભાજપ શું માને છે? કારણ કે, સંભલ અને અજમેરનાં કેસ કોર્ટમાં પહોચ્યા છે. અને બીજા ધર્મસ્થાનો વિષે પણ વાતો ચાલી રહી છે. આ રીતે તો વાત ક્યાં સુધી પહોચે અને દેશમાં હિંદુ મુસ્લિમ તનાવ છે એ વધુ વકરી શકે છે. એ વાત સાવ સાચી છે કે, મુગલ કાળમાં હજારો હિંદુ મંદિરોને તોડી પાડવામાં આવેલા અને ત્યાં મસ્જીદો બનેલી પણ શું માત્ર મુસ્લિમ રાજાઓએ જ અએવુ કર્યું હતું? હિંદુ રાજાઓએ એવું કર્યું હતું ખરું ? ઈતિહાસની જ વાત કરીએ તો એ બધા માટે સમાન હોય છે અને ઈતિહાસ એવું કહે છે કે, હિંદુ રાજાઓએ પણ બૌધ્દ અને જૈન મંદિરો તોડી પાડ્યા હતા અને ત્યાં હિંદુ મંદિરો બંધાયા.

ઈતિહાસકાર રિચર્ડ ઈતન , ડીએન ઝા , રોમીલા થાપર જેવા અનેક ઈતિહાસકારોએ સંદર્ભો સાથે કહ્યું છે કે, મૌર્ય કાળમાં બુદ્ધ સ્તૂપ, વિહારને તોડી પાડવામાં આવ્યા હતા. સ્વામી વિવેકાનંદે પૂરી જગન્નાથ મંદિર બૌધ્દ મંદિર હતું અને એની યાત્રા એ બૌધ્દ પરમ્પરા હતી એમ જણાવ્યું છે. તો દય્નાનાદ સરસ્વતીએ પણ લખ્યું છે કે, શંકરાચાર્યનાં વખતમાં જૈન ધર્મની ખંડન થયુ અને આક્રમણ થયા અને જૈન પ્રીમાઓને ખંડિત કરી દેવાશે એવા ભયે જૈનોએ મૂર્તિઓ દાટી દીધી હતી. આઠમી સદી, દસમી સદી અને ૧૧ઈ સદીની શરૂઆતમાં અનેક રાજાઓએ કેટલાક મંદિરો લુંટ્યા હતા કેટલીય મૂર્તિઓ નસ્ટ કરી હતી. આવા દાખલાઓનો પાર નથી. મુસ્લિમો અને તુર્કીઓ આ દેશમાં આવ્યા પહેલાની આઘ્ત્નાઓ છે. અને ઈતિહાસમાં એના પ્રમાણો મળે છે અને બૌધ અને જૈનો આજે જેમ હિંદુઓ દાવા કરે છે એમ દવા કરવા લાગશે તો શું થશે? અને એની શરૂઆત પણ થઇ ચુકી છે. બુધ્ધ ધર્મના ગુરુ સુમિત રત્ન ભંતે પણ કોર્ટમાં પહોચ્યા છે અને દાવો કર્યો છે કે, જ્ઞાનવાપી એ મસ્જીદ પણ નથી અને મંદિર પણ નથી વાસ્તવમાં એ બુદ્ધ મઠ છે. ત્રિશુલ અને સ્વસ્તિકના ચિહ્નો ત્યાં મળ્યા છે એ બદ્ધ ધર્મના પ્રતિક છે. એમણે તો એમ પણ કહ્યું છે કે, આ જ રોતે કેદારનાથ અને બદ્રીનાથ માટે પણ દાવો કરવામાં આવશે. એમણે તો એમ પણ કહ્યું છે કે, મુસ્લિમ ધર્મ ૧૫૦૦ વર્ષ એના હિંદુ ધર્મ ૧૨૦૦ વર્ષ પુરાણો છે પણ બૌદ્ધ ધર્મ ૨૫૦૦ વર્ષ પુરાણો છે.

ખબર ની KHABAR



કૌશિક મહેતા

અહી ભાગવતનાં નિવેદનને જીદ્દાની જરૂર છે. હિંદુઓ મસ્જીદો પર દવા કરવા લાગશે અને એ જ રીતે બૌદ્ધો અને જૈનો પણ દાવા કરવા લાગશે તો આ દેશમાં ભાઈચારો રહેશે કઈ રીતે?

બીજું કે, ભાગવતનાં નિવેદન અંગે ભાજપે મૌન સેવ્યું છે. અગાઉ પણ ભાગવતે ભાજપને નિશાન બનાવી કેટલાક નિવેદનો કરેલા પણ ભાજપે એનો જવાબ આપ્યો નહતો. અત્યારે પણ મૌન છે. ભાજપનું આ મૌન ભેદી છે. ભાજપ અને સંઘ વચ્ચે સમસ્યા છે એવી વાતો તો ઘણા સમ્યહતી ચાલે છે. એટલું જ નહિ પણ સંઘ મોદી શાહની જોડી ઈચ્છતા નથી એવું ય ઘણા માને છે. આઆ વાતમાં કેટલો દમ છે એ કહેવું મુશ્કેલ છે. પણ એ વાત પર પણ ધ્યાન આપવાની જરૂર છે કે, ભાગવત કોઈ કારણોસર આવું નિવેદન આપી રહ્યા છે? ભાજપ દિલ્હીમાં અને ઘણા રાજ્યોમાં સત્તા પર છે તો પછી શા માટે દેશનો માહોલ બગાડવો જોઈએ ?કોના મનમાં શું છે એ કળવું સહેલું નથી પણ દેશમાં જે બની રહ્યું છે એ ઠીક નથી.

મસ્જીદો પર એક પછી એક દાવાઓ આવતા સુપ્રીમ કોર્ટે નવી અરજીઓને રોકી દીધી છે. પણ એનાથી હિંદુઓનો એકભાગ અને કેટલાક ધર્માચાર્યો અટકવાના નથી. આ મુદો સંવેદનશીલ છે અને ઝેરના પારખા કરવા જેવા નથી હોતા એ વાત સમજવી પડશે. અને એ સ્થિતિમાં ભાગવતના નિવેદનનું સ્વાગત થવું જોઈએ.

# EDને સુપ્રીમની ફટકાર

## કોંગ્રેસના નેતાની લગભગ ૧૫ કલાકની પૂછપરછને અતિરેક ગણાવી : કોઈ આતંકવાદી પ્રવૃત્તિ સાથે જોડાયેલો મામલો નથી પરંતુ ગેરકાયદેસર રેતી ખનનનો હતો



નવીદિલ્હી, તા. ૩

સુપ્રીમ કોર્ટે હરિયાણાના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય સુરેન્દ્ર પંવારને મોટી રાહત આપી છે. કોર્ટે ગેરકાયદે ખનન કેસમાં પૂર્વ ધારાસભ્યની ધરપકડને ગેરકાયદેસર જાહેર કરી હતી. તેમજ કોંગ્રેસના નેતાની લગભગ ૧૫ કલાકની પૂછપરછને અતિરેક ગણાવી હતી. સુપ્રીમ કોર્ટે ઊઉના આ અમાનવીય વર્તનને ગણાવ્યું હતું. ગેરકાયદે ખનન કેસમાં કોંગ્રેસ નેતા સુરેન્દ્ર પવારને હાઈકોર્ટમાંથી મુક્ત કરવાના નિર્ણયને ઊઉએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ અભય એસ ઓકા અને ઑગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે ઊઉની અરજી ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે કોંગ્રેસ નેતાની સતત ૧૫ કલાક સુધી ઊઉની પૂછપરછનું આચરણ સંપૂર્ણપણે અમાનવીય હતું. કારણ કે આ કોઈ આતંકવાદી પ્રવૃત્તિ સાથે જોડાયેલો મામલો નથી પરંતુ ગેરકાયદેસર રેતી ખનનનો હતો. આવા કિસ્સામાં લોકો સાથે આવો વ્યવહાર ન કરવો જોઈએ. ઊઉએ વ્યક્તિને નિવેદન આપવા દબાણ કર્યું. આ યોગ્ય નથી.

ખંડપીઠે કહ્યું હતું કે પ્રતિવાદીની ધરપકડ ગેરકાયદેસર હોવાના હાઈકોર્ટના નિર્ણયમાં અમે દખલ કરવા માટે તૈયાર નથી. ચુકાદામાં હાઈકોર્ટે માત્ર એ નક્કી કર્યું હતું કે પંવારની ધરપકડ ગેરકાયદે છે કે નહીં. અગાઉ ૨ ડિસેમ્બરે સર્વોચ્ચ અદાલતે એક આદેશમાં કહ્યું હતું કે હાઈકોર્ટનો નિર્ણય મની લોન્ડરિંગ એક્ટની કલમ ૪૪ હેઠળ પેન્ડિંગ ફરિયાદને અસર કરશે નહીં. ઊઉના વકીલ ઝોહેબ હુસૈને કહ્યું કે હાઈકોર્ટે નિર્ણયમાં ભૂલ કરી હતી કે પંવારની સતત ૧૪.૪૦ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. ઊઉએ તેના અધિકારીઓને ૨૦૨૪માં પૂછપરછના ચોક્કસ ધોરણો જાળવવા સૂચના આપી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે મોડી રાત્રે અને દિવસના વહેલી કલાકોમાં લોકોની પૂછપરછ ન કરવી જોઈએ. કોંગ્રેસના નેતા અને પૂર્વ ધારાસભ્ય સુરેન્દ્ર પંવારને ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ હાઈકોર્ટે મુક્ત કર્યા હતા. તેના આદેશમાં, હાઈકોર્ટે કહ્યું કે અરજદાર સામેના આરોપો ગેરકાયદેસર ખાણકામ અથવા ગેરકાયદેસર રીતે ખનન સામગ્રીના સપ્લાય સાથે સંબંધિત છે. ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધિનિયમ અને મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ગેરકાયદેસર ખાણકામ એ ગુનો છે પરંતુ સુનિશ્ચિત ગુનો નથી. તેથી અરજદાર સામે કાર્યવાહી થઈ શકે નહીં. હાઈકોર્ટે કોંગ્રેસના નેતા સુરેન્દ્ર પંવારની ૧૫ કલાકની પૂછપરછ પર પણ નારાજગી વ્યક્ત કરી હતી. હાઈકોર્ટે કહ્યું હતું કે ઊઉએ પોતે કહ્યું હતું કે પંવરને મની લોન્ડરિંગની કલમ ૫૦ હેઠળ સમન્સ જારી કરવામાં આવ્યા હતા અને તે ૧૯ જુલાઈ, ૨૦૨૪ના રોજ ગુરુગ્રામમાં સવારે ૧૧ વાગ્યે એજન્સી સમક્ષ હાજર થયો હતો અને ૧૪ કલાક અને ૪૦ મિનિટ સુધી સતત પૂછપરછ કરવામાં આવી હતી. પૂછપરછ કરવામાં આવી હતી. ૧૪ કલાકથી વધુ સમય સુધી સતત પૂછપરછ માનવ ગરિમા વિરુદ્ધ હતી. અમે આશા રાખીએ છીએ કે આવા કેસોમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ સુધારાત્મક પગલાં લેશે અને અધિકારીઓને એક જ વારમાં શકમંદો સામે તપાસ માટે કેટલીક વાજબી સમય મર્યાદાનું પાલન કરવા માટે સંવેદનશીલ બનાવશે.૨૦ જુલાઈના રોજ, સોનીપતના તત્કાલિન ધારાસભ્ય અને કોંગ્રેસના રાજ્યના સોશિયલ મીડિયા પ્રભારી સુરેન્દ્ર પંવારની પૂછપરછ બાદ ઊઉ (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ધારાસભ્યને કરોડો રૂપિયાના મની લોન્ડરિંગ અને ગેરકાયદેસર માઈનિંગ સંબંધિત કેસમાં આરોપી બનાવવામાં આવ્યા હતા. તેને અંબાલા કોર્ટમાં રજૂ કર્યા બાદ તેને જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો. ઊઉએ ધારાસભ્ય પર ખોટી રીતે માઈનિંગ કરીને કંપની દ્વારા કરોડો રૂપિયાની કમાણી કરવાનો આરોપ લગાવ્યો છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## શીર્ષક માનસ શહીદ

### ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થની સાચી સમજ આપે એ સાચો પિતા છે



માનસ શહીદની પાંચમા દિવસની કથામાં પ્રવેશ કરતાં કહ્યું કે, શહીદ એટલે માત્ર સરહદ ઉપરનાં જવાનો જ નહીં, પણ જે જગતમાં સત્ય માટે કુરબાન થયા હોય, પ્રેમ માટે કુરબાન થયા હોય, કે કરુણા માટે કુરબાન થયા હોય, એ બધાં શહીદ છે. રાષ્ટ્રને એક કરવામાં જેમણે પોતાનું મહત્વનું પદ જતું કર્યું એ સરદાર પટેલ શહીદ જ છે. મહાત્મા ગાંધીબાપુ વૈશ્વિક શહીદીનું સૌથી ઉત્તમ ઉદાહરણ છે, આટલી મોટી આઝાદી અને એ પણ અહિંસાના બળ પર! ગીધ અને કાગડો એ બે પક્ષી આખી દુનિયામાં બધે જ જોવા મળે છે. હંસ બધે નથી, આમ તો હિન્દુસ્તાનમાં છે કે નહીં? એ પણ એક પ્રશ્નાર્થ છે. હંસ એ એક કલ્પના છે, જ્ઞાન અને વિવેક માટે સૂત્રાત્મક પક્ષી છે, પણ હિન્દુસ્તાને પરમહંસ્સો બહુ આપ્યા છે. નાભાજીએ તો પરમહંસોની એક માળા આપી છે, અને એ માળાનો મેરુ મારો તુલસી છે. તો હંસ બધે નથી, પોપટ બધી જગ્યાએ છે કે કેમ? એ પણ સવાલ છે, પરંતુ પોપટ જનકપુરમાં છે!

સુખ સારિકા જાનકી જ્યાએ,
જનક પિંજરન્હિ રાખિ પઢાએ,
ચાતક કોકિલ કીર ચકોરા,
કૂજંત બિહગ નટત કલ મોરા.

આપણી પાસે બહુ મોટો પોપટ છે અને એ છે શુકદેવજી મહારાજ, આપણે બધા એને કારણે ઉજળા છીએ, નરસિંહ એ તો ભજન પણ લખ્યું છે.

પઢો રે પોપટ રાજા રામના અને સતી સીતા પઢાવે, હેજી, પહેલા પહેલા જુગમા રાણી તું હતી પોપટી, ને અમે રે પોપટ રાજા રામના..

હોલા હિન્દુસ્તાનમાં છે, અને હોલા હોલીની કથા પણ છે, રામાયણમાં શિબિ રાજાનાં પ્રસંગમાં છાબડામાં બેઠેલો હોલો.. ઘુવડ છે, ચકલા ચકલી, કાબર અને કોયલ પણ છે. કોયલ એની વાણીથી ઓળખાય છે, અને આપણે ત્યાં વંદે વાલ્મિકી કોકીલમ, વાલ્મિકી જેવા મહાપુરુષને વિશ્વામિત્રજીએ કોયલ કહ્યાં છે. મોર પણ લગભગ બધે જ હશે, અને એટલે જ મન મોર બની થનગાટ કરે એ ગીત આવ્યું. તુલસીદાસજીએ પોતાના મનને ભમરા સાથે સરખાવ્યું, અને માંગણી કરી કે ભમરાને કમળ બહુ પ્રિય હોય, એટલે મને કમળ આપો. તો ગીધ અને કાગડા આ બે પક્ષી દુનિયામાં લગભગ બધે જ છે. ગરુડ જેટલી તો નહીં પરંતુ જેની ઉડાન વધુ ઊંચી, એ પક્ષીમાં ગીધનો સમાવેશ થાય છે, અને સંપાતીએ કહ્યું એમ ''અસ કહી ગરુડ ગીધ જબ ગયેઉ'', સંપત્તિ જ્યારે જાય છે ત્યારે ગીધ ગરુડ એમ સામ્યતાની સાકળ રાખી, એટલે કે બંને સરખા છે. પરમાત્મા માટે વિશ્વમાનુષ એવો એક શબ્દ આવ્યો છે, અને વિનોબાજી મહાત્મા ગાંધી માટે આ શબ્દ વાપરે છે!

ગઈકાલની કથામાં આપણે જટાયુ અને દશરથની વાત કરી હતી, કે એકે પુત્ર માટે પ્રાણ છોડ્યા, અને એકે પુત્રવધુ માટે. વાલ્મિકી જટાયુને જેવી ગતિ મળી તેવી યોગીઓને નહીં મળે, દાનવીરોને નહીં મળે, વિદ્વાનોને નહીં મળે, અને તુલસી આ બધાનું સામ્ય કરતા લખે છે, ગતિ દિન્હી જો જાચત જોગી. આમ અધમ જાતિના ગીધને જોગીની શ્રેણીમાં સ્થાન મળ્યું. જ્યારે ઉપર રહેનારા દેવતાઓ માટે તુલસી લખે છે'' ઉંચ નિવાસું નીચિ કરતૂતી''.

અરણ્ય કાંડમાં તુલસી જટાયુ માટે ચાર વખત તાત શબ્દનો પ્રયોગ કરે છે. જટાયુ ભગવાનને પૂછે છે કે તમે ચાર વખત પિતા કહ્યા એનું કારણ શું છે? ભગવાન કહે સ્થૂળ રૂપમાં તો આપ આદરણીય અને પૂજ્ય છો, પ્રાતઃ સ્મરણીય છો, અમારા બાપ જેવા છો, પરંતુ હું સ્મૃતિમાં પણ તમને બાપ માનીશ, સ્વપનમાં પણ બાપ માનીશ, અને બ્રહ્મત્વને પ્રાપ્ત કરું ત્યારે મારી તુરીયા અવસ્થામાં પણ આપ મારા પિતા જ હશો! એમ ચાર વૈચારિક કક્ષા. આ ઉપરાંત ભગવાન રામે જટાયુને એમ કહ્યું કે અમે ચાર ભાઈઓ છીએ ચારે ભાઈઓના બાપ છો, એટલે અમે તમને ચાર વખત બાપ કહ્યાં.

બાપની વ્યાખ્યા શું કરીશું? પોતાના સંતાનોને ધર્મ શીખવાડે તે બાપ, ધર્મ એટલે વિશેષણ મુક્ત ધર્મ! પોતાના સંતાનને અર્થની સમજ આપે! એટલે કે સ્થાવર જંગમ મિલકતને સાચવજે, અને બીજી રીતે જીવનનો અર્થ એટલે કે જીવન શું છે? કેમ જીવવું જોઈએ? તે સમજાવે એ પિતા. પિતા પોતાના છોકરાઓના લગ્ન કરાવે એ બાપની ફરજ છે, અને એમ કામ ભાવની સમજ કે પરવાનગી આપે છે. પિતા સંતાનને બધા જ પાઠ ભણાવે, છતાં પોતાના સંતાનોને બાંધે નહીં, લૌકિક વ્યવહારમાંથી મુક્ત રાખે, છતાં એ સંસ્કાર ચૂકે નહીં એ મોક્ષ છે.

જટાયુ પૂછે છે કયો ધર્મ? જાન આપીને પણ બીજાની ઈજ્જત બચાવવી એ ધર્મ તમે અમને શીખવાડ્યો, બીજાનું હિત કરવું, બીજાના કલ્યાણ માટે ખપી જવું, એ ધર્મ તમે અમને બતાવ્યો, નહિતર મારી જાનકીને કોઈ અપહરણ કરી જાય, તેમાં તમારે વચ્ચે પડવાની શું જરૂર? પણ તમે સાચા બાપ છો, તમે ધર્મ જીવી બતાવ્યો! તમે અર્થ બચાવ્યો એટલે કે જાનકી રૂપી લક્ષ્મીને બચાવવાની કોશિશ કરી. જાનકી એટલે કે સ્ત્રી! વ્યાસપીઠને કોઈ પૂછે કે સ્ત્રી કેવી હોવી જોઈએ! તો જેનામાં શ્રી હોય, એટલે કે તેજ વૈભવ અને ઓજસ્વીતા હોય એવી સ્ત્રીનું તમે રક્ષણ કર્યું, એટલે કે કામનું રક્ષણ કર્યું! અને તમે પુરુષ છો એટલે કે જેનામાં પૌરુષ તત્વ હોય એ, પોતાનાથી નાનાને જવાબદારીમાંથી મુક્ત રાખે, બાપ દીકરાનું મન સાચવે એની બુદ્ધિને વ્યભિચારી ન થવા દે, એના ચિતને ચંચળ ન થવા દે, દીકરો ખૂબ કમાય પણ ડેલીમાં બેઠો બેઠો બાપ એ ઐશ્વર્યનું ધ્યાન રાખે, કે અનીતિ તો નથી ને! છોકરાને કોઈ અહંકાર ન આવી જાય! એટલે આ રીતે આપ તાત એટલે કે પિતા છો.

ભગવાન કરે દુનિયામાં ક્યાંય યુદ્ધ ન હોય પણ જ્યાં સુધી જગતમાં માનવીની માનસિકતા આવી છે ત્યાં સુધી, યુદ્ધ ન થવું એ એ મુશ્કેલ છે. યુદ્ધના પક્ષમાં હું નથી, શસ્ત્રોના પક્ષમાં મારી વ્યાસપીઠ નથી, પણ જ્યાં સુધી બીમારી છે ત્યાં સુધી તેનાં ઈલાજના પગલાં પણ મને કે મને લેવાં જ પડે, નહીંતર આ બધું સાધુ ને કેમ ગમે! મહાભારતની વાત કરીએ તો આટલા મોટા યુદ્ધનું પરિણામ શું આવ્યું? કુળ વિનાશ! યુદ્ધનું પરિણામ વિનાશ જ છે, છતાં નાસમજી હોય ત્યારે રાષ્ટ્ર અને રાષ્ટ્રની સુરક્ષા માટે પગલાં લેવા જ પડે, ધન્ય છે આ વીર જવાનોને! જટાયુ અને રાવણ વચ્ચેના યુદ્ધમાં રાવણના પ્રહારથી જટાયુ પડી ગયાં, એની પાંખો કપાઈ ગઈ, અને રાવણ જાનકીજીને ફરી વખત પોતાના રથમાં બેસાડીને ભાગ્યો, પછીનું ઘણું માનસમાં લખાયું નથી જેમ કે ઘણા બધા ગીધો ભેગા થઈ ગયા! પાંખો કપાઈ ગઈ છે, અને જટાયુને અત્યંત પીડા થાય છે, તે ચારે બાજુ જોયા રાખે છે. ત્યારે એક ગીધ તેને પૂછે છે કે તમે શું જોઈ રહ્યા છો? એટલે જવાબ આપે છે કે, હું મારા દીકરાની રાહ જોઉં છું. બાપ મરવા પડે ત્યારે દીકરો યાદ આવે કે, મારો દીકરો જલ્દી આવી જાય તો સારું! રામ એનો દીકરો છે એની એ રાહ જોવે છે.

બાપુ કહે છે કે પોતાને ઘણીવાર વિચાર આવે કે જટાયુ જ વૈશ્વિક કેમ? ભુષંડી જ વૈશ્વિક કેમ? પણ એનું કારણ છે કે આપણે હવે યાંત્રિક માનવ થતા જઈએ છીએ! એની પછી વન માનવ આવે જે થોડો સારો, વૃક્ષ છાયો આપે, ફળ આપે, અડીખમ ઊભા હોય! પછી પશુ માનવ, કામ ક્રોધ ગમે તે ગલીમાં વળી જાય એ પશું માનવ. જલ માનવ જે સરળતાથી બધામાં ભળી જાય! પરંતુ બધા કરતાં શ્રેષ્ઠ શ્રેણી વેદ માનવ, વિનોબાજી એ એની પર સુંદર વ્યાખ્યાન આપ્યું છે. કથાના ક્રમમાં ગયા વગર પાંચમા દિવસની કથાને વિરામ આપ્યો.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### સિત્તેર વર્ષના ડોસીમાની હત્યાની તપાસ દરમિયાન જે સત્ય હકિકત સામે આવી તેનાથી પોલીસ પણ ચોંકી ગઇ

# ખળભળાટઃ હવસખોરે વૃધ્ધ ફઇ પર દૂષ્કર્મ આચરી હત્યા કરી લૂંટ ચલાવી!

## એકલવાયુ જીવન જીવતાં વૃધ્ધાની હત્યામાં ભત્રીજા સાથે તેના મિત્રની પણ ખુલી સંડોવણીઃ એકાવન હજારની કરી હતી લૂંટઃ બંને ઝડપાઇ ગયા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૩**

રાજકોટઃ રાજ્યમાં ચોરી, લૂંટ, હત્યા સહિતની ઘટનાઓ બનતી રહે છે. અમુક હત્યાની ઘટનાઓમાં તપાસ વખતે જે તે આરોપી તુરંત પકડાઇ જતાં હોય છે. અમુક ઘટના મિસ્ટ્રી બની જતી હોય છે તેનો ભેદ ઉકેલવા પોલીસને ભારે મહેનત કરવી પડતી હોય છે. આવો જ એક હત્યાનો ભેદ ઉકેલાયો છે. તેમાં જે સત્ય હકિકત સામે આવી છે તેનાથી પોલીસ પણ ખળભળી ગઇ છે. એક વૃધ્ધાની તેમના જ ઘરમાં હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. પોલીસે તપાસ શરૂ કરતાં એક પછી એક ખળભળાટ મચાવતી વિગતો ખુલી હતી. આ વૃધ્ધાની હત્યા લૂંટના ઈરાદે તેના જ ભત્રીજાએ પોતાના મિત્રની મદદથી કર્યાનું ખુલ્યુ.હતું. એટલુ જ નહિ આ શૈતાને હત્યા અને લૂંટ પહેલા વૃધ્ધા સાથે બળાત્કાર પણ ગુજાર્યો હતો!

વિગતો પર નજર કરીએ તો આ ઘટના આણંદના મોગરી ગામે એકલા રહેતા સિત્તેર વર્ષીય વૃદ્ધાના ઘરમાં ઘૂસીને વૃદ્ધાના ભત્રીજા અને તેના મિત્રએ દુષ્કર્મ આચરી, દોરી જેવી વસ્તુથી વૃદ્ધાનું ગળું દબાવીને હત્યા કરી, વૃદ્ધાએ પહેરેલી સોનાની બુટ્ટી અને મોબાઈલની લૂંટ ચલાવી નાસી છુટયા હતા. આ અંગે વિદ્યાનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જેમાં આણંદ એલસીબી અને વિદ્યાનગર પોલીસે બંને આરોપીઓની અટકાયત કરતા બંનેએ ગુનો કર્યાની કબૂલાત કરી હતી. પોલીસે લૂંટ કરેલો મોબાઈલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વધુ માહિતી મુજબ મોગરી ગામે એક ૭૦ વર્ષીય વૃદ્ધા એકલવાયું જીવન ગુજારતાં હતાં. તેમના પતિ અને બે દીકરાઓનું અવસાન થઈ ગયું હતું અને બે દીકરીઓના લગ્ન કરી દીધાં હતાં.



તેઓ ઘરનો મુખ્ય દરવાજો અંદરથી બંધ કરીને સુઈ ગયાં હતાં. જોકે, તેમના ઘરના પાછળના ભાગે આવેલો દરવાજો ખૂલ્લો રહી ગયો હતો. ત્યારે રાત્રે સાડા નવ વાગ્યા બાદ અજાણ્યા શખ્સે સેમના ઘરમાં -વેશ કરી વૃદ્ધા ઉપર બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં દોરી જેવી વસ્તુથી વૃદ્ધાનું ગળું દબાવીને હત્યા કરી નાખી હતી. વૃદ્ધાએ પહેરેલી સોનાની બુટ્ટી અને એક મોબાઈલ મળી કુલ રૂ.૫૧,૫૦૦ની મત્તાની લૂંટ કરી શખ્સ ફરાર થઈ ગયો હતો. આ અંગે બીજા દિવસે બપોરે સ્થાનિકોને જાણ થતાં તેમણે વિદ્યાનગર પોલીસને જાણ કરી હતી.

જેથી પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને વૃદ્ધાની લાશનો કબ્જો મેળવી પીએમ માટે કરમસદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પેનલ ડોક્ટર દ્વારા પીએમ કરવામાં આવતા, વૃદ્ધા પર દુષ્કર્મ ગુજારી, ગળું દબાવી હત્યા કરવામાં આવી હોવાનું ખૂલ્યું હતું.વિદ્યાનગર પોલીસે આ અંગે ગત બુધવારે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધ્યો હતો.

બાદમાં આણંદ એલસીબી અને વિદ્યાનગર પોલીસે સ્થળ તપાસ કરી હતી. જેમાં જૂદા જૂદા વ્યક્તિઓની પુછપરછ કરતા બે શકમંદોના નામ જણાઈ આવ્યા હતા. જેના આધારે એલસીબીએ વિરસદ ગામેથી ત્રેવીસ વર્ષના ઈમ્તિયાઝ ઈકબાલભાઈ રાઠોડને લૂંટેલા મોબાઈલ સાથે ઝડપી પાડયો હતો. જેની સઘન પુછપરછમાં તેના મિત્ર ચિરાગ ઠાકોરભાઈ ચૌહાણ સાથે મળી દુષ્કર્મ આચરી હત્યા કરી લૂંટ ચલાવી હોવાની કબૂલાત કરી હતી. જેથી વિદ્યાનગર પોલીસે ચિરાગને ગુરૂવારે ઝડપી પાડયો હતો. મૃતક વૃદ્ધા ચિરાગના ફઈ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બંને આરોપીઓ બોરસદના કસુંબાડમાં રહેતા હોવાનું અને લાકડાના પીઠામાં મજૂરી કરતા હોવાનું જાણવા મળ્યું છે.

તેમજ અંધારિયા ખાતે લાકડાના પીઠામાં મજૂરી કરી બંને મિત્રો સીધા મોગરી ગામ ગયા હોવાનું પ્રાથમિક તપાસમાં ખૂલ્યું હતું. આ ઘટનાએ સમગ્ર રાજ્યમા ખળભળાટ મચાવ્યો છે. હૈવાનો શૈતાનો કઇ હદ સુધી જતાં હોય છે તેની પ્રતીતી આ ઘટના કરાવી છે. વૃધ્ધ અને એકલવાયુ જીવન જીવતાં ફઇનું રક્ષણ કરવાને બદલે ભત્રીજાએ તેમને જ લૂંટી લઇ બળાત્કાર ગુજારી હત્યા કરી નાંખ્યાનું ખુલતાં આ હવસખોર હત્યારા પર ફીટકાર વરસી રહ્યો છે.

# વ્યાપારીઓની નીંભરતા કે તંત્રની ઉદાસીનતા

## છેલ્લા ઘણા સમયથી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ પ્રતિબંધિત પ્લાસ્ટિકનું જથ્થો કરે છે જપ્ત છતાં સ્થિતિ જેવી છે તેવી જ

રાજકોટ, તા. ૩

છેલ્લા ઘણા સમયથી મહાનગરપાલિકાના સોલિડવેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે એટલું જ નહીં એ તમામ વેપારીઓ કે જે પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો નો ઉપયોગ કરતા હોય તેમના પર તવાઈ બોલાવવામાં આવી રહી છે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને હાલ ઘણા ખરા પ્રશ્નો ઉભા તો થયા છે પરંતુ જરૂરી એ છે કે જ્યાં સુધી વિભાગ દ્વારા કડકાઈ રાખવામાં નહીં આવે ત્યાં સુધી આ પ્લાસ્ટિકના જથ્થાનો ઉપયોગ જેમ થતો હોય તેમ જ થતો રહેશે. બીજી તરફ એ વાત પણ સામે આવી રહી છે કે શું તંત્રની ઉદાસીનતા છે કે પછી વ્યાપારીઓની નિમ્ભરતા.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ દ્વારા ગત ૨ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સંબંધિત વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૫૪ આસામીઓ પાસેથી ૫.૭૭૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૨૭૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૬ આસામીઓ પાસેથી ૩.૯૯૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૮૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

### સાડા પાંચ કિલો પ્લાસ્ટિકનો જથ્થો કર્યો જપ્ત સામે ગંદકી કરતા લોકો પાસેથી ૧૨,૭૫૦નો દંડ કર્યો વસૂલ



વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૩ આસામીઓ પાસેથી ૧.૦૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૩૦૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૫ આસામીઓ પાસેથી ૦.૭૩ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩૮૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઇજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં કામગીરી કરવામાં આવી હતી.

# સૌરાષ્ટ્રના વિકેટકીપર બેટ્સમેન શેલ્ડન જેક્સનએ વાઈટ બોલ ક્રિકેટમાંથી લીધી નિવૃત્તિ

## ૨૦૨૨- ૨૩ની વિજય હજારે ટ્રોફીમાં ટીમને વિજય અપાવવામાં શેલ્ડનનો સિંહ ફાળો

રાજકોટ, તા. ૩

સૌથી નોંધપાત્ર અને અસાધારણ બેટ્સમેન અને વિકેટકીપર પૈકીના એક શેલ્ડન જેક્સને સફેદ બોલની ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. શેલ્ડન જેક્સને ૮૬ લિસ્ટ અ મેચો રમી, તેણે નવ સદી અને ૧૪ અર્ધસદી સાથે ૨૭૯૨ રન બનાવ્યા, જે ૪૨ કેચ લઈને ૧૫૦*નો સૌથી વધુ રન છે. શેલ્ડને ૮૪ ઝ૨૦ મેચ રમી, જેમાં એક સદી અને અગિયાર અર્ધશતક સાથે ૧૮૧૨ રન બનાવ્યા, જે સૌથી વધુ ૧૦૬* રન છે. શેલ્ડન જેક્સને વિજય હજારે ટ્રોફી ૨૦૨૨-૨૩માં સૌરાષ્ટ્રની વિજયી જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી,



જેણે ટોચના ક્રમના બેટ્સમેન તરીકે તેની નોંધપાત્ર સાતત્ય અને સુગમતા દર્શાવી હતી. સમગ્ર ટૂર્નામેન્ટમાં બેટ સાથે તેનું યોગદાન મહત્વનું હતું. BCCIના ભૂતપૂર્વ માનનીય સચિવ નિરંજન શાહે કહ્યું, શેલ્ડન હંમેશા તમામ ફોર્મેટમાં રમતનો અભિન્ન ભાગ રહ્યો છે. મેં તેની નાની ઉંમરથી જ રમત પ્રત્યેનો તેમનો જુસ્સો અને સમર્પણ જોયો છે. તે હંમેશા વધુ સારું પ્રદર્શન કરવા અને નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરવાની ઝંખના ધરાવે છે. શેલ્ડન રમતના ટૂંકા ફોર્મેટમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારાઓમાંનો એક રહ્યો છે. શેલ્ડને લિસ્ટ અ અને ઝ૨૦ ક્રિકેટમાં સતત સારું પ્રદર્શન કર્યું છે અને તમામ ફોર્મેટમાં શ્રેષ્ઠ દેખાવ કરવાની તેની ક્ષમતા દર્શાવી છે. વ્હાઇટ-બોલ ક્રિકેટમાં તેમના અમૂલ્ય યોગદાનની નિષ્ઠાપૂર્વક પ્રશંસા કરું છું. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ જયદેવ શાહે જણાવ્યું હતું કે, શેલ્ડન પ્રત્યે ઊંડો આભાર વ્યક્ત કરવા માંગુ છું કારણ કે તેણે વ્હાઈટ બોલ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. તેના સમર્પણ, સખત મહેનત અને વર્ષોથી અસાધારણ પ્રદર્શનને કારણે તેને ટીમની ઓળખ મળી છે. સૌરાષ્ટ્ર માટે એક મહત્વપૂર્ણ ખેલાડી છે અને દરેક ફોર્મેટમાં ક્રિકેટ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા અને રમતમાં તેમના યોગદાનનો સાચો પુરાવો છે કારણ કે તેમણે સફેદ બોલના ફોર્મેટને વિદાય આપી છે.

### અજબ પ્રેમ કી ગજબ કહાની...લવરીયા તસ્કર બનીને ત્રાટકતા હતાંઃ રાજકોટની ગાંધી સોસાયટીમાં વ્હોરા વેપારીના ઘરમાં થયેલી લાખોની ચોરીનો ભેદ ઉકેલાયો

# તસ્કર બંટી-બબલી ઝડપાયાઃ ૧૭ા લાખની મત્તા થઇ કબ્જે

## અગાઉ મહારાષ્ટ્ર-કર્ણાટકમાં ૨૮ ચોરીઓમાં સામેલ શખ્સને બેંગ્લોરની યુવતિ સાથે પ્રેમ થયા બાદ ચોરીઓમાં પણ બંને સાથ નિભાવતાઃ ગેસ્ટહાઉસમા રોકાઇ દિવસે રેકી કરતા, રાતે કરતાં ચોરીઃ ડીસીપી જગદીશ બાંગરવાએ વિગતો જણાવીઃ પીએસઆઇ આર. એચ. ઝાલાની ટીમને વધુ એક સફળતા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૩**

રાજકોટઃ શહેરમાં અવાર-નવાર મસમોટી ચોરીઓના બનાવો બને છે. દરમિયાન વધુ એક વખત તાજેતરમાં ચરા દિવસ પહેલા જામનગર રોડ પર આવેલી ગાંધી સોસાયટીમાં વ્હોરા વેપારીના બંધ મકાનમાં પંદર લાખ આસપાસની ચોરી થઇ હતી. આ ચોરીનો ભેદ ઉકેલવા ગાંધીગ્રામ પોલીસ, એલસીબી ઝોન-૨, ક્રાઇમ બ્રાંચની ટીમો કામે લાગી હતી. એ દરમિયાન એલસીબી ઝોન-૨ ટીમને વધુ એક વખત સફળતા મળી છે. મહારાષ્ટ્રના રીઢા તસ્કર અને કર્ણાટકની તેની પ્રેમિકાને આ ચોરીના ગુનામાં ઝડપી લઇ સાડા સત્તર લાખનો રોકડા, દાગીના સહિતનો મુદ્દામાલ કબ્જે કરાયો છે. આ બંને જે તે શહેરમાં પહોંચી ગેસ્ટહાઉસ કે હોટેલમાં રૂમ રાખી ત્યાં રોકાયા બાદ દિવસે જે તે સોસાયટીઓમાં રેકી કરી રાતે ચોરી કરવાની આદત ધરાવે છે. રીઢો તસ્કર અગાઉ અઠ્ઠાવીસ ચોરીઓ કરી ચુક્યો છે. રાજકોટમાં મોટી ચોરી કરી એ પહેલા જામનગર રોડ પર જ મંદિર અને એક મકાનને પણ નિશાન બનાવ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો માધાપર ચોકડી નજીક આવેલી ગાંધી સોસાયટીમાં રહેતાં અને લાતી પ્લોટમાં રાજ ટીમ્બર નામે લાતી ધરાવતાં ખોજેમભાઇ ફીદાહુશેન ભારમલ નામના વ્હોરા વેપારીના બંધ મકાનમાં ત્રણ દિવસ પહેલા થયેલી સાડા તેર લાખની ચોરીના ગુનાનો ભેદ ડીસીપી ઝોન-૨ની એલસીબી ઝોન-૨ ટીમે ઉકેલી નાંખી મહારાષ્ટ્રમાં રહેતાં અને મહારાષ્ટ્ર-કર્ણાટકની ૨૮ ચોરીઓમાં સંડોવાઇ ચુકેલા રીઢા તસ્કર અને કર્ણાટકની તેની લવર-પ્રેમિકાને દબોચી લઇ રોકડ દાગીના મળી રૂા. ૧૭,૫૫,૯૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ બંને કોઇપણ શહેરમાં જઇ હોટેલમાં રોકાણ છે અને દિવસના સમયે રિક્ષા મારફત અલગ અલગ વિસ્તારમાં જઇ બંધ મકાનની રેકી કરી રાતે ચોરી કરવાની આદત ધરાવે છે.

પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આ બંટી-બબલીએ ગાંધી સોસાયટીમાં ચોરી કરી એ પહેલા જામનગર રોડ પર મંદિરમાંથી દાનપેટી તોડી તેમજ અન્ય એક બંધ મકાનમાથી પણ રોકડની ચોરી કર્યાનું કબુલ્યું છે. પોલીસે જણાવ્યા અનુસાર જામનગર રોડ માધાપર ચોકડી પાસે આવેલી ગાંધી સોસાયટીમાં રહેતાં લાકડાના વેપારી પરિવાર સાથે વિએતનામ ફરવા ગયા હોઇ તેમનું મકાન પંદરેક દિવસ બંધ હતું. મંગળવારે સવારે તેઓ ઘરે આવ્યા ત્યારે ચોરી થયાની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસે ચોરીનો ગુનો દાખલ કર્યો હતો. ગાંધીગ્રામ પોલીસ સાથે એલસીબી ઝોન-૨ ટીમે પણ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં. એક શકમંદ સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. ભેદ ઉકેલવા ટીમો કામે લાગી હતી એ દરમિયાન પીએસઆઇ આર. એચ. ઝાલા અને ટીમને બાતમી મળી હતી કે એક શખ્સ શંકાસ્પદ હાલતમાં મમાધાપર ચોકડીથી મોરબી બાયપાસ




તરફ જવાના રસ્તે પૂલ પાસે ઉભો છે અને તેની પાસે દાગીના તથા રોકડ અને વિદેશી કરન્સી છે. આ માહિતીને આધારે ટીમે ત્યાં પહોંચી રાઉન્ડઅપ કરી તલાસી લેતાં રોકડ-દાગીના સહિતની માલમત્તા મળી આવી હતી. પુછતાછ કરતાં પોતાનું નામ અજીત શિવરાય ધનગર (રહે. હલકરણી શ્રીબિરાપ્પા મંદિર, બસ સ્ટેશન પાસે તા. ગડહિગ્લજ જી. કોલ્હાપુર મહારાષ્ટ્ર) જણાવ્યું હતું.

પહેલા તો તેણે દાગીના રોકડ પોતાના હોવાનું રટણ કર્યુ હતું. પરંતુ આધાર પુરાવા માંગતા ગલ્લા તલ્લા કરી અંતે તેણે ગાંધી સોસાયટીની ચોરી કબુલી હતી.

ચોત્રીસ વર્ષના આ તસ્કરની વિશેષ પુછતાછ થતાં પોતાની સાથે પોતાની પ્રેમિકા નિગમ્મા ટીપન્ના એમેટી (રહે. દસનાપુરા હોબલી, બેંગ્લોર નોર્થ, અલુર, હેગડાદેવનાપુર કર્ણાટક) પણ સામેલ હોવાનું કબુલતાં ત્રીસ વર્ષની તેની પ્રેમિકાને પણ પોલીસે સકંજામાં લીધી હતી. આ બંને તેના વતનમાંથી રાજકોટ થોડા દિવસ પહેલા આવ્યા હતાં અને હોટેલમાં રોકાયા હતાં. બાદમાં દિવસના સમયે રેકી કરવા માટે રિક્ષા મારફત નીકળ્યા હતાં. જે તે વિસ્તાર નજીક રોડ પર રિક્ષામાંથી ઉતરી સોસાયટી મહોલ્લામાં જતાં હતાં. એ દરમિયાન તેની નજર ગાંધી સોસાયટીના વ્હોરા વેપારીના બંધ મકાન પર પડી હતી. અહિ રાતે અજીત એકલો ત્રાટક્યો હતો, જે તે વખતે પ્રેમિકા ગેસ્ટહાઉસમાં રોકાઇ હતી. અજીતે મકાનની પાછળના ભાગનો દરવાજો લોખંડના સળીયા, ડીસમીસથી તોડી અંદર ઘુસી કબાટના લોક તોડી સોના ચાંદીના દાગીના, રોકડ, વિદેશી કરન્સીની ચોરી કરી હતી અને ફરી પ્રેમિકા પાસે જતો રહ્યો હતો. આ દરમિયાન તે ફરીથી રેકી કરવા આવ્યો હોઇ એલસીબીના હાથે પકડાઇ ગયો હતો.

ઝડપાઇ ગયેલા લવરીયા તસ્કર તસ્કરણી પાસેથી સોનાની બંગડીઓ અલગ અલગ ડિઝાઇનની આઠ નંગ, સોનાની માળા, મોટો ચેઇન, સોનાનો ચેઇન, ગુલાબી મોતીવાળી માળા, બુટીયા, નથણી, સોનાનું પેન્ડલ, વીંટીઓ દસ નંગ, ફાઇન ગોલ્ડ, ફાઇન સિલ્વર, ઉર્દુભાષાના લખાણવાળો સિલ્વર કોઇન, નોકીયા ફોન, હીરો કંપનીનો ફોન, કારા કંપનીનો સાદો ફોન, લેધરનું પર્સ, રોકડા ૩૨૯૦૦ તથા વિદેશી કરન્સી જેમાં સાઉદી અરેબીયીન રિયાલ્સ, સીંગાપોર ડોલર અને ઓસ્ટ્રેલિયન ડોલર મળી કુલ રૂા. ૧૭,૫૫,૯૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. એલસીબી ઝોન-૨ ટીમે અજીત ધનગરનો ગુનાહિત ઇતિહાસ ચેક કરતાં તે વર્ષ ૨૦૧૬થી ચોરીઓના ગુના આચરતો હોવાની વિગતો ખુલી હતી. જેમાં ૨૦૧૬માં કર્ણાટકમાં પ્રથમ ચોરી કરી હતી. એ પછી કર્ણાટક તેમજ મહારાષ્ટ્રમાં ચોરીઓના કુલ ૨૮ ગુનાઓ તેણે આચર્યા હતાં.

વધુ માહિતી અનુસાર કેટલાક વર્ષોથી તેને બેંગ્લોરની નિગમ્મા સાથે પ્રેમ થઇ ગયો હોઇ તેણી પણ ચોરીઓ કરવા અજીત જ્યાં જાય ત્યાં સાથે જાય છે. રેકી કરતી વખતે તે ભેગી રહે છે અને ચોરી કરવા ટાણે અજીત એકલો રાતે કે વહેલી સવારે ત્રાટકે છે. રાજકોટમાં ગાંધી સોસાયટીમાં લાખોની ચોરી ઉપરાંત તેણે ગત ૩૦/૧૨ના રોજ જામનગર રોડ પરાસર પાર્કમાં આવેલા મંદિરની દાનપેટી તોડી રોકડા રૂપિયાની ચોરી કરી હતી. તેમજ એ જ દિવસે મોડી રાતે જામનગર રોડ સત્યમ્ પાર્ક-૧માં આવેલા બંધ મકાનની વંડી ટપી તણીથી સળીયા કાપી ડીસમીસથી તાળા તોડી રોકડા ૫ હજારની ચોરી કર્યાનું કબુલ્યું હતું. એ પછી ગયા મંગળવારે રાતે બે વાગ્યે ગાંધી સોસાયટીમાં ત્રાટકયો હતો અને લાખોની મત્તા ઉસેડી ગયો હતો.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાની સુચના અને ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એચ. આર. ઝાલા, એએસઆઇ જે. વી. ગોહિલ, હેડકોન્સ. રાજેશભાઇ મિયાત્રા, રાહુલભાઇ ગોહેલ, શક્તિસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઇ વાઘીયા, કોન્સ. ધર્મરાજસિંહ ઝાલા, કુલદિપસિંહ રાણા તથા હેડકોન્સ. ગીતાબેન પરમારે આ નોંધનીય ડિટેક્શન કરતાં ઉચ્ચ અધિકારીઓએ વધુ એક વખત એલસીબી ઝોન-૨ ટીમને અભિનંદન આપી પીઠ થપથપાવી હતી.

# 'સીએમ-ડેશબોર્ડ'માં રાજકોટ જીલ્લો પ્રથમ

## રાજકોટ જિલ્લા પંચાયત ગ્રામ વિકાસ-આરોગ્ય સહિતની કામગીરીમાં ટોચ પર





રાજકોટ મિરર, તા.૩

આરોગ્ય-ગ્રામ વિકાસ સહિતના ક્ષેત્રોમાં અસરકારક કામગીરી બદલ સમગ્ર ગુજરાતમાં રાજકોટ જીલ્લા પંચાયત નંબર-વન બની છે. જિલ્લા પંચાયતના સંયુકત પ્રજાલક્ષી અભિગમ થકી સીએમ ડેશબોર્ડ પર રાજકોટ જીલ્લો પ્રથમ ક્રમ પર આવ્યું છે.

આ અંગે રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબેન રંગાણીએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર પંચાયતી રાજ સંસ્થાઓને વિવિધ યોજનાઓ થકી પંચાયતી રાજ સંસ્થાઓમાં પારદર્શકતા લાવીને,તેઓને વધુ સારી જવાબદારીઓ સોંપીને,તેમના ઉપલબ્ધ સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરીને તથા ગ્રામ્ય વિકાસ યોજનાઓનો અસરકારક અમલ કરીને, આપવામાં આવતી સેવામાં સુધારો લાવીને, પંચાયતી રાજ સંસ્થાઓનું સશક્તિકરણ કરી રહી છે. અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર હાલના પંચાયતી રાજને સુદ્રઢ કરવા માટે તેમજ વિકાસની યાત્રામાં ગ્રામ જનસમુદાય પણ સરકારની સાથોસાથ ખભેખભા મિલાવી વિકાસમાં સીધા ભાગીદાર બને તેવી સ્પષ્ટ નીતિ અને નેમ સાથે ગુજરાતમાં પંચાયતી રાજનું અમલીકરણ થઈ રહ્યુ છે. અને આ દિશામાં પારદર્શિતા માટે CM DASHBOARઉ પોર્ટલ ઉપલબ્ધ છે.

આ પોર્ટલ પર પંચાયત,રૂરલ હાઉસીંગ એન્ડ રૂરલ ડેવલપમેન્ટ,એગ્રીકલ્ચર એન્ડ કો ઓપરેશન,રોડ એન્ડ બિલ્ડિંગ,મહિલા અને બાળ વિકાસ,હેલ્થ એન્ડ ફેમિલી વેલફેર,સોશ્યલ જસ્ટિસ એન્ડ એમ્પાવરમેન્ટ,એજ્યુકેશન વગેરે વિભાગોમાં કેપીઆઈ રજિસ્ટરમાં રાજકોટ જિલ્લો સમગ્ર ગુજરાતમાં પ્રથમ નંબર પર આવેલ છે. ડીડીઓ ડો.નવનાથ ગવ્હાણેનાં વિઝન,પારદર્શક વહીવટી પ્રક્રિયા, તમામ વિભાગો સાથેના સંકલન થકી તેમજ જિલ્લા પંચાયતના પદાધિકારીઓ,જિલ્લા પંચાયતની સમગ્ર વહીવટી અધિકારીની ટીમની સંયુક્ત ગ્રામ્ય જનતાલક્ષી કામગીરી થકી રાજકોટ જિલ્લો પ્રથમ નંબર પર આવ્યો છે. જે બદલ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, ડીડીઓ ડો.નવનાથ ગવ્હાણે,ઉપપ્રમુખ,તમામ સમિતિ ચેરમેનો,સદસ્યઓ,ટીમ જિલ્લા પંચાયત તેમજ સંગઠનના તમામ હોદેદારો તેમજ સ્ટાફનું યોગદાન મહત્વનું છે.

# સિવિલ હોસ્પિટલનો સુવિધા મેડિકલ સ્ટોર બંધ કરવા તંત્રની નોટિસ

## છેલ્લા ૯ વર્ષથી ટેન્ડર વિના ચલતા મેડિકલ સ્ટોર બાબતે આરોગ્ય વિભાગની અંતે આંખ ઉઘડી




રાજકોટ મિરર, તા.૩

રાજકોટ સિવિલ હોસ્પિટલએ સમગ્ર સૌરાષ્ટ્રના દર્દી માટે આશીર્વાદ રૂપ છે. દરરોજ અનેક દર્દીઓ સારવાર મેળવે છે. પરંતુ દર્દીઓ અનેક વાર આક્ષેપ સાથે ફરિયાદ કરતાં હોય છે કે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પુરતી દવા નથી હોતી જેથી બહારથી દવા લેવી પડે છે. ત્યારે આ બાબતને લઈને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે પણ તંત્રને ટકોર કરી હતી. અને છેલ્લા ૯ વર્ષથી ટેન્ડર વિના ચલતા મેડિકલ સ્ટોર બાબતે આરોગ્ય વિભાગને ઉધળું લીધું હતું.

સૌરાષ્ટ્ર-કચ્છના લોકો જ્યાં સારવાર માટે આવે છે તે રાજકોટની પીડીયું સિવિલ હોસ્પિટલની મુલાકાતે આવેલ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સુવિધા મેડિકલ સ્ટોરને બંધ કરી તેને બદલે ત્યાં જન ઔષધી કેન્દ્ર શરુ કરવા કરેલા હુકમ બાદ હવે છેલ્લા નવ વર્ષથી કોઇપણ જાતની ટેન્ડર પ્રક્રિયા વગર ચાલતા સુવિધા મેડિકલ સ્ટોરને બંધ કરવા માટે હોસ્પિટલ તંત્ર દ્વાર કવાયત શરુ કરવામાં આવી છે. સુવિધા મેડિકલ સ્ટોરને હાલ તબીબી અધિક્ષક દ્વારા નોટીસ આપી ૧ મહિનામાં ખાલી કરવા હુકમ કર્યો છે.

સુવિધા મેડિકલ સ્ટોરને બંધ કરવાના મુદ્દે રાજકારણ પણ ગરમાયું છે. રાજકોટની પીડીયુ સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા વર્ષ થી ટેન્ડર પ્રક્રિયા વગર જ ચાલતા સુવિધા મેડિકલ સ્ટોર બાબતે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે.

સિવિલ હોસ્પિટલમાં મેડિકલ સ્ટોર માટે છેલ્લે ૨૦૧૨ની સાલમાં ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. જે ટેન્ડરની મુદત ૩ વર્ષની હતી. આ ટેન્ડર પ્રક્રિયા બાદ ૩ વર્ષ સુધી સુવિધા મેડિકલ સ્ટોરને ચલાવવા માટે આપવામાં આવ્યો હતો. ત્યારબાદ ટેન્ડર પ્રક્રિયા ન થતા છેલ્લા ૯ વર્ષથી સુવિધા મેડિકલ સ્ટોર ટેન્ડર વિના જ ચાલુ છે.

બીજી તરફ સુવિધા મેડિકલ સ્ટોર બંધ કરાવવા સત્તાધીશોએ કોઇ કાર્યવાહી ન કરતા અંતે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ સુધી ફરિયાદો પહોંચી હતી. ત્યારે પાંચ દિવસ પહેલાં રાજકોટ આવેલા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સુવિધા મેડિકલ સ્ટોરને બંધ કરી દેવા આદેશ કર્યો હતો.આરોગ્ય મંત્રીના આદેશ બાદ હવે સુવિધા મેડિકલ સ્ટોરના સંચાલકોને સત્તાવાર રીતે સ્ટોલ ખાલી કરવા માટે સિવિલ હોસ્પિટલના સત્તાધીશોએ નોટીસ આપી છે.

સુવિધા મેડિકલ સ્ટોર લઈને થયલે ઊહાપોહ બાદ હવે હોસ્પિટલ તંત્ર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે. તે જોવાનું રહ્યું તેમજ સુવિધા મેડિકલ સ્ટોરને બંધ કરવામાં આવ્યા બાદ સંભવત હવે ત્યાં પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્ર શરુ કરવામાં આવશે.

### રાજપૂત સંકલન સમિતિ - રાજપૂત એકતા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા

# આજથી બે દિવસ લીંબડીના જાખણમાં રાજપૂત સોશિયલ કોન્ફરન્સ

રાજકોટ મિરર, તા.૩

રાજપૂત સંસ્થાઓની સંકલન સમિતિ (ગુજરાત રાજ્ય) દ્વારા લાઈફ મિશન કેન્દ્ર, જાખણ, તા. લીંબડી મુકામે આજે તા.૪ અને કાલે ૫ જાન્યુઆરી એમ બે દિવસીય રાજપૂત સોશિયલ કોન્ફરન્સ ૨૦૨૫ (પ્રથમ)નું આયોજન રાજપૂત સંકલન સમિતિ દ્વારા કરવામાં આવેલ છે.

અસ્મિતા આંદોલનથી થયેલ ગુજરાતના રાજપૂત સામાજની એતિહાસિક સંગઠન શક્તિનો સમાજનાં વિકાસમાં સદુપયોગ થાય તે હેતુસર આ રાજપૂત સોશિયલ કોન્ફરન્સ (પ્રથમ)નું આયોજન થયું છે, જેમાં મુખ્યત્વે સમાજના આંતરિક પ્રશ્નોની ચર્ચાઓ થશે. બે દિવસીય રાજપૂત સોશિયલ કોન્ફરન્સ ૨૦૨૫ (પ્રથમ)ના મુખ્ય હેતુઓમાં, ગુજરાત રાજ્યમાં રાજપૂત સમાજનાં એકપણ દિકરા કે દિકરીબાઓનું ભણતર આર્થિક મુશ્કેલીઓને કારણે અટકે નહીં તેની ચર્ચાઓ તથા વ્યવસ્થાનું આયોજન કરાશે.

રાજપૂત સમાજના દિકરા - દિકરીબાઓ ૦૨૬૮(૧૦૫/૧૦૫)ની પરિક્ષાઓમાં વધુમાંવધુ સંખ્યામાં ઉત્તિર્ણ થાય તેવું વાતાવરણ કેવી રીતે ઉભુ કરવું તે અંગે સૂચનોની આપલે કરવામાં આવશે. અભિપ્રાયો લઇ તેને લગતી જરૂરિયાતોનું આયોજન, રાજપૂત સમાજમાં આર્થિક ક્રાંતિ કઇ રીતે લાવી શકાય તેની ચર્ચાઓ સમાજના વિવિધ ઉદ્યોગપતિઓ દ્વારા ચર્ચાઓ અને આગળના આયોજન વિષે ચર્ચા વિચારણા કરાશે. રાજપૂતી ઈતિહાસ અને અસ્મિતાની જાળવણી વિશે ચર્ચાઓ અને યોગ્ય પગલા માટે સૂચનો અને કાર્યવાહી વિષે વિચારાશે. રાજપૂત સમાજની એકતા અને અખંડિતતાને કઇ રીતે ટકાવી રાખવી તેમજ સંગઠનની અસરકારકતા કઈ રીતે વધારવી તેની ચર્ચાઓ કરાશે.

સમાજના જટિલ પ્રશ્નોની ચર્ચાઓ, રાજપૂત સમાજમાં ફોરેન એજ્યુકેશનની જરૂરિયાત-પ્રશ્નો અંગેની માહિતિ આ કોન્ફરન્સમાં રાજપૂત સંસ્થાઓની સંકલન સમિતિના કોર કમિટીના મેમ્બર્સ તથા સમગ્ર રાજ્યમાંથી વિવિધ રાજપૂત સંસ્થાઓમાંથી આવેલ પ્રતિનિધિઓ તથા સમાજ દાતા તથા સમાજના વડીલ માર્ગદર્શકો હાજરી આપશે અને ઉપરોક્ત વિષયો પર ચર્ચાઓ બાદ આગળના વખતોવખતના આયોજનો આગળ ધપાવાશે તેવું મુખ્ય સંકલનકર્તા અને રાજપૂત સંકલન સમિતિ, રાજપૂત એકતા કેન્દ્ર, ગાંધીનગરના રમજુભા જાડેજાએ જણાવ્યું છે. વધુ વિગતો માટે તેઓનો મો. ૯૯૨૫૨૧૦૭૦૫ ઉપર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે,

### અગ્નિકાંડ કેસમાં સસ્પેન્ડેડ ડે. ચીફ ફાયર ઓફિસર

# ભીખા ઠેબાની અદાલતમાં ડિસ્ચાર્જ અરજી

## અગાઉ ચાર્જફ્રેમ થાય તે પહેલા સસ્પેન્ડેડ TPO સાગઠીયા, ATPO ગૌતમ જોષી અને રાજેશ મકવાણા તેમજ આસી. ઈજનેર જયદીપ ચૌધરીએ બિન તોહમત છોડી મુકવા અરજી કરીઃ વધુ સુનાવણી ૧૭મીએ



રાજકોટ મીરર, તા.૩

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ કેસમાં રાજકોટ મહાનગર પાલિકાના ફાયર વિભાગના સસ્પેન્ડેડ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખા જીવા ઠેબાએ અદાલતમાં ડિસ્ચાર્જ અરજી કરી છે. અગાઉ ચાર્જફ્રેમ થાય તે પહેલા સસ્પેન્ડેડ ટીપીઓ સાગઠીયા, એટીપીઓ ગૌતમ જોષી અને રાજેશ મકવાણા તેમજ આસી. ઈજનેર જયદીપ ચૌધરીએ બિન તોહમત છોડી મુકવા અરજી કરી છે. આ તમામ અરજીમાં આગામી સુનાવણી ૧૭મીએ થશે.

સમગ્ર વિગત જોઈએ તો, તા.૨૫ મે ૨૦૨૪ની સાંજે રાજકોટના નાના મવા રોડ નજીક સયાજી હોટલ પાછળ આવેલ ટીઆરપી ગેમઝોનમાં આગ લાગતા ૨૭ લોકોના મોત થયા હતા અને ત્રણેક લોકોને ઈજા થઇ હતી. જે અંગે પોલીસે ફરિયાદી બની ફરિયાદ નોંધી હતી. આ બનાવમાં ૧૬ આરોપી સામે ગુનો દાખલ થયો હતો.

જેમાં ટીઆરપી ગેમઝોનના સંચાલકો (૧) ધવલ ભરત ઠકકર (ધવલ કોર્પોરેશનના પ્રોપરાઇટર), રેસવે એન્ટરપ્રાઇઝના ભાગીદારો (૨) અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, (૩) કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, (૪) પ્રકાશચંદ હીરન, (૫) યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, (૬) રાહુલ લલિત રાઠોડ, ગેમઝોન મેનેજર (૭) નીતિન મહાવીરપ્રસાદ લોઢા, રાજકોટ મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર (૮) મનસુખ ધનજી સાગઠીયા, આસિસ્ટન્ટ ટીપીઓ (૯) ગૌતમ દેવશંકર જોષી, આસિસ્ટન્ટ ટીપીઓ (૧૦) મુકેશ રામજી મકવાણા, કાલાવડ રોડ ફાયર સ્ટેશનના ફાયર સ્ટેશન ઓફિસર (૧૧) રોહીત આસમલ વિગોરા, ટીપી શાખાના આસિસ્ટન્ટ એન્જીનીયર (૧૨) જયદીપ બાલુ ચૌધરી (૧૩) રાજેશ નરશી મકવાણા, ચીફ ફાયર ઓફિસર (૧૪) ઈલેશ વાલા ખેર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર (૧૫) ભીખા જીવા ઠેબા અને ગેમઝોન ખાતે ફેબ્રિકેશનનો કોન્ટ્રાકટ રાખનાર (૧૬) મહેશ અમૃત રાઠોડ સામે ગુનો નોંધાયો હતો.

જેમાં અગ્નિકાંડના બનાવમાં પ્રકાશચંદ હીરનનું મોત થયું હતું. જેથી બાકીના ૧૫ આરોપીની ધરપકડ કરી રિમાન્ડ બાદ જેલ હવાલે કરાયા હતા. હાલ તમામ આરોપી જેલમાં જ છે.

આ કેસમાં ચાર્જશીટ થયા બાદ સેશન્સ અદાલતમાં ગઇ તા.૧૯ના રોજ સસ્પેન્ડેડ ટી.પી.ઓ. સાગઠીયા, એ.ટી.પી.ઓ. મુકેશ મકવાણા અને આસી. એન્જીનિયર જયદીપ ચૌધરીએ કેસમાં ચાર્જફ્રેમ થાય તે પહેલા ડિસ્ચાર્જ અરજીઓ કરી હતી. અન્ય આરોપીઓ પણ પોતાની સામેનું તહોમત પડકારી કેસ ચાર્જફ્રેમ થાય તે પહેલા ડિસ્ચાર્જ અરજીઓ લાવી કેસ લંબાવવા કોશિશ ન કરે. તે ધ્યાને લઇ કોર્ટે ડિસ્ચાર્જ અરજી કરવા માંગતા અન્ય આરોપીઓને તા. ૨૬મી ડિસેમ્બર સુધીમાં અરજી કરવા મૌખિક આદેશ કર્યો હતો. મનપાની ટીપી શાખાના ચોથા અધિકારી એટીપીઓ ગૌતમ દેવશંકર જોષીએ પણ ડિસ્ચાર્જ અરજી કરી હતી. જે પછી ફાયર ઓફિસર ઠેબાએ પણ ડિસ્ચાર્જ અરજી કરી છે. આ પાંચેય અરજીમાં તા.૧૭જાન્યુઆરીના રોજ સુનાવણી હાથ ધરાશે. આ કેસમાં સ્પે.પી.પી. તુષાર ગોકાણી, ભોગ બનનાર પરિવાર વતી રાજકોટ બાર એસો. તરફથી એડવોકેટ સુરેશ ફળદુ, અન્ય એક ભોગ બનનાર વતી એન. આર.જાડેજા રોકાયા છે.

# રાજકોટના વેપારી સાથે રૂપિયા ૧૮ લાખની ઠગાઈ

## શાપર વેરાવળ પોલીસ દ્વારા વિશ્વાસઘાત કરનાર શખ્સની શોધખોળ શરૂ

રાજકોટ મિરર, તા.૩

શહેરના કાલાવડ રોડ પર ડેકોરા વેસ્ટ હીલ એપાર્ટમેન્ટ બ્લોક નંબર - ડી ૧૦૨ માં રહેતા જયદીપભાઇ સુરેન્દ્રભાઈ ગઢીયા નામના યુવાને પોતાની સાથે સાવન એન્ટરપ્રાઇઝવાળા વિપુલ પટેલ લોખંડનો એમએસ વાયર વેચાણે આપવાનું કહી, બિલ મોકલાવી રૂપિયા ૧૮ લાખ પડાવી લીધા બાદ વાયર ન મોકલીને છેતરપિંડી કરી હોવાની સાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ફરિયાદમાં જયદીપ ગઢિયાએ જણાવ્યું છે કે પોતે શાપરમાં અંકુર ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં જયદીપ ટ્રેડર્સ નામે વાયરનું કારખાનું ચલાવી ધંધો કરે છે, ગઈ તા. ૨૬ ઓક્ટોબરના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ રાજકોટથી સાપર આવતા હતા ત્યારે તેમના મોબાઈલમાં એક કોલ આવેલો અને સામેથી હું સાવન એન્ટરપ્રાઇઝ રાજકોટ ખાતેથી બોલું છું અને અમે લોખંડના એમએસ વાયરનો વ્યવસાય કરીએ છીએ. તમારે કારખાનામાં એમએસ વાયરની જરૂરિયાત હોય તો કહેજો તેવું કહી ફરિયાદી જયદીપભાઇને વિશ્વાસમાં લીધા હતા. આ સમયે જયદીપભાઈએ એક કિલો લોખંડનો ભાવ પૂછતા તેમણે પ્રતિ કિલોના રૂપિયા ૫૭ ભાવ કહ્યા હતા.

બજારમાં આવા વાયરના ૬૦ રૂપિયા કિંમત હોય અને વિપુલે રૂ. ૫૭ માં આવો વાયર આપતો હોવાથી લાલચમાં જયદીપભાઇએ ૨૮૧૫૦.૫૦૦ કિલોગ્રામ લોખંડ વાયરનો ઓર્ડર આપ્યો હતો અને તેનું બિલ રૂપિયા ૧૮, ૯૩, ૪૦૩ તેમને મળતા અને સામેથી વિપુલે એડવાન્સમાં પેમેન્ટ આપવાનું કહેતા જયદીપભાઇએ ઉપરોક્ત બિલની રકમ પેટે ૧૮ લાખ ચૂકવી દીધા હતા

દરમિયાન જયદીપભાઇએ ૧૮ લાખ ચૂકવી દીધા હોવાનું વિપુલને વાત કરતા વિપુલે કહ્યું હતું કે આવતીકાલે તમને માલ મળી જશે. પરંતુ બીજા દિવસે માલ ન મળતા તેમનો ફરી સંપર્ક કરતા વિપુલનો ફોન બંધ થઈ ગયો હતો.

મૂંઝાયેલા જયદીપભાઇ અંતે બિલમાં લખેલ એડ્રેસ પર તપાસ કરતા સાવન એન્ટરપ્રાઇઝ રાજકોટ અંબિકા ટાઉનશીપ ચોકલેટ રેસીડેન્સી ફ્લેટ નં. ૨૦૧ ખાતે આવી કોઈ ઓફિસ ન હોવાનું જયદીપભાઇને માલુમ થતા પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનું બહાર આવતા અંતે કંટાળીને જયદીપભાઇ ગઢીયાએ શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદી સાથે વિશ્વાસઘાત કરનાર શખ્સની શોધખોળ આદરી છે.

### કોમ્પ્યુટર લેપટોપનો ધંધો કરતાં વેપારી સાથેસોના-ચાંદીના વેપારીએ મિત્રતા કેળવી, શરૂઆતમાં રૂપિયાની લેતીદેતીમાં ઈમાનદારી દાખવી, છેલ્લે ફેરવ્યો ગરીયો

# દોસ્તીમાં દગાખોરીઃ હાથીખાનાના વેપારીને મિત્રએ દીધો ૧૨ લાખનો ડામ

## એક મહિનાનું કહીને રકમ લઇ ગયોઃ છ મહિના સુધી ન આવતાં ઘરે તપાસ કરવા જતાં તાળા જોવા મળ્યાઃ એ-ડિવીઝન પોલીસે દાખલ કરી FIR

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૩**

રાજકોટઃ દોસ્તીમાં દગાખોરીની ઘટનાઓ રોજબરોજ બને છે. વધુ એક વખત એક વેપારી સાથે તેના જ મિત્રએ ઠગાઇ કરી છે. જેમાં તેણે ઉછીના પેટે મિત્ર પાસેથી બાર લાખ લીધા બાદ આ રકમ પાછી ન ચુકવી ઘરને તાળા મારી ભાગી જતાં શોધખોળને અંતે પોલીસને જાણ કરી હતી. શહેરના કાલાવડ રોડ રહેતાં અને હાથીખાનામાં કોમ્પયુટર, લેપટોપની દુકાન ચલાવતાં વેપારી સાથે પ્રહલાદ પ્લોટમાં રહેતાં સોના ચાંદીના વેપારીએ મિત્રતા કેળવી હાથ ઉછીના પૈસાની લેતીદેતી કરી સમયસર રૂપિયા પાછા આપી દીધા બાદ છેલ્લે ધંધાના કામે જરૂર છે તેમ કહી એક રકમ લઇ જવાયા બાદ ધૂંબો મારી દેવાયો હતો.

જાણવા મળેલી વિગતો પર નજર કરીએ તો વેપારી પાસેથી તેનો મિત્ર એક મહિના માટે બાર લાખ રૂપિયા માંગતા વેપારીએ વિશ્વાસ રાખી આ રકમ તેને આપ્યા બાદ તે મુદ્દત અનુસાર રકમ પાછી આપવાને બદલે ઘરને તાળા મારી ભાગી જતાં શોધખોળ બાદ અંતે તેના વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરવામાં આવી છે. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે કાલાવડ રોડ જડુસ ફૂડ ફિલ્ડ પાસે એવરેસ્ટ પાર્ક-૪માં રહેતાં તેતાલીસ વર્ષના પરાગભાઇ દિનેશભાઇ સંચાણીયાની ફરિયાદ પરથી પ્રહલાદ પ્લોટ-૪ ચબુતરા ચોકમાં રહેતાં દિવ્યેશ દિનેશભાઇ આડેસરા વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી છે. પરાગભાઇ સંચાણીયાએ જણાવ્યું છે કે હુ. પરિવાર સાથે રહુ છું અને હાથીખાનામાં રી કોમ્પલેક્ષમાં દુકાન નં. ૪૦૨માં કોમ્પ્યુટરના પાર્ટ તેમજ કોમ્પ્યુટર સ્ક્રીન અને લેપટોપને લગતુ કામ કરુ છું.

ચાર પાંચ વર્ષ પહેલા મારા મિત્ર ભાસ્કર રાણપરા મારફત મારી ઓળખાણ પ્રહલાદ




પ્લોટમાં રહેતાં દિવ્યેશ આડેસરા સાથે થઇ હતી.

દિવ્યેશને તેને સોના ચાંદીનો શો રૂમ છે. મારે તેની સાથે ઓળખાણ થયા બાદ તે અવાર-નવાર મારી દુકાને આવતો હતો. પોતાના શો રૂમ માટે તે મારી દુકાનેથી કોમ્પ્યુટર સ્ક્રીન, લેપટોપ ખરીદવા આવતો હતો. આ પછી અમારી વચ્ચે મિત્રતા થઇ હતી. મારે ક્યારેક રૂપિયાની જરૂર હોય તો હું તેની પાસેથી હાથ ઉછીના લેતો હતો અને પછી પાછા આપી દેતો હતો. ક્યારેક તેને પૈસાની જરૂર હોય તો હું મદદ કરતો હતો. તે પણ મને સમયસર રૂપિયા પાછા આપી દેતો હતો. અમારી વચ્ચે વિશ્વાસ બંધાઇ જતાં અમે અવાર-નવાર રૂપિયાની લેતી દેતી કરતાં હતાં. દરમિયાન ગત ૧/૮/૨૨ના રોજ દિવ્યેશ આડેસરા મારી દુકાને આવ્યો હતો અને કહેલુ કે મારે સોના ચાંદીના દાગીનાના ધંધા માટે રૂપિયાની જરૂર છે અને ૧૨ લાખ જોઇએ છે, આ રકમ હું તમને એકાદ મહિનામાં પાછી આપી દઇશ.

વેપારીએ આગળ જણાવ્યું હતું કે અગાઉ તેને મેં રૂપિયા આપ્યા હોઇ તે તેણે સમયસર પાછા આપી દીધા હોઇ અને તેની સાથે મિત્રતા પણ હોઇ તેમજ તેના પર વિશ્વાસ હોઇ જેથી મેં તેને આરટીજીએસથી ૧૨ લાખ તેના ખાતામાં ટ્રાન્સફર કરીને આપ્યા હતાં. ત્યારબાદ છ સાત મહિના વીતી જવા છતાં તેણે મારા ૧૨ લાખ પાછા ન આપતાં મેં તેની પાસે આ રકમની ઉઘરાણી કરતાં તેણે થોડા દિવસમાં આપી દઇશ તેવી વાત કરી હતી. પરંતુ મારી રકમ મુદ્દત વિતવા છતાં તે આપતો ન હોઇ તેની ઘરે જઇ તપાસ કરતાં ખબર પડી હતી કે તે ઘરને તાળા મારી જતો રહ્યો છે. આ પછી મેં મારી રીતે તેની શોધખોળ ચાલુ રાખી હતી.

પરંતુ આજ સુધી ન મળતાં અંતે ફરિયાદ નોંધાવી હતી. એ-ડિવીઝનના પોલસ ઈન્સ્પેક્ટર આર. જી. બારોટના માર્ગદર્શન મુજબ પીએસઆઇ એમ. ડી. ડાંગીઅ ફરિયાદ દાખલ કરી આરોપીને શોધવાની કાર્યવાહી હાથ ધરી છે. વિશ્વાસ કેળવી મિત્રતા કેળવી વધુ એક શખ્સ દોસ્તીમાં દખાગોરી કરી લાખો રૂપિયા ચાવી ગયો હતો.

### શહેરમાં વાહનચાલકો વચ્ચે કાવા મારવા પ્રશ્ને સર્જાય છે અવાર-નવાર ડખ્ખાઃ બે માથાકુટ પોલીસ સુધી પહોંચી

# કાવા મારવા મામલે કકટાળઃ માતા-પુત્રી અને બે ભાઈઓ સાથે બખેડો

## રિક્ષામાં બેઠેલા માતા-પુત્રીને આજીડેમ ચોકડીએ બાઇક ચાલકોએ ગાળો દઇ જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યાઃ કાંતા સ્ત્રી વિકાસ ગૃહ પાસે બે છાત્ર બંધુને એક્ટીવા ચાલકોએ ડખ્ખો કરી બગીચામાં બોલાવી બેફામ ધોલધપાટ કરી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૩**

રાજકોટ: શહેરમાં રોજબરોજ વાહનચાલકો વચ્ચે કાવા મારવા પ્રશ્ને કે વાહન અડી જવા મામલે માથાકુટો થતી રહેતી હોય છે. ઘણીવાર વાત બોલાચાલી થયા બાદ અટકી જતી હોય છે. પરંતુ ક્યારેક વાત મારામારી કે ગાળાગાળી કે એનાથી પણ વધારે આગળ વધી જતી હોય છે. આવી બે ઘટનાઓ સામે આવી છે જેમાં રિક્ષાને કાવો મારવા મામલે અંદર બેઠેલા માતા-પુત્રી સાથે બાઇકચાલકોએ ઠખ્ખો કરી બંનેને ગાળો દઇ જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યા હતાં. બીજી આવી એક માથાકુટમાં કાંતા સ્ત્રી વિકાસ ગૃહ પાસે એકટીવાને કાવો મારવા મામલે બે સગીર વિદ્યાર્થીને ત્રણ શખ્સોએ ભક્તિનગર સોસાયટીના બગીચામાં બોલાવી ધોલધપાટ કરી લેતાં બંને ભાઇઓને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતાં.



પ્રથમ ઘટનાની વિગતો જોઇએ તો આજીડેમ ચોકડી પાસે ઓવરટેક કરવા બાબતે રીક્ષાને રોકી ડખ્ખો કર્યાબાદ રીક્ષામાં બેઠેલા માતા-પુત્રીની બાઇક ચાલક સહિત ત્રણ શખ્સોએ જ્ઞાતી પ્રત્યે અપમાનીત કરતા આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાઇ છે. આ બારામાં ગંજીવાડા શેરી નં. ૨૩ માં રહેતા રીટાબેન બાબુભાઇ મકવાણાએ આજીડેમ પોલીસ સ્ટેશનમાં સંજય ધનજીભાઇ જોગરાજીયા, હેમત ચાવડા અને સુનીલ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. જેમાં પોતે સીલાઇકામ કરે છે. પરમદિવસે પોતે માતા સહિત પરિવાર સાથે રીક્ષામાં બેસીને જતા હતા ત્યારે રીક્ષા ચાલકે આગળ જતા એક બાઇકને ઓવરટેક કરી આગળ જતા બાઇક ચાલકે ઉશ્કેરાઇને રીક્ષાની આડે બાઇક ઉભુ રાખી રીક્ષા ઉભી રખાવી બોલાચાલી કરી રીક્ષા ચાલક તથા પોતાને અનએ માતાને ગાળોદેવા લાગ્યો હતા. ત્યારબાદ તેની સાથે અન્ય બે શખ્સોએ પણ આવીને પોતાને તથા માતાને ગાળો આપી જ્ઞાતી પ્રત્યે અપશબ્દો બોલી અપમાનીત કર્યા હતા. બાદ ત્રણેય જતા રહ્યા હતા. તપાસ કરતા બાઇકચાલક સંજય ધનજીભાઇ જોગરાજીયા તેની સાથેના બે શખ્સો હેમત ચાવડા અને સુનીલ હોવાનું જાણવા મળતા પોલીસને જાણ કરી હતી. એટ્રોસીટી કલમ હેઠળ ગુનો દાખલ થયો હોઇ એસીપી બી. વી. જાધવે તપાસ શરૂ કરી છે.

કાવા મારવા મામલે મારામારીની બીજી ઘટના જોઇએ તો શહેરમાં વાહન ચાલકો વચ્ચે અવાર-નવાર કાવો મારવા પ્રશ્ને કે વાહન અડી જવા મામલે માથાકુટ થતી હોય છે. દરમિયાન ગત રાતે મીલપરા વિસ્તારમાં રહેતાં ધોરણ ૮ અને ૯માં ભણતાં બે પિત્રાઇ ભાઇઓને કાંતા સ્ત્રી વિકાસ ગૃહ પાસે એક્ટીવા ચાલક શખ્સો સાથે કાવો મારવા બાબતે બોલાચાલી થતાં એ શખ્સે આ છાત્રના મોબાઇલ નંબર લઇ બાદમાં તારા પપ્પા બોલુ છું આવી જા બગીચામાં તેમ કહી ભક્તિનગર સર્કલના બગીચામાં બોલાવ્યા બાદ ઢીકાપાટુ અને પ્લાસ્ટીકના પાઇપથી માર મારતાં સારવાર માટે દાખલ થવું પડ્યું હતું. વધુ માહિતી અનુસાર મીલપરામાં રહેતો ૧૬ વર્ષનો સગીર ધોરણ-૯માં અભ્યાસ કરે છે અને તેના મોટા બાપુનો દિકરો ૧૫ વર્ષનો છે જે ધોરણ-૮માં ભણે છે. બંને સાંજે સ્કૂલેથી છુટીને ટુવ્હીલર પર ઘરે જતાં હતાં ત્યારે કાંતા સ્ત્રી વિકાસ ગૃહ પાસે પહોંચ્યા ત્યારે એક એક્ટીવા પર બે જણા નીકળતાં તેણે કાવો મારતાં છાત્રએ તેને ધ્યાન રાખવાનું કહેતાં બોલાચાલી થઇ હતી.

ત્યારપછી એક્ટીવા ચાલકે તારા ફોન નંબર દે તેમ કહેતાં છાત્રએ નંબર આપ્યા હતાં. ત્યારબાદ બંને ભાઇઓ ઘરે જવા રવાના થતાં હતાં ત્યાં નંબર લેનારા શખ્સે છાત્રને ફોન કર્યો હતો અને તારા પપ્પા બોલુ છું, આવી ભક્તિનગર સોસાયટીના મિલન બગીચામાં...જેથી છાત્રએ પણ હું ય પપ્પા બોલુ છું, આવુ છું...કહીને પોતાના ભાઇને લઇને બગીચામાં જતાં ત્યાં તેની સાથે ઝઘડો કરી ત્રણ શખ્સોએ મળી ઢીકાપાટુ અને પ્લાસ્ટીકના પાઇપથી માર માર્યો હતો. માણસો ભેગા થઇ જતાં આ ત્રણેય ભાગી ગયા હતાં.

ત્યારબાદ છાત્રએ પોતાના વાલીને જાણ કરતાં વાલીઓ પહોંચ્યા હતાં અને બંને ભાઇઓને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરી હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફની પ્રાથમિક પુછતાછમાં બંને છાત્રએ પોતાને મારકુટ કરનારાઓમાં હાર્દિક, મિલન, નીલુ સહિતના હોવાનું કહેતાં પોલીસે આ અંગે તપાસ આરંભી હતી.

આમ વાહન ચાલકો વચ્ચે નહિ જેવી વાતે બોલાચાલી બાદ મામલો ગંભીર થઇ જતાં બંને કિસ્સામાં વાત પોલીસ સુધી પહોંચી ગઇ હતી.

### પત્નીને તરછોડી ભરણપોષણ આપવામાં પણ અખાડા કરી ભાગતા ફરતો પતિ પકડાયો

# ૧૮૦ દિવસની જેલસજાથી બચવા ભાગતો ગુલશન આસવાની સુરતથી પકડાયો

## જે-ડિવિઝન એસીપી પ્રદીપસિંહ જાડેજા સહિતની ટીમને મળી આરોપીને પકડવામાં મળી સફળતા

રાજકોટ મિરર, અમદાવાદ તા.૩

અમદાવાદ શહેરમાં વટવા ખાતે સ્મૃતિ વિહાર સોસાયટી, પીડી પંડ્યા કોલેજ રોડ, ઘોડાસર, અમદાવાદ ખાતે પોતાના પરિવાર સાથે રહેતા ગુલશનકુમાર જયપ્રકાશ આસવાની (સિંધી)ને પોતાની પત્ની જ્યોતિબેન ગુલશન કુમાર આસવાની સિંધી સાથે અણબનાવ થતા, પતિ ઘર છોડીને ચાલ્યો ગયેલ હતો અને પત્ની જ્યોતિબેન નિરાધાર હાલતમાં વટવા ખાતે પોતાના માતાપિતા સાથે રહેતી હોય, મહિલાને પોતાના પતિ સાથે અણબનાવ થતા, અમદાવાદ એડી.ચીફ મેટ્રો. મેજી. કોર્ટમાં ભરણપોષણ માટે અરજી કરવામાં આવેલ હતી. કોર્ટ દ્વારા મહિલાના પતિ ગુલશનકુમાર જયપ્રકાશ આસવાનીને ભરણપોષણની રકમ નક્કી કરી, ભરણપોષણ ચુકવવા હુકમ કરવામાં આવેલ હતો. પરંતુ




મહિલા જ્યોતિબેનનો પતિ ગુલશન કુમાર ભરણપોષણ ચુકાવતો ના હોઈ, મહિલાની હાલત કફોડી થઈ ગઈ હતી. ભરણપોષણની રકમ આશરે રૂ. ૧,૭૬,૦૦૦/- જેટલી ચડી જવા છતાં, મહિલાના પતિ ગુલશનકુમાર જયપ્રકાશ આસવાનીએ ભરણપોષણની રકમ ભરપાઈ કરવા કોઈ દરકાર નહીં કરતા, કોર્ટ દ્વારા મહિલાના પતિને ૧૮૦ દિવસ જેલમાં રહેવા હુકમ કરવામાં આવેલ અને પતિ ગુલશનકુમાર જયપ્રકાશ આસવાનીનું વોરન્ટ કાઢવામાં આવેલ હતું. અવારનવાર વોરન્ટ કાઢવા છતાં અને મહિલાના પતિને જાણ થતાં, અમદાવાદ છોડી, બહાર જતો રહેલો અને લાંબો જેલવાસ થાય તેમ હોઈ, વોરન્ટ બજાવા દેતો ના હતો અને વોરન્ટમાં નાસતો ફરતો હતો. પોલીસ દ્વારા અવારનવાર તપાસ કરવા છતાં મળી આવતો ના હતો...

બીજીબાજુ અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર જ્ઞાનેન્દ્ર સિંઘ મલિક, સંયુક્ત પોલીસ કમિશ્નર, સેક્ટર ૦૨ જયપાલસિંહ રાઠોડ, નાયબ પોલીસ કમિશ્નર રવી મોહન સૈની દ્વારા સામાન્ય પ્રજાના લોક માનસ ઉપર પોલીસની એક સારી છાપ પડે અને ''પોલીસ પ્રજાનો મિત્ર છે'' એ સૂત્ર સાર્થક બને તેવા પ્રજા કલ્યાણ તથા પ્રજા ઉપયોગી કાર્યવાહી કરવા શહેરના તમામ પોલીસ અમલદારોને સૂચના આપવામાં આવી હતી.

પોતાના પતિ તરફથી ભરણપોષણની રકમ નહીં મળવાથી કફોડી સ્થિતિમાં મુકાઈ ગયેલ મહિલા જ્યોતિબેન અને તેના પિતા તેજુમલ સાવલાનીએ આ અંગે જે ડિવિઝન એસીપી પ્રદીપસિંહ જાડેજાને મળી, જાણ કરતાં, મહિલાના પતિનું વોરન્ટની બજવણી કરવા વટવા પો.ઈન્સ. પી.બી. ઝાલાને આપવામાં આવેલ હતું.


પરંતુ ૩૧ મી ડિસેમ્બરના બંદોબસ્તની વ્યસ્તતા વચ્ચે વટવા પોલીસ સ્ટેશનના પીઆઈ પી.બી. ઝાલા તથા સ્ટાફના હે.કો. કમલેશભાઈ, પો.કો. એઝાઝખાન, સહિતના સ્ટાફ દ્વારા મહિલાના પતિ ગુલશનકુમાર આસવાની ઉપર ટેકનિકલ સોર્સ દ્વારા વોચ રાખવામાં આવેલ હતી અને આજરોજ મહિલા અને તેના પિતાને મળેલ માહિતી આધારે ૧૮૦ દિવસ જેલમાં રહેવા કરવામાં આવેલ હુકમના વોરન્ટમાં વોન્ટેડ ગુલશનકુમાર સુરત શહેરના સલાબતપુરા વિસ્તારમાં તિરુપતિ ટેક્ષ્ટાઈલ માર્કેટ ખાતે ધંધો કરતો હોય, દુકાનમાં હાજર હોવાની માહિતી મળતા, એસીપી પ્રદીપસિંહ જાડેજા દ્વારા સુરત શહેરના સલાબતપુરા પોલીસ સ્ટેશનના પીઆઈ કે.ડી.જાડેજા તથા સ્ટાફના હે.કો. સંજયભાઈ, સહિતની ટીમ મારફતે પકડી પાડી, સુરત ખાતે પકડી લઈ, વટવા પોલીસ સ્ટેશન ખાતેથી હે.કો. કમલેશભાઈ તથા પો.કો. એઝાઝ ભાઈ સહિતની પોલીસ ટીમ મોકલી, પકડી પાડી, ધરપકડ કરવામાં આવેલ હતી. આમ, વટવા પોલીસ દ્વારા સુરત શેર પોલીસની મદદથી ભરણપોષણના કેસમાં સજા પામેલ વોરન્ટ માં વોન્ટેડ ઈસમને પકડી પાડી, કોર્ટ હવાલે તથા જેલ હવાલે કરવા તજવીજ કરવામાં આવેલ હતી...


cheers+ Multi Speciality Hospitals Ahmedabad / Rajkot

અમદાવાદના નામાંકિત સ્પાઈન અને દુઃખાવાનાં સ્પેશ્યાલીસ્ટ

રાજકોટમાં

૦૮-૦૧-૨૦૨૫, બુધવાર
સવારે ૧૧.૦૦ વાગ્યા થી




Dr. Shirazahmed Munshi
M.B.B.S., D.Ortho., FIAPM.,
DNB (Fellow), FIPP- USA
Fellowship- Spine Endoscopy
(Pune, USA, Japan)

લાંબો સમય ઊભા રહેવામાં કે ચાલવામાં તકલીફ છે ?

+ પગમાં કે કમરમાં દુઃખાવો થવો + પગ ભારે થઈ જવા, ખાલી ચડી જવી + ગાદી પર ચાલતા હોય તેવો ભાસ થવો... આ તકલીફ સ્પાઈનલ સ્ટેનોસીસ હોય શકે છે

દૂરબીન વડે ગરદન અને કમરના મણકાની સારવાર

સ્પાઈન સ્ટેનોસીસ/સ્લીપ ડીસ્ક-સાયટીકાની દૂરબીન વડે ઓપરેશન વગર સારવાર

::ફાયદાઓઃ
- ચીરફાડ કે મણકા ખોલવાની જરૂર નથી (જેથી ફરીથી મણકાની તકલીફ ખૂબ ઓછી થાય)
- દર્દીને બેભાન કરવાની જરૂર નથી (જેથી ઓપરેશનમાં લકવો થતો નથી)
- ઓપરેશન બાદ તુરંત રજા (મોટી ઉંમરના, ડાયાબિટીસ, બીપી, હૃદયની તકલીફવાળા દર્દીઓ માટે આશીર્વાદરૂપ

મેડિક્લેઈમ માન્ય સારવાર

અન્ય સ્પેશ્યાલીટી
- પેઈન મેનેજમેન્ટ
- એન્ડોસ્કોપીક સ્પાઈન સર્જરી
- ઓર્થોપેડિક્સ
- યુરોલોજી
- જોઈન્ટ રીપ્લેસમેન્ટ એન્ડ પોલી ટ્રોમા
- ઓન્કોલોજી એન્ડ ઓન્કોસર્જરી
- ન્યુરોલોજી એન્ડ ન્યુરો સર્જરી
- મેડિસીન

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો +91 9898745145

હિલ વેલ હોસ્પિટલ બિલ્ડિંગ, બી.એ.પી.એસ. મંદિર સામે, કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૨.
Info.rajkot@cheershospital.com www.cheershospitals.com


**યુનિટી ફાઉન્ડેશન દ્વારા આયોજિત ડાયરામાં**

# મુખ્યમંત્રી આજે સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નની ૮૧ દીકરીઓને આપશે આશીર્વાદ

## માતા-પિતા વિહોણી દીકરીઓને કરિયાવર કરાશે અર્પણઃ ૧૧ મીએ સમૂહ લગ્નનું ભવ્ય આયોજન






રાજકોટ મિરર, તા.૩

હાલના સમયમાં લગ્નના ખર્ચ ખુબજ ખર્ચાળ થઇ રહયા છે તેવા સમયે સર્વજ્ઞાતિની જરૂરિયાતમંદ અને માતા-પિતા વિહોણી દીકરીઓના પરિવારને લગ્ન કરવામાં મુશ્કેલી ન સર્જાય તે માટે દાતોઓના સહયોગ દ્વારા યુનિટી ફાઉન્ડેશન દ્વારા રાજકોટની ધરતી ઉપર ૮૧ દીકરીઓનો જાજરમાન અને ભવ્ય સમૂહ લગ્નનું આયોજન તા.૧૧/૦૧/૨૦૨૫ ના રોજ ૧૫૦ ફૂટ રીંગ રોડ, પરસાણા ચોક પાસે કરવામાં આવી રહયું છે. ત્યારે આ સમૂહ લગ્નની દીકરોઓના આશીર્વાદ અને સન્માન હેતુસર લોકડાયરો આજ સાંજે ૭:૦૦ વાગ્યાના રોજ સત્યસાઈ રોડ પર શ્રીજી સોસાયટી અને આલાપ હેરિટેજની વચ્ચે આયોજન કરવામાં આવ્યું છે. આ લોક ડાયરાના કાર્યક્રમના મુખ્ય અતિથી તરીકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પધારવાના હોય ત્યારે તડામાર તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં લોકગાયિકા અલ્પાબેન પટેલ અને હાસ્યકલાકાર મિલન તળાવીયા દ્વારા લોકસાહિત્ય તેમજ મનોરંજન પૂરું પાડવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે માતા-પિતા વિહોણી દીકરીઓને કરિયાવર અર્પણ કરશે. તેમજ યુનિટી ટીમ ના મેમ્બર્સનું સન્માન કરવામાં આવશે.

રાષ્ટ્ર, સંસ્કૃતિ, આરોગ્ય સંવર્ધનને સમર્પિત સંસ્થા યુનીટી ફાઉન્ડેશન દ્વારા દેશની એકતા, હિન્દુ સંસ્કૃતિનું જતન અને જાળવણી તેમજ સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યા છે. પ્રતિવર્ષ દરમ્યાન વૈદિક હોળીનું તેમજ પ્રાચીન ગરબીનું ભવ્ય આયોજન કરી ગરબી રમતી દીકરીઓને લહાણી આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. તદઉપરાંત દર મહિને ૧૫ વર્ષ સુધીના બાળકો માટે નિઃશુલ્ક સુવર્ણપ્રાસના ટીપા મેડિકલ કેમ્પ, રકતદાન કેમ્પ, યોગ શિબિર,સ્વતંત્રતા દિવસ તેમજ પ્રજાસતાક દિવસની ઉજવણી ધામધૂમથી યુનીટી ફાઉન્ડેશનનાં સબળ, સરળ અને પરોપકારી નેતૃત્વ હેઠળ કરવામાં આવે છે.

આજના આધુનિક સમયમાં દરેક બાપ ને પોતાની દીકરીના લગ્ન જાજરમાન રીતે અને ખાસ રીતે કરવા ઈચ્છતા હોય છે પણ સમાજમાં દરેક વર્ગ જાજરમાન લગ્ન કરી શકવાને સક્ષમ હોતા નથી અને એમાં માં કે બાપ વિનાની દીકરી પોતાના સપના મનમાં જ રાખી મન મનાવતી હોય છે ત્યારે યુનિટી ફાઉન્ડેશન એક સારા વિચાર સાથે સમાજના તમામ વર્ગ માટે પ્રેરણારૂપ બની ગરીબ અને માતાપિતા વિહોણી દીકરીઓના સપનાના લગ્ન કરવાની એક નેમ સાથે સમૂહ લગ્નનું આયોજન કરાયું છે.એક અનાથ દીકરીનું કન્યાદાન કરવાથી એક અશ્વમેઘ યજ્ઞ જેટલું પુણ્ય મળે છે તે બાબતથી પ્રેરાઈને દાતાઓના દાનથી આ ભવ્ય સમૂહલગ્નમાં કન્યાઓને પાનેતર, મંગલસૂત્ર, સોનાની ચૂક, ચાંદીની પાયલ, સ્ટીલ કબાટ સેટી પલંગ,ફ્રિજ,સોફા, ટીપાઈ, સૂટકેસ વિગેરે ૧૦૦ થી વધુ જીવનજરૂરી તમામ વસ્તુઓ કરિયાવર તેમજ સમૂહ લગ્ન માં આવનાર તમામ મહેમાનો માટે ભોજનની વ્યવસ્થા દાતાઓના સહયોગથી કરવામાં આવનાર છે. અને તેને પ્રોત્સાહિત કરવા સન્માન માટે આ લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લોકગાયિકા અલ્પાબેન પટેલ અને હાસ્યકલાકાર મિલન તળાવીયા દ્વારા મનોરંજન પૂરું પાડવામાં આવશે. આ લોકડાયરોનું ભવ્ય આયોજન યુનિટી ફાઉન્ડેશનના સ્વપનદ્રષ્ટા અને ચેરમેન ભરતભાઈ બોઘરા (ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ), પરેશભાઈ ગજેરા (પ્રમુખ છઇઅ), પ્રમુખ હરેશભાઈ કાનાણી, ઉપપ્રમુખ વિજયભાઈ તોગડિયા,સેક્રેટરી જીગ્નેશભાઈ કિયાડાના માર્ગદર્શન અને રાહબારી નીચે તડામાર તૈયારી કરવામાં આવી રહી છે. આ સમગ્ર આયોજનમાં રમેશભાઈ રિબડિયા, શૈલેષભાઈ શીંગાળા,અશ્વિનભાઈ રૂપાપરા, રાજેશભાઈ વૈષ્ણવ, મનીષભાઈ ભૂત, નેમિશભાઈ પટેલ,ધીરુભાઈ આસોદરિયા,સંજયભાઈ અજાણી,અશ્વિનભાઈ ભૂવા, નિલેશભાઈ અનડકટ, હરકિશનભાઈ સોજીત્રા,ચંદ્રેશભાઈ પાદરીયા, વિપુલભાઈ પટેલ,,અનિલભાઈ ભલું, નિલેષભાઈ અકબરી, ડો. હિતેશભાઈ હાપલિયા,,ચંદુભાઈ કાપડિયા,વલ્લભભાઈ તોગડિયા, પરેશભાઈ પાદરીયા ,અમિતભાઈ વેકરીયા, રવિભાઈ મંઢ, નિલેષભાઈ વિરાણી,ભાવેશભાઈ લિંબાસિયા, પ્રગ્નેશભાઈ કયાડા,દીપકભાઈ જોશી,અતુલભાઈ વેકરીયા, જહેમત ઉઠાવી રહિયા છે.

# CM પટેલના ખેલ મહાકુંભ ૩.૦ને ગ્રીન સિગ્નલ

## ઐશ્વર્યા મજમુદાર પોતાના સૂરીલા કંઠના તાલે ખેલાડીઓને ડોલાવશે :આંતરરાષ્ટ્રીય કક્ષાના ૧૫૦ કલાકારો દ્વારા ૧૫ મિનિટનિ ખેલ ખેલમે ડાન્સ પર્ફોર્મન્સનું કરાશે સ્પેશ્યલ સ્ક્રિનિંગ

રાજકોટ, તા. ૩

રાજ્ય વ્યાપી ખેલ મહાકુંભ ૩.૦ નું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ચૂક્યુ છે.

મુખ્યમંત્રીના હસ્તે આજે રાજકોટના યુનિવર્સિટી સ્પોર્ટ્સ એટલેટીક ગ્રાઉન્ડ પરથી ખેલ મહાકુંભના શુભારંભ આડે ગણતરીના કલાકો બાકી છે, ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સમગ્ર આયોજનને ઓપ આપવા માટે જોરદાર તૈયારીઓ થઈ રહી છે.





કાર્યક્રમમાં જાણીતા ગાયક એશ્વર્યા મજમુદાર તથા આર. જે. આભા પોતાની કલાના કામણ પાથરશે.

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત તેમજ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૩.૦નો શુભારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એથ્લેટિક્સ ટ્રેક ખાતે શનિવારે સાંજે સાડા પાંચ વાગ્યે થશે. રાજ્યકક્ષાના તૃતીય રમતોત્સવ માટે ૭૧,૩૦,૮૩૪ રમતવીરોનું રેકોર્ડબ્રેક રજિસ્ટ્રેશન થયું છે. જેમાં રાજકોટ જિલ્લામાં કૂલ ૨,૮૩,૮૦૫ ખેલાડીઓએ દ્વારા રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે.

જેમાં રાજકોટ મહાનગરપાલિકામાં કૂલ ૯૪,૫૩૩ ખેલાડીઓ તથા રાજકોટ ગ્રામ્યમાં કૂલ ૧,૮૯,૨૭૨ ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે.


મુખ્યમંત્રી તથા અન્ય મહાનુભાવોના આગમન પહેલા પ્રિ-ઈવેન્ટ કાર્યક્રમ સાંજે સાડા ચાર વાગ્યા થી શરૂ થશે. જેમાં આર.જે. આભા ખેલાડીઓને વિવિધ ગેમ્સ રમાડશે તથા યુવા ગાયક કલાકાર ઐશ્વર્યા મજમુદાર ઉપસ્થિતોને પોતાના સૂરીલા કંઠના તાલે ડોલાવશે.

અત્રેના કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને અન્ય મહાનુભવોના હસ્તે ખેલ મહાકુંભ ૨.૦ શ્રેષ્ઠ શાળા રોકડ-પુરસ્કાર વિતરણ અને ખેલ મહાકુંભ ૨.૦ના શ્રેષ્ઠ પ્રથમ, દ્વિતીય, અને તૃતીય જિલ્લાઓને સન્માનિત કરવામાં આવશે તેમજ ખેલ મહાકુંભ ૨.૦ પ્રથમ, દ્વિતીય, અને તૃતીય શ્રેષ્ઠ મહાનગરપાલિકાઓને પણ સન્માનિત અને પુરસ્કૃત કરવામાં આવશે.

શ્રેષ્ઠ શાળાઓને પુરસ્કાર અંતર્ગત ખેલ મહાકુંભ ૨.૦ની ત્રણ શ્રેષ્ઠ શાળાઓની પસંદગી કરવામાં આવી છે જેમાં રાજ્ય કક્ષાએ પ્રથમ નંબર મેળવનારા શાળા ગજેરા વિદ્યાભવન સ્કુલ, કતારગામ, સુરતને રૂ.૫.૦૦ લાખનું ઈનામ, રાજ્ય કક્ષાએ બીજો નંબર મેળવનારા શાળા એસ.આર. હાઈસ્કુલ, દેવગઢ બારીયા, દાહોદને રૂ. ૩.૦૦ લાખનું ઈનામ, રાજ્ય કક્ષાએ ત્રીજો નંબર મેળવનારા શાળા નોલેજ હાઈસ્કુલ, નડીયાદ, ખેડાને રૂ. ૨.૦૦ લાખના રોકડ પુરસ્કાર સ્વરૂપે અનુદાન આપી સન્માનીત કરવામાં આવશે.

ખેલ મહાકુંભ ૨.૦ના શ્રેષ્ઠ જિલ્લામાં પ્રથમ સુરત, દ્વિતીય અમદાવાદ અને તૃતીય વડોદરાને સન્માનિત કરવામાં આવશે.

ખેલ મહાકુંભ ૨.૦ શ્રેષ્ઠ મહાનગરપાલિકામાં પ્રથમ ખેડા, દ્વિતીય દાહોદ, અને તૃતીય બનાસકાંઠાને સન્માનિત કરવામાં આવશે.



ખેલાડીઓના સન્માન બાદ આંતરરાષ્ટ્રીય કક્ષાના રાજકોટ અને અમદાવાદના ૧૫૦ કલાકારો દ્વારા ૧૫ મિનિટનું ડાન્સ પર્ફોર્મન્સ કરવામાં આવશે. જેમાં ગણેશ વંદમ, વંદે માતરમ, સુજલામ સુફલામ, ટીમ ઈન્ડિયા, સુલ્તાન, સહિતના સોંગ્સ ઉપર જબરદસ્ત પર્ફોર્મન્સ કરવામાં આવશે.

સ્પેશ્યલ પર્ફોર્મન્સ તરીકે તૈયાર કરવામાં આવેલ ગીત ખેલ ખેલમે નું સ્પેશ્યલ સ્ક્રિનિંગ કરવામાં આવશે.

જેમાં ખેલાડીઓ દ્વારા જીમ્નાસ્ટીક ડાન્સ, ચેટીંગ, કલાસીકલ, વોલીવોલ, પુલાઓ ગર્લ્સ, રોપ ડાન્સ, સ્કેટીંગ, કથ્થક, મલખંભ, યોગાનું અદભૂત કોમ્બીનેશન પ્રેઝન્ટ કરશે.

રાજકોટ, જામનગર, જૂનાગઢ, મોરબી, ભાવનગર, બોટાદ, અમરેલી, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા,કચ્છ, સુરેન્દ્રનગર,પોરબંદર સહિતના તમામ જિલ્લાઓની જિલ્લાકક્ષાની રમતગમત શાળા (D.L.S.S.) ના વિદ્યાર્થીઓને એસ.ટી. નિગમ દ્વારા ટ્રાન્સપોર્ટ માટે ૧૩૦ થી વધુની બસોની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

જેમાં બસ કો-ઓર્ડીનેટર, બસ સહાયક, પોલીસ સ્ટાફ, બસ ડ્રાઈવરનો સ્ટાફ હાજર રહેશે તેમજ બસ દીઠ ૮ પાણીના જગ, અલ્પાહાર કીટ, મેડીકલ કીટ સહિતની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

પાર્કીંગ વેન્યુ પર હેલ્પ ડેસ્ક, પીવાના પાણી, ટોઈલેટ, પબ્લીક એનાઉન્સર વગેરેની વ્યવસ્થા, મેડીકલની સુવિધા, ફાયર સેફટીની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. કાર્યક્રમ પૂર્ણ થતા પરત થતા ખેલાડીઓને રાત્રિ ભોજન ફૂડ પેકેટની વ્યવસ્થા કરવામાં આવી છે.

૧૦૦ જેટલા રાજયકક્ષાના રમત મંડળોના પ્રતિનિધિઓ તથા ૩૦ જેટલા ડીસ્ટ્રીકટના રમત મંડળોના પ્રતિનિધિઓ ખેલ મહાકુંભના શુભારંભ સમારોહમાં હાજર રહેશે.

# નાનામવા ટીપી સ્કીમ ૨૦ને મળી લીલીઝંડી

## મિલકત ધારકો કે અન્ય કોઈને પ્રશ્ન અથવા તો ફરિયાદ હોય તો ૩૦ દિવસની અંદર નગર નિયોજકમાં વાંધાઅરજી કરી શકે છે

રાજકોટ, તા. ૩

રાજ્ય સરકાર દ્વારા રાજ્યની અનેકવિધ ટાઉન પ્લાનિંગ સ્કીમ હાલ પેન્ડિંગ પડેલી છે ત્યારે તજજ્ઞોનું માનવું છે કે આ ટાઉન પ્લાનિંગ સ્કીમોને જો ઝડપભેર અમલી બનાવવામાં આવે તો રાજ્યનો વિકાસ પુરપાટ થાય મળતી માહિતી મુજબ રાજકોટ ટાઉન પ્લાનિંગ ની ૨૦ નંબરની સ્કીમને હવે સરકારે મંજૂર કરી છે જેને લઈને આવે વિકાસનો નવો રસ્તો જોવા મળશે સાથોસાથ આજુબાજુના વિસ્તારોનો પણ પૂર્ણતઃ વિકાસ હવે શક્ય બનશે. એક નહીં અનેક ફરિયાદો અને પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે હવે ટાઉન પ્લાની વિભાગ દ્વારા જે ટીપી સ્કીમને મંજૂર કરવામાં આવી છે તેનાથી ઘણા ફાયદાઓ પણ થશે.

કોઈપણ શહેરનો વિકાસ ત્યારે જ શક્ય બને જ્યારે નગર રચના એટલે કે ટાઉન પ્લાનિંગ વ્યવસ્થા ઉભી કરવામાં આવે મળતી માહિતી મુજબ રાજકોટ મહાનગરપાલિકાએ બનાવેલી ડ્રાફ્ટ ટીપી સ્કીમ નંબર ૨૦ ને રાજ્ય સરકારે મંજૂર કરી દીધી છે એટલું જ નહીં હવે કોઈ જમીન માલિક અથવા તો મૂળ ખાતેદારો જેવા લગતા વળગતા લોકોને વાંધો હોય તો ૩૦ દિવસમાં જાણ કરવા જણાવવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ મહાનગરપાલિકાના નાના મોવા ચોકમાં આવેલી મલ્ટી એક્ટિવિટી સંકુલ ખાતે યોજનાની સંપૂર્ણ માહિતી મૂકવામાં આવી છે જેથી કોઈ પણ લાભાર્થી તે જોઈ શકશે. મહાનગરપાલિકાના સંપર્ક સૂત્રોના જણાવ્યા અનુસાર હવે કોઈને વાંધો હોય તો તેને રજૂ કરવા માટે પણ એક તક આપવામાં આવેલી છે ત્યારે શહેરનો વ્યાપ વધતાની સાથે નવા ભણતા વિસ્તારોમાં આવેલી ટાઉન પ્લાનિંગ સ્કીમના ડ્રાફ્ટને તૈયાર કરવાની કામગીરી મનપા દ્વારા શરૂ કરી દેવામાં આવી છે તેમજ વર્ષોથી બાકી રહી ગયેલી અનેક ટીપી સ્કીમના મુસદ્દાઓ પણ જાહેર કરવામાં આવ્યા છે.



ત્યારે ટેટી સ્કીમ નો વધુ એક શબ્દો જાહેર કરાયો છે જેમાં ટાઉન પ્લાનિંગ વિભાગમાંથી પ્રાપ્ત થયેલ વિગત મુજબ નગર રચના યોજના નંબર ૨૦ નાના મોવાની આખરી યોજના જાહેર કરવામાં આવેલી હોવાનું હાલ જાણવા મળ્યું છે. હેત સંબંધ ધરાવતી વ્યક્તિઓ તથા પ્રોપર્ટીના માલિકોએ અપીલમાં જવા માટેની તક આપવામાં આવેલી છે. નગર રચના યોજનાની સંપૂર્ણ માહિતી તથા નકશાઓ અને અન્ય વસ્તુઓ મળતી એક્ટિવિટી સેન્ટર ખાતે રાખવામાં આવેલી છે. મળતી માહિતી મુજબ પ્લોટ માટે લેવાયેલા નિર્ણયોના ઉતારા, નમુના નગર રચના યોજના ૨૦ માં આવતી દરેક મિલકતના માલિકોને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહી છે એટલું જ નહીં આ નિર્ણયથી અસંતોષ થયો હોય તેવી સંબંધી વ્યક્તિઓ નિર્ણયોના ઉતારાની નકલ મળીએથી એક માસની અંદર અપીલ પાત્ર નિર્ણયો સામે રાજ્યકક્ષાના બોર્ડ ઓફ અપીલના પ્રમુખ ને લેખિત અપીલ અરજી કરી શકશે.

નગર રચના યોજનાને શહેરી વિકાસ ને ધ્યાને લઈને હાલ તમામ પગલાંઓ રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવી રહ્યા છે ત્યારે ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર થતા ની સાથે જ હવે નગર રચના ની કામગીરીને ઘણી સરળતા રહેશે.

### એક તરફ લાખોની ચોરીના ડિટેક્શન બીજી તરફ ચોરટાઓના નવા પડકાર યથાવત

# માલિયાસણમાં મકાનમાં ચોર ત્રાટક્યાઃ મવડી રોડના મંદિરમાં ચોરી

## મકાનમાં ત્રાટકેલા ત્રણ શખ્સ સીસીટીવીમાં દેખાયાઃ મંદિરમાં ત્રાટકેલો શખ્સ રીઢો તસ્કર હતોઃ પોલીસના હાથમાં આવી જતાં પુછપરછ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૩**

રાજકોટઃ શહેરમાં એક તરફ ચોરીના બનાવોના ભેદ ઉકેલવામાં આવી રહ્યા છે તો બીજી તરફ ચોરે ઉપાડો લેવાનું ચાલુ રાખ્યું છે. શહેરના જામનગર રોડ પર માધાપર ચોકડી પાસે વ્હોરા પરિવારના ઘરમાં થયેલી લાખોની ચોરીમાં ભેદ ઉકેલી એલસીબી ઝોન-ટુની ટીમે તસ્કર અને તસ્કરણી એવા બંટી-બબલીને પકડ્યા છે. તો બીજી તરફ રાજકોટના માલીયાસણ ગામમાં એક સોસાયટીના બંધ મકાનમાં ત્રાટકી તસ્કરો રોકડ દાગીના ચોરી ગયા છે. આ તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. બીજી તરફ મવડી રોડ પર પોલીસ સ્ટેશન નજીક જ આવેલા મંદિરમાં એક ચોર ત્રાટકી દાનપેટી ચોરી ગયો છે. જો કે આ ચોર ઓળખાઇ ગયો છે અને તે રીઢો તસ્કર છે. પોલીસે તેને સાણસામાં લઇ તપાસ શરૂ કરી છે.

વિગતો પર નજર કરીએ તો કુવાડવા રોડ પર આવેલા માલીયાસણ ગામ સનરાઇઝ પાર્ક સોસાયટીમાં રહેતા યુવાનના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો રોકડ તથા દાગીના મળી પાંત્રીસ હજારની માલમતા ચોરી ગયા છે. આ ગામમાં સનરાઇઝ પાર્ક સોસાયટી શેરી નં. ૧ મકાન નં. ૫ માં રહેતા વીસ વર્ષના યુવાન ધાર્મિક જગશીભાઇ વાઘાણીએ કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં પોતે ફોર વ્હીલ ગાડીઓ ભાડે આપવાનો ધંધો કરે છે. પરમ દિવસે પોતાના સાળાનો જન્મદિવસ હોઇ, તેથી પત્ની સાથે ઘરને તાળુ મારી જામનગર ગયા હતા. ગઇકાલે બંને પરત આવ્યા બાદ ડેલીનું તાળુ ખોલી અંદરજતા ઘરના મેઇન દરવાજાનું તાળુ તુટેલું જોતા અંદર જતા રૂમમાં કબાટ ખોલીને તપાસ કરતા રૂા. ૨૦ હજાર રોકડા તથા સોનાના દાગીના જોવા ન મળતા કોઇ અજાણ્યા શખ્સો રોકડ તથા દાગીના મળી રૂા. ૩૫ હજારની માલમતા ચોરી ગયાની ખબર પડી હતી. તેણે વધુ તપાસ કરતા સીસીટીવી કેમેરામાં ત્રણ શખ્સો દેખાતા પોલીસને જાણ કરતા કુવાડવા રોડ પોલીસ મથકના



પીએસઆઇ એ.બી. ઝાલા તથા રાઇટર ગોપાલભાઇ સહિતે સ્થળ પર પહોંચી ફુટેજ ચેક કરી વિશેષ કાર્યવાહી શરૂ કરી હતી.

ચોરીના બીજા બનાવમાં મવડી મેઇન રોડ પર પોલીસ સ્ટેશનની સામેના ભાગે જ આવેલા શ્રી સિધ્ધી વિનાયક મંદિરમાં એક તસ્કર ત્રાટકી દાનપેટી તોડી રોકડ ચોરી ગયો હતો. પોલીસે આ તસ્કરને ઓળખી કાઢી સકંજામાં લીધો છે. તે અગાઉ પણ મંદિર ચોરી, લૂંટ જેવા ગુનાઓ આચરી ચુક્યો છે.

શહેરના મવડી રોડ પર માલવીયાનગર પોલીસ સ્ટેશન નજીક જ આવેલા શ્રી સિધ્ધી વિનાયક મંદિરમાં દાનપેટી તોડી ચોરી કરવામાં આવી હતી. આ બનાવમાં એક તસ્કર સીસીટીવી કેમેરામાં કેદ થઇ ગયો હોઇ તેણે બુકાની બાંધી હોઇ પરંતુ તેના હલનચલન અને બીજી વર્તુણકને પગલે માલવીયાનગર પોલીસની ટીમ તેને ઓળખી ગઇ હતી. આ શખ્સ બીજો કોઇ નહિ પણ રીઢો તસ્કર અને અગાઉ પણ મંદિરોમાં ચોરીઓ, લૂંટ કરી ચુકેલો તસ્કર જ હોવાનું ઓળખાઇ જતાં તેનુ પગેરૂ દબાવી શોધી કાઢ્યો હતો. આ બનાવ ૨૯/૧૨ના રાતે પોણા ત્રણેક વાગ્યે બન્યો હતો. જેમાં એક તસ્કર અંદર ઘુસ્યો હતો અને દાન પેટી તોડી બારેક હજારની રોકડ રકમ ચોરી ગયો હતો. આ મામલે મંદિરની દેખરેખ સંભાળતા મોટા મવા જયનાથ પાર્ક-૧માં રહેતાં બેતાલીસ વર્ષના દેવેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ ગોહિલએ માલવીયાનગર પોલીસને જાણ કરી હતી. પોલીસે તપાસ કરતાં બુકાનીબાંધીને આવેલા તસ્કરે મંદિર અંદરનો કેમેરો ડિસમીસ જેવા હથીયારથી બંધ કરી નાંખ્યો હતો. બાદમાં ચોરી કરી નીકળી ગયો હતો. તપાસ શરૂ કરવામાં આવતાં રોડ સાઇડના કેમેરામાં તસ્કર દેખાતા જ તેને ઓળખી લેવાયો હતો. માલવીયાનગર પોલીસે વિશેષ તપાસ યથાવત રાખી હતી. આમ તસ્કરોએ શહેરને રંજાડવાનું ચાલુ રાખ્યું હતું.

# મોટા મહિકામાં હત્યાના બનાવ પરથી ઊંચકાયો પરદો : મુખ્ય સુત્રદ્ધાર ઝડપાયો

## જેને મૃત જાહેર કરાયા હતા તે રાજકોટ મુળશંકરભાઇ ધાનજા (વ્યાસ) હયાત નીકળ્યા : કેટર્સના ધંધામાં નોકરી માટે સૌ પુછતા હોવાથી હસમુખે સંદીપ ગોસ્વામીને ગળેટુપો આપી પતાવી દઈ લાશ સળગાવી, પોતે મૃત પામ્યો હોવાથી સ્ટોરીનો થયો પર્દાફાશ

રાજકોટ મિરર, તા.૩

ગોંડલના મોટા મહિકા ગામે યુવાનની સળગેલી લાશના ભેદભરમના ઝાળા ઉલેચવાની પોલીસને સફળતા મળી છે. ગોંડલ તાલુકા પોલીસ ઉપરાંત એલસીબી અને એસઓજીની ટીમે ગુન્હો ઉકેલવા આદરેલી કવાયત દરમિયાન ખૂનના બનાવને અંજામ આપનાર મુખ્ય આરોપીને દબોચી લેવાયો છે. પોતે કેટર્સના ઓર્ડર અપાવતો હોવાની જાહેરાત બાદ લોકો અવારનવાર તેમને ફોન કરીને ધંધા વિષે પુછતાં હોવાથી જો તે મૃત જાહેર થાય તો માથાકૂટ મટે તેવા આશયથી યુવાનની હત્યા કર્યાની હસમુખ મૂળશંકર ધાનજાએ કબુલાત આપતા પોલીસે પણ રાહત અનુભવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ પોલીસ મહાનિરીક્ષક અશોક કુમાર યાદવ રાજકોટ વિભાગ નાઓ તથા રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક, હિમકરસિંહએ ગોંડલ તાલુકા પો.સ્ટે, વિસ્તારના મોટા મહીકા ગામે બનેલ હત્યાના ગુન્હાનો ભેદ ઉકેલી આરોપીઓને સત્વરે પકડી પાડવા સુચના આપતા નાયબ પોલીસ અધિક્ષક, કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ, ગોંડલ તાલુકા પો.સ્ટે. એડી નંબર-૫૨/૨૦૨૪, બી.એન.એસ.એસ. કલમ-૧૯૪ મુજબ તા-૨૯/૧૨/૨૦૨૪ ના કલાક- ૦૧/૧૫ વાગ્યે ગુન્હો નોંધાયો હતો.

બનાવ અંગે પ્રથમ હસમુખભાઈની લાશ હોવાનુ જાહેર થતા મૃતક હસમુખભાઇ મુળશંકરભાઇ ધાનજા (વ્યાસ) ઉ.વ ૪૭ રહે. હાલ રાજકોટ વાળા બાબતે તપાસ કરતા તેઓ હયાત હોવાનું જાણવા મળતા અને આ કામે જાહેરાત કરનારને વધુ પુછપરછ કરતા લાશ સળગી ગયેલ હોવાથી ઓળખી શકાય તેમ ન હોય પરંતુ બાજુમાં પોતાના ભાઈનું પાકીટ તથા મોબાઈલ પડેલ હોય જેમાં પોતાના ભાઈના આઈડીકાર્ડ તથા મોબાઈલ અને ચંપલ પરથી પોતાના ભાઈની લાશ હોવાનું જણાવેલ હોય તેમ જણાવતા તે અંગે વધુ તપાસ કરતા હસમુખભાઈ ધાનજા તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર તથા સંદીપભાઈ ગૌસ્વામી ત્રણેય શાપરથી મોટા મહીકા આવેલ હોય તેવી હકીકત મળી હતી.

દરમિયાન આ વ્યક્તિઓ બાબતે તપાસ કરતા કાયદાના સંઘર્ષમા આવેલ બાળ કિશોર મળી આવતા તેમની પુછપરછ કરતા હસમુખભાઈ મુળશંકરભાઈ ધાનજા, સંદીપભાઈ અમૃતગીરી ગૌસ્વામી તથા પોતે એમ ત્રણેય તા.૨૫/૧૨/૨૦૨૪ ના રોજ મોટા મહીકા ગામે ગયા હતા. ત્યા રાત્રીના પોતે તથા હસમુખભાઈ ધાનજા એમ બંને જણાએ મળીને હસમુખભાઈના અંગત કારણોસર સંદીપભાઈ ગૌસ્વામીને ગળા ટુપો આપી પેટ્રોલ છાટી સળગાવીને મોતને અંજામ આપ્યો હોવાની કબુલાત આપી હતી.

બીજીબાજુ મૃતકના વાલી વારસની તપાસ કરતા તેમની પત્ની ગાયત્રીબેન સંદીપગીરી અમૃતગીરી ગૌસ્વામી (રહે.રાજકોટ) ની ફરીયાદ લઈ ગોંડલ તાલુકા પોલીસમાં હત્યાનો ગુન્હો નોંધવામાં આવ્યો હતો.

હસમુખને ઝડપી લેવામાં પીઆઈ વી.વી. ઓડેદરા એલ.સી.બી. શાખા રાજકોટ ગ્રામ્ય તથા ટીમ ગોંડલ તાલુકા પો.ઈન્સ જે,પી.રાવ પો. સબ.ઈન્સ. બી.સી.મીયાત્રા એસ.ઓ.જી.શાખા તથા ટીમ ગોંડલ તાલુકા પો.સબ ઈન્સ. આર.જે. જાડેજા, આર.આર.સોલંકી, પો.હેડ કોન્સ. ધર્મેન્દ્રસિંહ જાડેજા, રમેશભાઈ વાવડીયા, રૂપકભાઈ બોહરા, જીતેન્દ્રસિંહ વાળા, પો.કોન્સ. મુકેશભાઇ મકવાણા, રવિરાજસિંહ વાળા, રણજીતભાઇ ધાધલ, હીંમતસિહ પાલ વિગેરે રોકાયા હતા.

### કકેટરર્સનો કોન્ટ્રાકટ મળ્યાની જાહેરાત બાદ ઉપાધી વધતા પોતાને મૃત જાહેર કરવા રચ્યો હત્યાનો કારસો

**પોલીસના જણાવ્યા મુજબ આ બનાવમાં મુખ્ય આરોપી હસમુખ મુળશંકરભાઈ ધાનજા ( રહે- ૩૦૨, વર્ધમાન એપાર્ટમેન્ટ, મનહરપુર-૧, જામનગર રોડ, રાજકોટ)વાળાએ અયોધ્યા ખાતે પોતાને કેટરર્સનો કોન્ટ્રાક્ટ મળેલ છે. તેવું કહી લોકોને આ કોન્ટ્રાક્ટમાં કામ અપાવવાની લાલચ આપતો હોય પરંતુ વાસ્તવમાં આવા કોઈ કોન્ટ્રાક્ટ પોતાને મળેલ હોય નહી જે લોકોને આરોપીએ રોજગારીની લાલચ આપેલ હોય તે બાબતે કોન્ટ્રક્ટમાં કામે જવા માટે વારંવાર પુછતા હોય જેથી કંટાળી જઇ પોતે મરણ જાહેર થાય તો કોઇ પોતાને આ બાબતે પુછે નહી તે હેતુથી આ ગુનાના મુખ્ય આરોપી હસમુખભાઈએ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરની મદદથી પોતાના વતન મોટા મહીકા ગામે જુના મકાનમાં સફાઈ કામ કરવાના બહાને મરણ જનાર સંદીપગીરી અમૃતગીરી ગૌસ્વામી (રહે. રાજકોટ) વાળાને તા.૨૫/૧૨/૨૦૨૪ ના રોજ મોટા મહીકા ગામ ખાતે લઈ જઈ ઘેનની ગોળીઓ પીવડાવી દઈ મરણ જનારે પહેરેલ જાકીટની દોરીથી ગળા ટુપો આપી બેભાન જેવી હાલત કરી આરોપી હસમુખભાઈ ધાનજા તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરે મળી ભોગ બનનાર ઉપર પેટ્રોલ છાટી સળગાવી દઇ આરોપી હસમુખભાઇએ પોતાનો મોબાઇલ, ચંપલ, પાકીટ તથા તેના આઇડી.કાર્ડ રાખી પોતે મરી ગયેલ છે તેવી ખોટી સ્ટોરી ઉભી કરવા બનાવને અંજામ આપેલ છે.**

### ઠંડી કી મૌસમ મેં ગરમીકા અહેસાસ:પ્યાસીઓની પ્યાસ વચ્ચે

# ગોંડલ તાલુકા પોલીસે ૯૦ લાખથી વધુનાં વિદેશી દારૂનો કર્યો નાશ




રાજકોટ મિરર, તા.૩: એલસીબી પોલીસ અને તાલુકા પોલીસે ૪ મહિના દરમ્યાન તાલુકાના અલગ અલગ ૧૧ જગ્યા એ રેડ પાડી હતી.જેમા જડપાયેલા વિદેશી દારુનાં જથ્થાનો ગોંડલ નાં વોરા કોટડા રોડ પર ખુલ્લી જગ્યામાં બુલડોઝર ફેરવી નાશ કર્યો હતો.
પોલીસ દ્વારા કુલ રૂ. ૯૦.૫૭ લાખ ની ૧૮,૬૭૫ વિદેશી દારૂની બોટલ પર બુલડોઝર ફરી વળ્યું હતું. બુલડોઝરના તોતિંગ વ્હીલ ફરી વળતા દારૂની છોડો ઉડી હતી અને પ્યાસીઓના જીવ તાળવે ચોટયા હતા. વોરા કોટડા રોડ પર પ્રાંત અધિકારી રાહુલ ગમારા, DYSP કે.જી. ઝાલા, PI જે.પી. રાવ, ર્જ્ઞઈ આર.આર. સોલંકી, PSI આર.જે. જાડેજા, નશાબંધી ના અધિકારી હાર્દિકસિંહ જે. જાડેજા તેમજ તાલુકા પોલીસ સ્ટાફની હાજરીમાં દારૂનો નાશ કરાયો હતો.(ફોટો : જીતેન્દ્ર આચાર્ય)

# સિદ્ધિ વિનાયક મંદિરમાંથી ૧૨ હજારની ચોરી કરનાર રીઢો તસ્કર પકડાયો

## ચોરીમાં ગયેલી તમામ રકમ સાથે મેહુલ ઉર્ફે ભુરી ઉર્ફે મામો ધનજી જેઠવાને ઝડપી માલવિયા નગર પોલીસ

રાજકોટ મિરર, તા.૩

ચારેક દિવસ પહેલા મવડી રોડ પર આવેલા સિદ્ધિ વિનાયક ગણેશ મંદિરની દાનપેટીમાંથી રોકડ રૂ. ૧૨ હજાર ચોરી જનાર રીઢા તસ્કર મેહુલ ઉર્ફે ભુરીને માલવિયા નગર પોલીસે ઝડપી લીધો હતો. પકડાયેલા ભૂરી સામે અગાઉ ચોરી સહિતના ૩૧ ગુન્હા નોંધાઈ ચુક્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ ૨૯મી ડિસેમ્બરે શહેરના મવડી રોડ શ્રી સીધ્ધી વિનાયક મંદિરની દિવાલ ટપી અંદર જાળી

તોડી મંદિરમા રાખવામા આવેલ દાન પેટી ડીસમીસથી ખોલી તેમા રહેલ દાનના રોકડા રૂપીયા ૧૨,૦૦૦/- ની ચોરી થયેલ હોય જે અન્વયે જે માલવીયાનગર પોલીસમાં બી.એન.એસ. કલમ-૩૦૫(૧),૩૩૧(૪) મુજબ ગુન્હો જાહેર થયેલ હતો. બનાવ અંગે રાજકોટ શહેર પોલીસ કમીશ્નર બ્રજેશ કુમાર ઝા તથા અધિક પોલીસ કમીશ્નર મહેન્દ્ર બગરીયા તથા નાયબ પોલીસ કમીશ્નર ઝોન-૨ શ્રી જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમીશ્નર બી.જે.ચૌધરી દક્ષીણ વિભાગનાઓએ ગુન્હાના કામે અજાણ્યા બંને ઇસમોને ત્વરીત પકડો પાડી ગુન્હો ડીટેકટ કરવા સુચના આપી હતી.

દરમિયાન પીઆઈ જે.આર.દેસાઇના માર્ગદર્શન હેઠળ માલવીયાનગર પો.સ્ટે.ની સર્વેલન્સની અલગ અલગ ટીમો બનાવવામા આવેલ જેમા સી.સી.ટી.વી. ચેક કરવા તેમજ જાણીતા ગુન્હેગારોને ચેક કરવા તેમજ ટેકનીકલ રાહે માહિતી મેળવવા અંગેની કામગીરી સોંપવામા આવેલ હતી આ ગુન્હાના આરોપીને શોધી કાઢવા સારૂ તા.૦૩/૦૧/૨૦૨૫ ના રોજ સર્વેલન્સ ટીમના પીએસઆઈ ડી.એસ.ગજેરા સર્વેલન્સ ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા.

સ્વામી નારાયણ ચોક ખાતે પહોંચતા સાથે



પો.હેડ કોન્સ. જયદેવસિંહ પરમાર, પો.કોન્સ. મનીષભાઇ સોઢીયા, ચિત્રકેતુસિંહ ઝાલાને બાતમી મળી હતી કે ચારેક દિવસ પહેલા શ્રી સિધ્ધિ વિનાયક ગણેશ મંદિર માં ચોરી કરનાર ઇસમ જેણે શરીરે પીળા કલરનુ જેકેટ તથા ગ્રે કલરનુ જીન્સનુ પેન્ટ પહેરેલ છે હાલ તે ગોંડલ રોડ સ્વામીનારાયણ ગુરૂકુળ સામે આવેલ રેલ્વેના પાટાની બાજુમા બેઠો છે.

બાતમીના આધારે રાજકોટ ગોંડલ રોડ સ્વામી નારાયણ ગુરૂકુળ સામે ઓવર બ્રીજ નીચે રેલ્વેનાપાટાની બાજુમાંથી બેઠેલા શંકાસ્પદ મેહુલ ઉર્ફે ભુરી ઉર્ફે મામો ધનજીભાઇ જેઠવા (ઉ.વ. ૨૭ રહે. કૈલાશનગર શેરી નં.૦૨ ચામુંડા વનવાસ મકાન નવલનગર શેરી નં.૦૯ ના છેડે મવડી રોડ રાજકોટ) મંદિરની દાન પેટીમાંથી ચોરી કરેલ તમામ મુદામાલના રૂપીયા રીકવર કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

આ કામગીરી કરનાર અધી./કર્મચારીઓ:- પો. ઈન્સ. જે.આર.દેસાઇ, પો.સબ.ઈન્સ. ડી.એસ. ગજેરા, એ.એસ.આઇ. હિરેનભાઇ પરમાર, પો.હેડ. કોન્સ. અજયભાઈ વિકમા, દિનેશભાઇ બગડા, જયદેવસિંહ પરમાર, હિતેષભાઇ અગ્રાવત, પો. કોન્સ. મનીષભાઇ સોઢીયા, ચિત્રકેતુસિહ ઝાલા,ભાવેશભાઇ ગઢવી, મયુરદાન બાટી, જયદિપસિંહ ભટ્ટી, માલવીયાનગર રોકાયા હતા.

## ગોંડલમાં કોળી સમાજનું સ્નેહમિલન યોજાયુ



રાજકોટ મિરર, ગોંડલ તા.૩

ગોંડલ ખાતે સમસ્ત ગુજરાત કોળી સમાજનું સ્નેહમિલન યોજાયુ હતું.જેમાં સૌરાષ્ટ્રભર માં થી કોળી સમાજ નાં લોકો ઉમટી પડ્યા હતા.ઉપસ્થિત આગેવાનોએ યુવાનોની નૈતૃત્વ ટીમને આવકારી હતી.

સ્નેહમિલન માં ઉપસ્થિત ધારાસભ્યનાં પ્રતિનિધિ તથા યુવા અગ્રણી જ્યોતિરાદિત્યસિંહ જાડેજાએ જણાવ્યુ કે આ સમાજ હાલ નાં સમય સાથે કદમ મિલાવી ચાલી રહ્યો છે. યુવાનો આગળ આવી નૈતૃત્વ સંભાળી રહ્યાછે.એ સરાહનીય વાત છે.આવુ કરવામાં ઘણા સ્પિડ બ્રેકર આવ્યા હશે.પરંતુ એક ધ્યેય સાથે સમાજ માટે નીકળી પડીયે ત્યારે સફળતા જરૂર પ્રાપ્ત થાયછે. અખિલ ભારતીય કોળી સમાજ ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પ્રવિણભાઈ કોળીએ કોળી સમાજ નાં સ્નેહમિલન નુ આયોજન કરનાર વિજયભાઈ જાદવ તથા દિપકભાઈ ગોવાણીની ટીમને બિરદાવી હતી.અને કહ્યુ કે જ્યારે યુવાનોએ નૈતૃત્વ ની બાગડોર સંભાળીછે ત્યારે સમાજ ને ચોક્કસ નવી દિશા પ્રાપ્ત થશે.વ્યસન મુક્તિ તથા સમાજ નાં અનેક પ્રશ્નો હલ થશે.તેમણે સંગઠનને મજબુત કરવા હાકલ કરી હતી. સ્નેહમિલન માં ગોંડલ, જશદણ,વિછીયા,જેતપુર,વિરપુર સહિત સૌરાષ્ટ્રભર માંથી લોકો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ નાં આયોજક વિજયભાઈ જાદવ તથા દિપકભાઈ ગોવાણી તથા ટીમ દ્વારા કાર્યક્રમ ને સફળ બનાવવા જહેમત ઉઠાવાઇ હતી.

# માર્વેલસ બેકરીની કુકીઝમાં મરેલી જીવાત

## મનપાના આરોગ્ય વિભાગની ક્યાંકને ક્યાંક ઢીલી નીતિ : ૨૮ સ્થળો પર કરાઈ ચકાસણી

### જ્યારે વિભાગ દ્વારા ત્વરિત સજા અને દંડ ફટકારવામાં આવશે ત્યારબાદ જ ક્યાંક ને ક્યાંક આરોગ્ય વિભાગની કામગીરીમાં બદલાવ આવે તેવું તજજ્ઞનું માનવું

રાજકોટ, તા. ૩

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા હાલ જે રીતે કામગીરી કરવામાં આવી રહી છે તેને ધ્યાને લઇ એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે માત્ર દેખાવ કરવા માટે જ ક્યાંક ને ક્યાંક કામગીરી હાથ ધરવામાં આવતી હોય કારણ કે મહત્વનું એ છે કે આજ દિન સુધી તેવા કોઈ નક્કર પગલા લેવામાં આવ્યા નથી જેનાથી એ વાત સ્પષ્ટ થઈ શકે અને વ્યાપારીઓ અથવા તો ફૂડ વિક્રેતાઓ ગંભીરતાપૂર્વક તેની અમલવારી કરે. રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમની જો વાત કરવામાં આવે તો દરરોજ સરવેલેન્સ ચેકિંગ કરવામાં આવતું હોય છે ત્યારે ગઈકાલે માર્વલેસ બેકરી સહિત ૨૮ સ્થળો પર ચકાસણી કરવામાં આવી હતી જેમાંથી પેકેટ ફૂડમાં મળેલી માખી હોવાનું માલુમ પડ્યું હતું જે બાદ તે નમૂનાને લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલવામાં આવ્યો. બીજી તરફ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા હાલ જે પગલાં લેવામાં આવી રહ્યા છે તેને જોતા એ વાત સ્પષ્ટ છે કે જે ડર આરોગ્ય વિભાગનો ખરા અર્થમાં વેપારીઓમાં હોવો જોઈએ તે જોવા મળતો નથી.

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ''માર્વેલ્સ બેકરી'', ૨ રઘુવીર પાર્ક, પાટીદાર ચોક, સાધુવાસવાણી રોડ, રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ ''માર્વેલસ ડ્રાયફ્રૂટ કુકીઝ (૨૦૦ ગ્રામ પેક્ડ)'' નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં '**"Presence Of Dead Insect (Fly)""** હોવાથી નમૂનો ''અનસેફ ફૂડ'' (ફેઇલ) જાહેર થયેલ છે. જે અંગે પ્રોસિક્યુકેશન કાર્યવાહી કરવામાં આવશે.

ફૂડ વિભાગ દ્વારા ''વિશાલ ચાઇનીઝ પંજાબી'', મિલન કોમ્પ્લેક્ષ, શોપ નં. ૩-૫, ૧- ભારતીનગર કોર્નર, ૮૦' લાખનો બંગલા રોડ, રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ ''પનીર (લુઝ)'' નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં ધારા ધોરણ કરતાં ઓછી હોવાથી તેમજ ''ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ) અને તીલ ઓઇલ'' ની હાજરી મળી આવતા નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' (ફેઇલ) જાહેર થયેલ છે.

જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.ફૂડ વિભાગની ટીમ તથા **FSW** વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન જે. કે. ચોક થી શહિદ ભગતસિંહ ગાર્ડન -યુનિ. રોડ તથા બાપુનગર થી સોરઠિયાવાડી સર્કલ -૮૦ ફટ રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૮ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૦ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપી અવેરનેસ ડ્રાઇવ કરવામાં આવેલ. તેમજ ખાધ્યચીજોના કુલ ૨૮ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.આરોગ્ય વિભાગ ને જ્યારે આ અંગે પૂછવામાં આવે તો તેમનું સ્પષ્ટ વલણ છે કે તેમની પાસે કોઈ જ એવી સત્તા નથી જેનાથી વ્યાપારીઓમાં ડર બેસી શકે માત્ર કોર્પોરેશન લાઇસન્સ મેળવવા બાબતે જ સૂચના આપી શકે છે જેને ધ્યાને લઈ ગઈકાલે કુલ ૧૦ વિક્રેતાઓને લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવી હતી. જ્યારે કુલ ૧૬ જગ્યા પર ચકાસણી કરવામાં આવી જેમાં શ્રી ખોડલ ઢોસા, ચામુંડા ફરસાણ, બહુચરાજી ફરસાણ, રસરાજ પાણીપુરી, રાધે ફાસ્ટ ફૂડ, પ્રજાપતિ ફરાળી ભેળ, બાલાજી દાળ પકવાન, નકળંગ ટી સ્ટોલ, જોકર ગાંઠિયા, નકળંગ ફૂડ ઝોન, જલિયાણ ખમણ, ઓમ ઢોસા, શિવે મદ્રાસ કાફે, મહાદેવ પૂરી શાક, દેસાઈ ભજીયા, દેસાઈ ફરસાણ, રઘુવીર સમોસા, અનામ સેન્ડવીચ અને દાબેલી પર તપાસ હાથ ધરવામાં આવી હતી.

